# ગુણસ્થાન- પ્રવેશિકા

## પ્રથમ અધ્યાય

### સમ્યગ્જ્ઞાન ચંદ્રિકા - પીઠિકા.

(દોહા)

વંદો જ્ઞાનાનન્દ કર, નેમિચન્દ ગુણકંદ,
માધવ-વન્દિત વિમલ પદ, પુણ્ય પયોનિધિ નંદ ॥૧॥
દોષ દહન ગુન ગહન ઘન, અરિ કરિ હરિ અરહંત,
સ્વાનુભૂતિ-રમની-રમન, જગનાયક જયવંત ॥૨॥
સિધ્ધ શુધ્ધ સાધિત સહજ, સ્વરસ સુધારસ ધાર,
સમયસાર શિવ સર્વગત, નમત હોઉં સુખકાર ॥૩॥
જૈની બાની વિવિધ વિધિ, વરનત વિશ્વ પ્રમાન,
સ્યાત્પદ મુદ્રિત અહિતહર, કરહુ સકલ કલ્યાન ॥૪॥
મૈં નમો નગન જૈન જન, જ્ઞાન-ધ્યાન ધન લીન,
મૈન માન બિન દાન ધન, એન હીન તન છીન ॥૫॥
ઇહ વિધિ મંગલ કરન તૈ, સબ વિધિ મંગલ હોત,
હોત ઉદંગલ દૂરિ સબ, તમ જ્યોં ભાનુ ઉદ્યોત ॥૬॥

હવે મંગલાચરણ કરીને શ્રીમદ્ ગોમ્મટસાર, જેનું બીજું નામ પંચસંગ્રહ ગ્રંથ, તેની દેશભાષામય ટીકા કરવાનો પુરૂષાર્થ કરૂં છું. આ ગ્રંથ-સમુદ્ર તો એવો છે, જેમાં સાતિશય બુધ્ધિ-બળ યુક્ત જીવોનો પણ પ્રવેશ થવો દુર્લભ છે અને હું મંદબુધ્ધિ (આ ગ્રંથનો) અર્થ પ્રકાશવારૂપ તેની ટીકા કરવાનો વિચાર કરી રહ્યો છું.

આ વિચાર તો એવો થયો, જેમ કોઈ પોતાના મુખે જિનેન્દ્ર દેવના સર્વ ગુણોનું વર્ણન કરવા ઈચ્છે, પરંતુ તે કેમ થઈ શકે?

પ્રશ્ન ૧ :- ન થઈ શકે તો પુરૂષાર્થ કેમ કરો છો ?

ઉત્તર :- જેમ જિનેન્દ્રદેવના સર્વ ગુણોનું વર્ણન કરવાની શક્તિ નથી છતાં પણ ભક્ત પુરૂષ ભક્તિને વશ થઈ પોતાની બુધ્ધિ પ્રમાણે ગુણોનું વર્ણન કરે છે, તેવી જ રીતે આ ગ્રંથનાં સંપૂર્ણ

અર્થનું પ્રકાશન કરવાની શક્તિ ન હોવા છતાં અનુરાગને વશ હું મારી બુધ્ધિ અનુસાર (ગુણ) અર્થનું પ્રકાશન કરીશ.

પ્રશ્ન ૨ :- જો અનુરાગ છે, તો પોતાની બુધ્ધિ અનુસાર ગ્રંથાભ્યાસ કરો; પરંતુ મંદબુધ્ધિવાળાઓને તો ટીકા કરવાના અધિકારી થવું ઉચિત નથી.

ઉત્તર :- જેમ કોઈ પાઠશાળામાં બહુ બાળકો ભણે છે, તેમાં કોઈ બાળક વિશેષ જ્ઞાન રહિત છે, છતાં અન્ય બાળકોથી વધારે ભણ્યો છે, તો તે પોતાથી અલ્પ ભણેલા બાળકોને પોતાના જેવું જ્ઞાન થવા માટે કાંઈ લખી આપવા આદિ કાર્યનો અધિકારી હોય છે. તે જ પ્રમાણે મને વિશેષ જ્ઞાન નથી, છતાં પણ કાળદોષથી મારાથી પણ મંદબુધ્ધિવાળા છે અને થશે પણ, તેઓને માટે મારા જેવું આ ગ્રંથનું જ્ઞાન થવા માટે ટીકા કરવાનો અધિકારી થયો છું.

પ્રશ્ન ૩ :- આ કાર્ય કરવું છે - એવો તો આપે વિચાર કર્યો, પરંતુ જેમ નાનો માણસ મોટું કાર્ય કરવાનો વિચાર કરે, તો ત્યાં તે કાર્યમાં ભૂલો તો થાય જ છે અને ત્યાં તે હાંસીને પાત્ર બને છે. તે જ પ્રમાણે આપ પણ મંદબુધ્ધિવાળા થઈને આ ગ્રંથની ટીકા કરવાનો વિચાર કરી રહ્યા છો, તો ભૂલ તો થશે જ અને ત્યાં હાસ્યને પાત્ર થઈ જશો.

ઉત્તર :- આ વાત સત્ય છે કે હું મંદબુધ્ધિ હોવા છતાં પણ આવા મહાન ગ્રંથની ટીકા કરવાનો વિચાર કરી રહ્યો છું. અહીં ભૂલ તો થઈ શકે છે, પરંતુ સજ્જન હાસ્ય નહીં કરે.

જેમ બીજા બાળકોથી વધારે ભણેલો બાળક ક્યાંક ભૂલ કરે, ત્યારે મોટેરા એવો વિચાર કરે છે કે બાળક છે તો ભૂલ તો થાય, પરંતુ બીજા બાળકોથી ભલો છે. આ પ્રમાણે વિચારી હસશે નહીં.

તે પ્રમાણે હું અહીં કાંઈ ભૂલી જાઉં તો ત્યાં સજ્જન પુરૂષ એવો વિચાર કરશે કે તે મંદબુધ્ધિ હતો, તેથી ભૂલ તો થાય; પરંતુ કેટલાય અતિ મંદબુધ્ધિવાળાથી તો ભલો (સારો) જ છે, આવો વિચાર કરી હાસ્ય નહીં કરે.

પ્રશ્ન ૪ :- સજ્જન તો હાસ્ય નહીં કરે, પરંતુ દુર્જન તો કરશે જ ને ?

ઉત્તર :- દુષ્ટ તો એવા જ હોય છે, જેના હૃદયમાં બીજાનાં નિર્દોષ સારા ગુણ પણ વિપરીત જ ભાસે છે, પરંતુ તેના ભયથી જેમાં આપણું હિત થાય - એવા કાર્યને કોણ ન કરે ?

પ્રશ્ન ૫ :- પૂર્વ ગ્રંથ તો છે જ, તેનો અભ્યાસ કરી - કરાવીને જ હિત થાય છે, મંદબુધ્ધિથી ગ્રંથની ટીકા કરવાની મહંતતા (મોટાઈ / પંડિતાઈ) શા માટે પ્રગટ કરો છો ?

ઉત્તર :- ગ્રંથનો અભ્યાસ કરવાથી ગ્રંથની ટીકા રચના કરવામાં ઉપયોગ વિશેષ લાગે છે, અર્થ પણ વિશેષ સમજમાં આવે છે. અન્ય જીવોને ગ્રંથાભ્યાસ કરાવવાનો સંયોગ થવો દુર્લભ છે અને સંયોગ થવા છતાં કોઈક જીવને જ અભ્યાસ થાય છે. ગ્રંથની ટીકા રચવાથી તો પરંપરાગત અનેક જીવોને અર્થનું જ્ઞાન થશે. માટે પોતાનું તથા અન્ય જીવોનાં વિશેષ હિત માટે ટીકા કરૂં છું, મહંતતાનું તો કોઈ પ્રયોજન જ નથી.

પ્રશ્ન ૬ :- આ સત્ય છે કે આ કાર્યમાં વિશેષ હિત થાય છે, પરંતુ બુધ્ધિની મંદતાથી ક્યાંક ભૂલથી અન્યથા અર્થ લખાઈ જાય, તો ત્યાં મહાપાપની ઉત્પત્તિથી પણ અહિત થશે ને?

ઉત્તર :- યથાર્થ સર્વ પદાર્થના જ્ઞાતા તો કેવળી ભગવાન છે, બીજાને જ્ઞાનાવરણના ક્ષયોપશમ અનુસાર જ્ઞાન છે, તેઓને કોઈ અર્થો અન્યથા પણ લાગે, પરંતુ જિનેન્દ્ર દેવનો એવો ઉપદેશ છે –

"કુદેવ, કુગુરૂ, કુશાસ્ત્રોના વચનની પ્રતીતિથી તથા હઠથી તથા ક્રોધ, માન, માયા, લોભથી તથા હાસ્ય-ભયાદિકથી જો અન્યથા શ્રધ્ધા કરે તથા ઉપદેશ આપે, તો તે મહાપાપી છે." તથા વિશેષ જ્ઞાનવાન ગુરૂના નિમિત્ત વગર તથા પોતાના વિશેષ ક્ષયોપશમ વિના કોઈ સૂક્ષ્મ અર્થ અન્યથા પ્રતિભાસિત થાય અને તે એવું જાણે કે જિનેન્દ્રદેવનો ઉપદેશ આવો જ છે - એમ જાણી કોઈ સૂક્ષ્મ અર્થની શ્રધ્ધા કરે અને ઉપદેશ આપે તો તેને મહાપાપ નથી થતું. તે જ આ ગોમ્મટસાર જીવકાંડ ગ્રંથમાં પણ આચાર્યશ્રી નેમિચંદ્રજી એ કહ્યું છે –

समाइट्ठी जीवो, उवइट्ठं पवयणं तु सद्दहदि ।
सद्दहदि असब्भावं, अजाणमाणो गुरुणियोगा ।।

પ્રશ્ન ૭ :- આપે વિશેષ જ્ઞાનીથી ગ્રંથના યથાર્થ સર્વ અર્થનો નિર્ણય કરી ટીકા કરવાનો પ્રારંભ કેમ ન કર્યો?

ઉત્તર :- કાળદોષથી કેવળી-શ્રુતકેવળીનો તો અત્રે અભાવ જ છે અને વિશેષ જ્ઞાની પણ ક્વલ્લે જ મળે છે. જે કોઈ છે તેઓ દૂર ક્ષેત્રમાં છે, તેમનો સંયોગ દુર્લભ છે અને આયુ, બુધ્ધિ, બળ, પરાક્રમ આદિ તુચ્છ રહી ગયા છે. માટે જેટલું થઈ શક્યું, તેટલા અર્થનો નિર્ણય કર્યો, બાકી શેષ જેમ છે, તેમ પ્રમાણ છે.

પ્રશ્ન ૮ :- આપે કહ્યું તે સત્ય છે, પરંતુ આ ગ્રંથમાં જો ભૂલ થશે તો તેને શુધ્ધ કરવાનો શું કોઈ ઉપાય પણ છે?

ઉત્તર :- એક ઉપાય આ કરીએ છીએ - જ્ઞાની પુરૂષોનો પ્રત્યક્ષ તો સંયોગ નથી, માટે તેઓને પરોક્ષ જ એવી વિનંતી કરું છું કે - "હું મંદબુધ્ધિ છું, વિશેષ જ્ઞાન રહિત છું, અવિવેકી છું, શબ્દ, ન્યાય, ગણિત, ધાર્મિક આદિ ગ્રંથોનો વિશેષ અભ્યાસ મને નથી, તેથી હું શક્તિહીન છું, છતાં પણ ધર્માનુરાગને વશ થઈને ટીકા કરવાનો વિચાર કર્યો છે, તેમાં જ્યાં જ્યાં ભૂલ થઈ જાય, અન્યથા અર્થ થઈ જાય, - ત્યાં મારા ઉપર ક્ષમા કરી તે અન્યથા અર્થને દૂર કરી યથાર્થ અર્થ લખશો. આ પ્રકારે વિનંતી કરીને, જે ભૂલ થશે, તેને શુધ્ધ કરવાનો ઉપાય કર્યો છે.

પ્રશ્ન ૯ :- આપે ટીકા કરવાનો વિચાર કર્યો, તે તો સારું કર્યું, પરંતુ આવા મહાન ગ્રંથની ટીકા સંસ્કૃતમાં જ જોઈએ. ભાષામાં તો તેની ગંભીરતા ભાસિત નહીં થાય.

ઉત્તર :- આ ગ્રંથની "જીવતત્વપ્રદીપિકા" નામની સંસ્કૃત ટીકા તો પૂર્વ થયેલ જ છે, પરંતુ ત્યાં સંસ્કૃત, ગણિત આમ્નાય આદિના જ્ઞાન રહિત જે મંદબુધ્ધિ છે, તેમનો પ્રવેશ થતો નથી. અહીં કાળ-દોષથી બુધ્ધિ આદિ તુચ્છ હોવાથી સંસ્કૃતાદિના જ્ઞાન રહિત જીવ ઘણા છે, તેઓને આ ગ્રંથના અર્થનું જ્ઞાન કરવા માટે ભાષા ટીકા કરૂં છું. તેથી જે જીવ સંસ્કૃતાદિ સહિત વિશેષ જ્ઞાનવાન છે, તેઓ મૂળ ગ્રંથ તથા સંસ્કૃત ટીકાથી અર્થ ધારણ કરે. જે જીવ સંસ્કૃતાદિ વિશેષ જ્ઞાનરહિત છે, તેઓ આ ભાષા ટીકાથી અર્થને ધારણ કરે અને જે જીવ સંસ્કૃતાદિ જ્ઞાન સહિત છે, પરંતુ ગણિત આમ્નાયાદિકના જ્ઞાનના અભાવથી મૂળ ગ્રંથ તથા સંસ્કૃત ટીકામાં પ્રવેશ નથી મેળવી શકતા, તેઓ આ ભાષા ટીકાથી અર્થને ધારણ કરીને મૂળ ગ્રંથ તથા સંસ્કૃત ટીકામાં પ્રવેશ કરે તથા જે ભાષા ટીકાથી મૂળ ગ્રંથ તથા સંસ્કૃત ટીકાથી વિશેષ અર્થ થઈ શકે, તેને જાણવાનો અન્ય ઉપાય થાય તે કરે.

પ્રશ્ન ૧૦ :- સંસ્કૃત જાણવાવાળાને ભાષા અભ્યાસમાં અધિકાર નથી.

ઉત્તર :- સંસ્કૃત જાણવાવાળાને ભાષા વાંચવાથી તો કોઈ દોષ લાગતો નથી, આપણું પ્રયોજન જેમ સિધ્ધ થાય એમ જ કરવું. પૂર્વમાં અર્ધમાગધી આદિ ભાષામય મહાગ્રંથ હતાં. જ્યારે જીવોની બુધ્ધિની મંદતા થઈ ત્યારે સંસ્કૃતાદિ ભાષામાં ગ્રંથ બન્યા. હવે જીવોની બુધ્ધિની વિશેષ મંદતા થઈ, તેથી દેશભાષામય ગ્રંથ રચવાનો વિચાર આવ્યો. સંસ્કૃતાદિ ગ્રંથનો અર્થ પણ ભાષા દ્વારા જ જીવોને સમજાવીએ. અહીં ભાષા દ્વારા જ અર્થ લખવામાં આવે તો કોઈ દોષ નથી.

આ પ્રમાણે વિચાર કરી શ્રીમદ્ ગોમ્મટસાર બીજું નામ પંચસંગ્રહ ગ્રંથની જીવતત્વપ્રદીપિકા નામની સંસ્કૃત ટીકા અનુસાર "સમ્યજ્ઞાન ચંદ્રિકા" નામની આ દેશભાષામયી ટીકા કરવાનો નિશ્ચય કર્યો છે. શ્રી અરહંતદેવ, જિનવાણી, નિર્ગ્રંથ ગુરૂવર્યોના પ્રસાદથી તથા મૂળગ્રંથકર્તા શ્રી નેમિચંદ્ર આદિ આચાર્યોના પ્રસાદ થકી આ કાર્ય સિધ્ધ થાઓ.

હવે આ શાસ્ત્રના અભ્યાસમાં જીવોને સન્મુખ કરીએ છીએ. હે ભવ્ય જીવ! તું તારૂં હિત ઈચ્છતો હોય તો તને જે પ્રકારે હિત થાય તે પ્રકારે જ આ શાસ્ત્રનો અભ્યાસ કરજે.

આત્માનું હિત મોક્ષ છે. મોક્ષ સિવાય અન્ય જે છે, તે પરસંયોગજનિત છે, વિનાશક છે, દુ:ખમય છે અને મોક્ષ જ નિજસ્વભાવ છે, અવિનાશી છે, અનંત સુખમય છે. માટે તારે મોક્ષપદની પ્રાપ્તિનો ઉપાય કરવો જોઈએ.

મોક્ષનો ઉપાય સમ્યક્ફદર્શન, સમ્યજ્ઞાન, સમ્યક્ફચારિત્ર છે. તેની પ્રાપ્તિ જીવાદિકનું સ્વરૂપ જાણવાથી જ થાય છે. તેને કહું છું –

જીવાદિ તત્વોનું શ્રધ્ધાન સમ્યક્દર્શન છે. જાણ્યા વગર શ્રધ્ધાન્ થવું આકાશના ફૂલ સમાન છે. પ્રથમ જાણે, ત્યાર પછી તેમ જ પ્રતીતિ કરવાથી શ્રધ્ધાનને પ્રાપ્ત થાય છે. માટે જીવાદિનું જાણવું, શ્રધ્ધાન થવાથી પૂર્વે જ થાય છે. તે જ તેના શ્રધ્ધાનરૂપ સમ્યક્દર્શનના કારણરૂપ જાણવું.

શ્રધ્ધાન થવાથી જે જીવાદિકનું જાણવું થાય છે, તેનું નામ સમ્યકજ્ઞાન છે.

શ્રધ્ધાનપૂર્વક જીવાદિને જાણતાં જ જીવ સ્વયમેવ ઉદાસીન થઈ હેયનો ત્યાગ, ઉપાદેયને ગ્રહણ કરે છે, ત્યારે સમ્યક્ચારિત્ર થાય છે. અજ્ઞાનપૂર્વક ક્રિયાકાંડથી સમ્યક્ચારિત્ર થતું નથી. [આ પ્રકારે જીવાદિકને જાણવાથી જ સમ્યક્દર્શન આદિ મોક્ષના ઉપાયની પ્રાપ્તિ થાય છે - એવો નિશ્ચય કરવો જોઈએ. આ શાસ્ત્રના અભ્યાસથી જીવાદિનું જાણવું યથાર્થ થાય છે. જે સંસાર છે, તે જીવ અને કર્મના સંબંધરૂપ છે તથા વિશેષ જાણવાથી તેના સંબંધનો અભાવ થાય છે, તે જ મોક્ષ છે. માટે આ શાસ્ત્રમાં જીવ અને કર્મનું જ વિશેષ નિરૂપણ છે. અથવા જીવાદિક છ દ્રવ્ય, સાત તત્વાદિકનું પણ આમાં યથાર્થ નિરૂપણ છે, તેથી આ શાસ્ત્રનો અભ્યાસ અવશ્ય કરશો. - હવે અહીં અનેક જીવ આ શાસ્ત્રના અભ્યાસમાં અરૂચિ હોવાને લીધે વિપરીત વિચાર પ્રગટ કરે છે. તેમને સમજાવીએ છીએ:- અનેક જીવ માત્ર પ્રથમાનુયોગ, ચરણાનુયોગ, દ્રવ્યાનુયોગનો જ પક્ષ કરી આ કરણાનુયોગરૂપ શાસ્ત્રના અભ્યાસનો નિષેધ કરે છે.

પ્રશ્ન ૧૧:- તેમાંથી પ્રથમાનુયોગનો પક્ષપાતી કહે છે કે વર્તમાનમાં જીવોની બુધ્ધિ બહુ જ મંદ છે, તેઓને આવા સૂક્ષ્મ વ્યાખ્યાનરૂપ શાસ્ત્રમાં કાંઈ જ સમજમાં આવતું નથી, માટે તીર્થંકરાદિકની કથાનો ઉપદેશ અપાય તો સારી રીતે સમજી લે અને સમજીને પાપથી ડરીને ધર્માનુરાગી થાય. માટે પ્રથમાનુયોગનો ઉપદેશ કાર્યકારી છે.

ઉત્તર :- હમણાં બધા જીવો તો એક સરખા છે નહીં, હીનાધિક બુધ્ધિ દેખાય છે, તેથી જેવો જીવ હોય, તેવો ઉપદેશ દેવો. અથવા મંદબુધ્ધિ જીવ પણ શીખવાડવાથી, અભ્યાસ કરવાથી બુદ્ધિમાન થતાં જોવામાં આવે છે. માટે જે બુદ્ધિમાન છે, તેઓને તો આ ગ્રંથ કાર્યકારી છે જ અને જે મંદબુધ્ધિ છે, તે વિશેષબુધ્ધિવાળાઓ દ્વારા સામાન્ય – વિશેષરૂપ ગુણસ્થાનાદિકનું સ્વરૂપ શીખીને આ શાસ્ત્રના અભ્યાસમાં પ્રવર્તન કરે.

પ્રશ્ન ૧૨ - અહીં મંદબુધ્ધિવાળા કહે છે કે આ ગોમ્મટસાર શાસ્ત્ર તો ગણિત સમસ્યાનું વર્ણન કરવાવાળું અનેક અપૂર્વ કથન સહિત હોવાથી બહુ જ કઠિન છે, એવું સાંભળવામાં આવેલ છે. અમે તેમાં કેવી રીતે પ્રવેશ કરી શકીએ ?

ઉત્તર :- ડરો નહીં ! આ ભાષા ટીકામાં ગણિત આદિનો અર્થ સુગમરૂપ બનાવીને કહ્યો છે, તેથી પ્રવેશ મેળવવો કઠિન નથી. આ શાસ્ત્રમાં કથન ક્યાંક તો સામાન્ય છે, કયાંક વિશેષ છે, ક્યાંક સુગમ છે, ક્યાંક કઠિન છે. ત્યાં જો સર્વ અભ્યાસ થઈ શકે, તો સારું જ છે અને જો ન થઈ

શકે તો પોતાની બુધ્ધિ અનુસાર જેટલો થઈ શકે, તેટલો જ અભ્યાસ કરો, પોતાના ઉપાયમાં આળસ ના કરશો.

તેં કહ્યું - જીવ પ્રથમાનુયોગ સંબંધી કથાદિક સાંભળવાથી પાપથી ડરીને ધર્માનુરાગી થાય છે.

ત્યાં બંને કાર્ય-પાપથી ડરવું અને ધર્માનુરાગી થવું શિથિલતારૂપ થાય છે. અહીં પુણ્ય-પાપના કારણ-કાર્યાદિક વિશેષ જાણવાથી તે બંને કાર્ય દ્રઢતા સહિત થાય છે. તેથી આનો અભ્યાસ કરશો. આ પ્રમાણે પ્રથમાનુયોગના પક્ષપાતીને આ શાસ્ત્રના અભ્યાસમાં સન્મુખ કર્યો..

પ્રશ્ન ૧૩:- હવે ચરણાનુયોગનો પક્ષપાતી કહે છે કે જે આ શાસ્ત્રમાં કથિત જીવ - કર્મનું સ્વરૂપ છે, તે જેવું છે, તેવું જ છે. તે જાણવાથી શું સિધ્ધ થાય છે ? જો હિંસાદિકનો ત્યાગ કરીને વ્રતનું પાલન કરવામાં આવે, ઉપવાસાદિ તપ કરવામાં આવે, અરિહંતાદિકની પૂજા, નામસ્મરણ આદિ ભક્તિ કરવામાં આવે, દાન આપવામાં આવે, વિષય - કષાયાદિકથી ઉદાસીન થવું ઈત્યાદિક જો શુભ કાર્ય કરવામાં આવે તો આત્મહિત થાય, માટે તેના પ્રરૂપક ચરણાનુયોગનો ઉપદેશ કરવો જોઈએ.

ઉત્તર :- તેને કહીએ છીએ કે - હે સ્થૂળબુદ્ધિ ! તેં વ્રતાદિ શુભકાર્ય કહ્યા, તે કરવા યોગ્ય જ છે, પરંતુ તે સર્વે સમ્યકત્વ વગર એવા છે જેવા એકડાં વગરના મીંડા અને જીવાદિકનું સ્વરૂપ જાણ્યા વગર સમ્યક્ત્વનું હોવું એવું છે જાણે વાંઝીયાને પુત્ર. તેથી જીવાદિકનું સ્વરૂપ જાણવા માટે આ શાસ્ત્રનો અભ્યાસ અવશ્ય કરવો જોઈએ. તથા તે જે પ્રકારે વ્રતાદિક શુભકાર્ય કહ્યા અને તેનાથી પુણ્યબંધ થાય છે, એમ કહ્યું તે તો ઠીક છે, તેવી જ રીતે જીવાદિકનું સ્વરૂપ જાણવારૂપ જ્ઞાનાભ્યાસ છે, આ પણ સહુથી મોટું પ્રધાન શુભ કાર્ય છે. આનાથી સાતિશય પુણ્યનો બંધ થાય છે અને પેલા વ્રતાદિકમાં પણ જ્ઞાનાભ્યાસની જ મુખ્યતા છે. તેને જ કહીએ છીએ :-

જે જીવ પ્રથમ, જીવ-સમાસાદિ વિશેષ જાણી પશ્ચાત્ યથાર્થજ્ઞાન કરી હિંસાદિકનો ત્યાગી થઈ વ્રત ધારણ કરે, તે જ વ્રતી છે. જીવાદિકના વિશેષોને જાણ્યા વગર કાંઈક હિંસાદિકના ત્યાગથી પોતાને વ્રતી માને તો તે વ્રતી નથી. માટે વ્રતના પાલનમાં પણ જ્ઞાનાભ્યાસ જ પ્રધાન છે.

તપ બે પ્રકારના છે. બહિરંગ તપ અને અંતરંગ તપ. જેનાથી શરીરનું દમન થાય, તે બહિરંગ તપ છે અને જેનાથી મનનું દમન થાય તે અંતરંગ તપ છે. આમાં બહિરંગ તપથી અંતરંગ તપ ઉત્કૃષ્ટ છે. ઉપવાસાદિક તો બહિરંગ તપ છે, જ્ઞાનાભ્યાસ અંતરંગ તપ છે. સિધ્ધાંતમાં પણ છ પ્રકારના અંતરંગ તપોમાં ચોથું સ્વાધ્યાય તપ કહ્યું છે, તેનાથી ઉત્કૃષ્ટ કાયોત્સર્ગ અને ધ્યાન જ છે, માટે તપ કરવામાં પણ જ્ઞાનાભ્યાસ જ પ્રધાન છે.

જીવાદિના વિશેષરૂપ ગુણસ્થાનાદિકનું સ્વરૂપ જાણવાથી જ અરહંત આદિનું સ્વરૂપ યથાર્થ રીતે ઓળખી શકાય છે, તથા આપણી અવસ્થા ઓળખી શકાય છે, આવી ઓળખાણ થવાથી જે અંતરંગમાં તીવ્ર ભક્તિ પ્રગટ થાય છે, તે બહુ કાર્યકારી છે અને જે કુળ-ક્રમાદિકથી ભક્તિ થાય છે, તે કિંચિત્માત્ર જ ફળ આપે છે. માટે ભક્તિમાં પણ જ્ઞાનાભ્યાસ જ પ્રધાન છે.

દાન ચાર પ્રકારના છે. જેમાં આહારદાન, ઔષધિદાન, અભયદાન તો તત્કાલ ક્ષુધાના દુ:ખને કે રોગના દુ:ખને અથવા મરણાદિક ભયના દુ:ખને જ દૂર કરે છે, પરંતુ જે જ્ઞાનદાન છે, તે અનંત ભવોથી ચાલ્યા આવતા દુ:ખને દૂર કરવામાં કારણ છે. તીર્થંકર, કેવળી, આચાર્યાદિકની પણ જ્ઞાનદાનની પ્રવૃત્તિ મુખ્ય છે. તેથી જ્ઞાનદાન ઉત્કૃષ્ટ છે. માટે જેને જ્ઞાનાભ્યાસ હોય તો તે પોતાનું ભલું કરી લે છે અને અન્યજીવોને પણ જ્ઞાનદાન આપે છે. જ્ઞાનાભ્યાસ વિના જ્ઞાનદાન દેવું કેવી રીતે થઈ શકે ? માટે દાનમાં પણ જ્ઞાનાભ્યાસ જ પ્રધાન છે.

જેમ જન્મથી જ કોઈ પુરૂષ ઠગોના ઘરે પહોંચી જાય, ત્યાં તે ઠગોને પોતાના માને છે. કદાચિત્ કોઈ પુરૂષ કોઈ નિમિત્તથી પોતાના કુળનું અને ઠગોનું યથાર્થ જ્ઞાન કરવાથી ઠગોથી અંતરંગમાં ઉદાસીન થઈ જાય છે. તેઓને પર જાણી સંબંધ છોડવા ઈચ્છે છે. બહારમાં જેવું નિમિત્ત છે એવું પ્રવર્તન કરે છે અને કોઈ પુરૂષ તે ઠગોને પોતાના જ જાણે છે, કોઈ કારણથી કોઈ ઠગોથી અનુરાગ કરે છે અને કોઈ ઠગોથી લડીને ઉદાસીના થાય છે, આહારાદિકનો ત્યાગ કરી દે છે.

તેમ જ અનાદિથી બધા જીવ સંસારને પ્રાપ્ત છે, ત્યાં કર્મોને પોતાના માને છે. તેમાંથી કોઈ જીવ કોઈ નિમિત્તથી જીવ અને કર્મનું યથાર્થ જ્ઞાન કરીને કર્મોથી ઉદાસીન થઈ તેને પર માનવા લાગે, તેનાથી સંબંધ છોડવા ઈચ્છે છે. બહારમાં જેવું નિમિત્ત છે, તેવી પ્રવૃત્તિ કરે છે. આ પ્રકારે જે જ્ઞાનાભ્યાસ દ્વારા જે ઉદાસીનતા થાય છે, તે જ કાર્યકારી છે. કોઈ જીવ તે કર્મોને પોતાના માને છે. અને કોઈ કારણથી કોઈ શુભ કર્મોથી અનુરાગરૂપ પ્રવૃત્તિ કરે છે, કોઈ અશુભ કર્મને દુ:ખનું કારણ જાણી ઉદાસીન થઈ વિષયાદિકનો ત્યાગી થાય છે. પાણી કે આ પ્રકારે જ્ઞાન વિના જે ઉદાસીનતા થાય છે, તે પુણ્યફળની દાતા છે, મોક્ષકાર્યને સાધતી નથી. માટે ઉદાસીનતામાં પણ જ્ઞાનાભ્યાસ જ પ્રધાન છે. આ પ્રકારે અન્ય પણ શુભ કાર્યોમાં જ્ઞાનાભ્યાસને જ પ્રધાન જાણશો. જુઓ, મહામુનિઓના પણ ધ્યાન અને અધ્યયન - બંને ય કાર્ય મુખ્ય છે. માટે આ શાસ્ત્રના અધ્યયન દ્વારા જીવ તથા કર્મનું સ્વરૂપ જાણી સ્વરૂપનું ધ્યાન કરવું.

પ્રશ્ન ૧૪:- અહીં કોઈ તર્ક કરે કે - કોઈ જીવ શાસ્ત્ર અધ્યયન તો ઘણું કરે છે અને વિષયાદિકનો ત્યાગી નથી થતો, તો તેને શાસ્ત્ર અધ્યયન કાર્યકારી છે કે નહીં ? જો છે, તો મહંત પુરૂષ શા માટે વિષયાદિક તજે? અને જો ન તજે, તો જ્ઞાનાભ્યાસની મહિમા ક્યાં રહી ?

ઉત્તર :- શાસ્ત્રાભ્યાસી બે પ્રકારના છે. ૧. લોભાર્થી ૨. ધર્માર્થી. ત્યાં જે જીવ અંતરંગ અનુરાગ વગર ખ્યાતિ-પૂજા-લાભાદિકના પ્રયોજનથી શાસ્ત્રાભ્યાસ કરે, તે લાભાર્થી છે. તે વિષયાદિકનો ત્યાગ નથી કરતો અથવા ખ્યાતિ-પૂજા-લાભાદિકના અર્થે વિષયાદિકનો ત્યાગ પણ કરે છે, છતાં પણ તેનો શાસ્ત્રાભ્યાસ કાર્યકારી નથી.

જે જીવ અંતરંગ અનુરાગથી આત્મહિતના અર્થે શાસ્ત્રાભ્યાસ કરે છે, તે ધર્માર્થી છે.

પ્રથમ તો જૈન શાસ્ત્રો જ એવા છે કે જે તેનો ધર્માર્થી થઈ અભ્યાસ કરે છે, તે વિષયાદિકનો ત્યાગ કરે જ કરે છે; તેનો તો જ્ઞાનાભ્યાસ કાર્યકારી છે જ.

કદાચિત્ પૂર્વકર્મોદયની પ્રબળતાથી ન્યાયરૂપ વિષયાદિકનો ત્યાગ ન થઈ શકે, તો પણ તેના સમ્યક્દર્શન-જ્ઞાન હોવાથી જ્ઞાનાભ્યાસ કાર્યકારી હોય છે, જે પ્રમાણે અસંયત ગુણસ્થાનમાં વિષયાદિકના ત્યાગ વિના પણ મોક્ષમાર્ગપણું હોય છે.

પ્રશ્ન ૧૫ :- જે ધર્માર્થી થઈને જૈનશાસ્ત્રોનો અભ્યાસ કરે છે તેના વિષયાદિકનો ત્યાગ ન થઈ શકે એવું તો નથી થતું કેમ કે વિષયાદિકનું સેવન પરિણામોથી થાય છે અને પરિણામ સ્વાધીન હોય છે.

ઉત્તર :- પરિણામ બે પ્રકારના છે. ૧. બુધ્ધિપૂર્વક ૨. અબુધ્ધિપૂર્વક. ત્યાં જે પરિણામ પોતાના અભિપ્રાય અનુસાર થાય તે બુધ્ધિપૂર્વક અને જે પરિણામ દૈવ(કર્મ)ના નિમિત્તથી પોતાના અભિપ્રાયથી વિરૂધ્ધ (અન્યથા) થાય તે અબુધ્ધિપૂર્વક.

જેમ સામાયિક કરતી વેળા ધર્માત્માનો અભિપ્રાય તો એવો છે કે હું મારા પરિણામ શુભરૂપ રાખું. ત્યાં જે શુભ પરિણામ જ થાય તે તો બુધ્ધિપૂર્વક છે અને જો કર્મોદયથી સ્વયમેવ અશુભ પરિણામ થાય, તે અબુધ્ધિપૂર્વક જાણવા.

તે જ પ્રમાણે ધર્માર્થી થઈને જે જૈનશાસ્ત્રોનો અભ્યાસ કરે છે તેનો અભિપ્રાય તો વિષયાદિકના ત્યાગરૂપ વીતરાગભાવની પ્રાપ્તિનો જ હોય છે. ત્યાં વીતરાગભાવ હોય છે, તે બુધ્ધિપૂર્વક છે અને ચારિત્રમોહના ઉદયથી (ઉદયને વશ થવાથી) સરાગ ભાવ થાય છે, તે અબુધ્ધિપૂર્વક છે. તેથી સ્વવશ વિના (પરવશ) જે સરાગ ભાવ થાય છે, તેનાથી તેની વિષયાદિકની પ્રવૃત્તિ દેખાઈ રહી છે, કારણ કે બાહ્ય-પ્રવૃત્તિનું કારણ પરિણામ છે.

પ્રશ્ન ૧૬ :- જો આ પ્રકારે છે, તો અમે પણ વિષયાદિકનું સેવન કરીશું અને કહીશું - અમારે ઉદયાધીન કાર્ય થાય છે.

ઉત્તર :- રે મૂર્ખ ! કહેવાથી તો કાંઈ થતું નથી. સિધ્ધિ તો અભિપ્રાય અનુસાર થાય છે. માટે જૈનશાસ્ત્રોના અભ્યાસ દ્વારા પોતાના અભિપ્રાયને સમ્યક્રૂપ કરવો. અંતરંગમાં વિષયાદિક સેવનનો અભિપ્રાય હો, તો ધર્માર્થી નામ નથી પામતો. આ પ્રકારે ચરણાનુયોગના પક્ષપાતીને આ શાસ્ત્રના અભ્યાસમાં સન્મુખ કર્યો.

પ્રશ્ન ૧૭ :- હવે દ્રવ્યાનુયોગનો પક્ષપાતી કહે છે કે આ શાસ્ત્રમાં જીવના ગુણસ્થાનાદિરૂપ વિશેષ અને કર્મોના વિશેષ ભેદનું વર્ણન કર્યું છે, પરંતુ તેના જાણવાથી તો અનેક વિકલ્પ-તરંગ ઉત્પન્ન થાય છે. અને કાંઈ સિધ્ધ થતું નથી. માટે પોતાના શુધ્ધ સ્વરૂપને અનુભવવો અથવા સ્વ-પરનું ભેદવિજ્ઞાન કરવું, એટલું જ કાર્યકારી છે. અથવા તેના ઉપદેશક જે અધ્યાત્મ શાસ્ત્ર છે, તેનો જ અભ્યાસ કરવો યોગ્ય છે.

ઉત્તર :- હે સૂક્ષ્માભાસ બુધ્ધિ ! તેં કહ્યું તે સત્ય છે, પરંતુ પોતાની અવસ્થા જોવી. જો સ્વરૂપાનુભવમાં તથા ભેદવિજ્ઞાનમાં ઉપયોગ નિરંતર રહે છે તો અન્ય વિકલ્પ શા માટે કરવા? ત્યાં જ સ્વરૂપાનંદ સુધારસનો સ્વાદી થઈ સંતુષ્ટ થવું, પરંતુ નીચલી ભૂમિકામાં ત્યાં નિરંતર ઉપયોગ ટક્તો જ નથી, ઉપયોગ અનેક અવલંબનોને ઈચ્છે છે. તેથી જે સમયે ત્યાં ઉપયોગ ન લાગે ત્યારે ગુણસ્થાનાદિ વિશેષ જાણવાનો અભ્યાસ કરવો. તથા તેં કહ્યું કે અધ્યાત્મ શાસ્ત્રોનો જ અભ્યાસ કરવો, જે યોગ્ય જ છે,પરંતુ ત્યાં ભેદ-વિજ્ઞાન કરવા માટે સ્વ-પરનું સામાન્યપણે સ્વરૂપ નિરૂપણ છે અને વિશેષ જ્ઞાન વિના સામાન્યનું જાણવું સ્પષ્ટ નથી થતું. માટે જીવ અને કર્મને વિશેષ સારી રીતે જાણવાથી જ સ્વ-પરનું જાણવું સ્પષ્ટ થાય છે. તે વિશેષ જાણવા માટે આ શાસ્ત્રનો અભ્યાસ કરવો, કારણકે સામાન્ય શાસ્ત્રથી વિશેષ શાસ્ત્ર નિશ્ચયથી બળવાન હોય છે. ત્યાં કહ્યું છે કે,

"सामान्यशास्त्रतोनूनंविशेषोबलवानभवेत्"

પ્રશ્ન ૧૮ :- અધ્યાત્મ શાસ્ત્રોમાં તો ગુણસ્થાનાદિ વિશેષોથી રહિત શુધ્ધ સ્વરૂપનો અનુભવ કરવો ઉપાદેય કહ્યું છે અને અહીં ગુણસ્થાનાદિ સહિત જીવનું વર્ણન છે, માટે અધ્યાત્મ શાસ્ત્ર અને આ શાસ્ત્રમાં તો વિરૂધ્ધતા ભાસે છે, તે કેવી રીતે છે ?

ઉત્તર :- નય બે પ્રકારના છે. ૧. નિશ્ચયનય ૨. વ્યવહારનય.

નિશ્ચયનયથી જીવનું સ્વરૂપ ગુણસ્થાનાદિ વિશેષ રહિત, અભેદવસ્તુ માત્ર જ છે અને વ્યવહારનયથી ગુણસ્થાનાદિ વિશેષ સહિત અનેક પ્રકાર છે. ત્યાં જે જીવ સર્વોત્કૃષ્ટ, અભેદ, એક સ્વભાવને અનુભવે છે, તેઓને તો ત્યાં શુધ્ધ ઉપદેશરૂપ જે શુધ્ધ નિશ્ચયનય છે, તે જ કાર્યકારી છે. જે સ્વાનુભવદશાને પ્રાપ્ત નથી થયા, તથા જે સ્વાનુભવદશાથી છૂટીને સવિકલ્પદશાને પ્રાપ્ત થયા છે - એવા અનુત્કૃષ્ટ જે અશુધ્ધ સ્વભાવ, તેમાં સ્થિત જીવોને વ્યવહારનય પ્રયોજનવાન છે. તે જ અધ્યાત્મશાસ્ત્ર સમયસાર ગાથા - ૧૨માં કહ્યું છેઃ

सुद्धो सुद्धादेसो, णादव्वो परमभावदरसीहिं ।
ववहारदेसिदा पुण, जे दु अपरमे ट्ठिदा भावे ।।

જુએ! આ ગાથાની વ્યાખ્યાના અર્થને વિચારી સાંભળો! તમારા પરિણામ સ્વરૂપાનુભવ દશામાં તો વર્તતા નથીને! હઠ અને વિકલ્પ જાણી ગુણસ્થાનાદિ ભેદોનો વિચાર નહીં કરો તો તમે इतो भ्रष्टः ततो भ्रष्टः થઈને અશુભોપયોગમાં જ પ્રવર્તન કરશો, ત્યાં તમારૂં ખરાબ જ થશે.

અને સાંભળો ! સામાન્યપણાથી તો વેદાંત આદિ શાસ્ત્રાભ્યાસોમાં પણ જીવનું સ્વરૂપ શુધ્ધ કહ્યું છે, ત્યાં વિશેષને જાણ્યા વિના યથાર્થ અયથાર્થનો નિશ્ચય (નિર્ણય) કેવી રીતે થશે ? માટે ગુણસ્થાનાદિ વિશેષ જાણવાથી જીવની શુધ્ધ-અશુધ્ધ-મિશ્ર અવસ્થાનું જ્ઞાન થાય છે, ત્યારે નિર્ણય કરીને યથાર્થને અંગીકાર કરજો અને સાંભળો! જીવનો ગુણ જ્ઞાન છે, તેથી વિશેષ જાણવાથી આત્મગુણ પ્રગટ થાય છે. આપણું શ્રધ્ધાન પણ દ્રઢ થાય છે. જેમ સમ્યક્ત્વ છે, તે કેવળજ્ઞાન પ્રાપ્ત થતા પરમાવગાઢ નામને પ્રાપ્ત થાય છે, માટે વિશેષોને જાણવું.

પ્રશ્ન ૧૯ :- આપે કહ્યું તે સત્ય, પરંતુ કરણાનુયોગ દ્વારા વિશેષ જાણવાથી પણ દ્રવ્યલિંગી મુનિ અધ્યાત્મ શ્રધ્ધાન વિના સંસારી જ રહે છે અને અધ્યાત્મનું અનુસરણ કરવાવાળા તિર્યંચો આદિને અલ્પ જ્ઞાન હોવા છતાં પણ યથાર્થ શ્રધ્ધાનથી સમ્યકત્વ પ્રાપ્ત થઈ જાય છે. તથા तुषमाषभिन्नः એટલું જ શ્રધ્ધાન કરવા માત્રથી શિવભૂતિ મુનિરાજ મુક્ત થયા છે. તેથી અમારી બુધ્ધિથી તો વિશેષ વિકલ્પોનું સાધન નથી થતું. પ્રયોજનમાત્ર અધ્યાત્મનો અભ્યાસ કરીશું.

ઉત્તર :- દ્રવ્યલિંગી મુનિરાજ જે પ્રકારે કરણાનુયોગ દ્વારા વિશેષને જાણે છે, તે જ પ્રકારે અધ્યાત્મ શાસ્ત્રોનું જ્ઞાન પણ તેને હોય છે. પરંતુ મિથ્યાત્વના ઉદયથી (મિથ્યાત્વવશ) અયથાર્થ સાધન કરે છે, તો શાસ્ત્ર શું કરે ?

શાસ્ત્રોમાં તો પરસ્પર વિરોધ છે નહીં, કેવી રીતે તે કહીએ છીએ :-

કરણાનુયોગના શાસ્ત્રોમાં તથા અધ્યાત્મ શાસ્ત્રોમાં પણ રાગાદિક ભાવ, આત્મામાં કર્મ નિમિત્તથી ઉત્પન્ન થતા કહે છે, દ્રવ્યલિંગી તેનો સ્વયં કર્તા થઈને પ્રવર્તે છે અને શરીરાશ્રિત સર્વ શુભાશુભ ક્રિયા પુદ્ગલમયી કહી છે, પરંતુ દ્રવ્યલિંગી તેને પોતાની જાણીને તેમાં ગ્રહણ-ત્યાગની બુધ્ધિ કરે છે. આ બધાં જ શુભાશુભભાવ, આશ્રવ-બંધના કારણ કહ્યા છે, પરંતુ દ્રવ્યલિંગી શુભભાવોને સંવર, નિર્જરા અને મોક્ષનું કારણ માને છે. શુધ્ધભાવને સંવર, નિર્જરા અને મોક્ષનું કારણ કહ્યું છે, પરંતુ દ્રવ્યલિંગી તેને ઓળખતો જ નથી અને પ્રગટ શુધ્ધાત્મસ્વરૂપને મોક્ષ કહ્યો છે તેનું દ્રવ્યલિંગીને યથાર્થ જ્ઞાન જ નથી. આ પ્રકારે અન્યથા સાધન કરે, તો તેમાં શાસ્ત્રનો શું દોષ છે ?

તેં કહ્યું કે તિર્યંચાદિને સામાન્ય શ્રધ્ધાનથી કાર્યસિધ્ધિ થઈ જાય છે. તિર્યંચાદિકને પણ પોતાના ક્ષયોપશમ અનુસાર વિશેષનું જાણવું થાય જ છે. અથવા પૂર્વ પર્યાયોમાં (પૂર્વભવમાં) વિશેષનો અભ્યાસ કર્યો હતો, તે સંસ્કારના બળથી (વિશેષનું જાણવું) સિધ્ધ થાય છે.

જે પ્રકારે કોઈએ ક્યાંય દટાયેલું ધન મેળવ્યું, તો તે પ્રકારે આપણે પણ મેળવશું, એવું માની બધાએ વ્યાપારાદિકનો ત્યાગ કરવો યોગ્ય નથી. તે પ્રકારે કોઈને અલ્પ શ્રધ્ધાન દ્વારા જ કાર્ય સિધ્ધ થયું છે. તો આપણે પણ આ પ્રકારે જ કાર્યની સિધ્ધિ કરીશું, એવું માની બધાએ વિશેષ અભ્યાસનો ત્યાગ કરવો ઉચિત નથી, કારણ કે તે રાજમાર્ગ નથી. રાજમાર્ગ તો આ જ છે. વિવિધ પ્રકારના વિશેષ (ભેદ) જાણી તત્વોનો નિર્ણય થવાથી જ કાર્ય સિધ્ધ થાય છે.

તેં જે કહ્યું કે મારી બુદ્ધિથી વિકલ્પ સાધન નથી થતાં, તો જેટલો થઈ શકે, તેટલો જ અભ્યાસ કર. તું પાપકાર્યમાં તો પ્રવીણ છો અને આ અભ્યાસમાં કહે છે "મારી બુદ્ધિ નથી," તે તો પાપીનું લક્ષણ છે. આ પ્રકારે દ્રવ્યાનુયોગના પક્ષપાતીને આ શાસ્ત્રના અભ્યાસમાં સન્મુખ કર્યો.

હવે અન્ય વિપરીત વિચારવાળાને સમજાવીએ છીએ :-

પ્રશ્ન ૨૦ :- **શબ્દશાસ્ત્રાદિકનો પક્ષપાતી** કહે છે કે વ્યાકરણ, ન્યાય, કોશ, છંદ, અલંકાર, કાવ્યાદિક ગ્રંથોનો અભ્યાસ કરાય તો અનેક ગ્રંથોનું સ્વયમેવ જ્ઞાન થાય છે તથા પંડિતપણું પ્રગટ થાય છે. આ શાસ્ત્રના અભ્યાસથી તો એક આનું જ જ્ઞાન થાય છે તથા પંડિતપણું વિશેષ પ્રગટ થતું નથી. તેથી શબ્દ - શાસ્ત્રાદિકનો અભ્યાસ કરવો.

ઉત્તર :- જો તમો, લોકમાં જ પંડિત કહેવડાવવા માંગો છો, તો તમો તેનો જ અભ્યાસ કર્યા કરો અને જો પોતાના (હિતરૂપ) કાર્ય કરવાની ઈચ્છા છે, તો આવા જૈન શાસ્ત્રો (ગ્રંથો)નો જ અભ્યાસ કરવા યોગ્ય છે. તથા જૈની તો જીવાદિકતત્વોના નિરૂપણ કરવાવાળા જે જૈન ગ્રંથ છે, તેનો જ અભ્યાસ હોય તો પંડિત માનશે.

પ્રશ્ન ૨૧:- તે કહે છે કે હું જૈન ગ્રંથોનું વિશેષજ્ઞાન કરવા માટે જ વ્યાકરણાદિકનો અભ્યાસ કરું છું.

ઉત્તર :- એવું છે તો સારું જ છે, પરંતુ એટલું છે કે જે પ્રકારે ચતુર ખેડૂત પોતાની શક્તિ અનુસાર હળાદિક દ્વારા ખેતરને થોડું ઘણું સંભાળીને સમય પર બીજ વાવે, તો તેને ફળની પ્રાપ્તિ થાય છે.

તે જ પ્રમાણે તેં પણ જો પોતાની શક્તિ અનુસાર વ્યાકરણાદિકના અભ્યાસથી બુદ્ધિને થોડી ઘણી સંભાળીને જેટલા સમય સુધી મનુષ્ય પર્યાય તથા ઈન્દ્રિયોની પ્રબળતા ઇત્યાદિક છે, તેટલા સમયમાં તત્વજ્ઞાનનાં કારણભૂત જે કે શાસ્ત્ર છે, તેનો અભ્યાસ કરીશ, તો તેને સમ્યકત્વ આદિની પ્રાપ્તિ થઈ જશે.

જેમ અજ્ઞાની ખેડૂત હળાદિકથી ખેતર ખેડતાં-ખેડતાં જ સમય ગુમાવે અને સમય પર બીજ ન વાવે તો તેને ફળ પ્રાપ્તિ થશે નહીં, વૃથા જ ખેદ-ખિન્ન થશે.

તેજ પ્રકારે તેં પણ જો વ્યાકરણાદિક દ્વારા બુધ્ધિને વધારવા - વધારવામાં જ સમય વીતાવીશ તો સમ્યક્ત્વાદિકની પ્રાપ્તિ થશે નહીં, વૃથા જ ખેદ-ખિન્ન થશે.

આ કાળમાં આયુ, બુધ્ધિ આદિ અલ્પ છે, માટે પ્રયોજન માત્ર અભ્યાસ કરજે, શાસ્ત્રોનો તો પાર છે જ નહીં અને સાંભળ! કોઈ જીવ વ્યાકરણાદિકના જ્ઞાન વિના પણ તત્વોપદેશરૂપ ભાષા શાસ્ત્રો દ્વારા તથા ઉપદેશ સાંભળી તથા શીખવાથી પણ તત્વજ્ઞાની થતાં જોવામાં આવે છે. કેટલાંક જીવ કેવળ વ્યાકરણાદિકના જ અભ્યાસમાં જન્મ ગુમાવે છે અને તત્વજ્ઞાની નથી થતાં - એવું પણ જોવામાં આવે છે. અને સાંભળ! વ્યાકરણાદિનો અભ્યાસ કરવાથી પુણ્ય ઉત્પન્ન નથી થતું, પરંતુ ધર્માર્થી થઈને તેનો અભ્યાસ કરે તો કિંચિત્ પુણ્ય થાય છે. તત્વોપદેશક શાસ્ત્રોના અભ્યાસથી સાતિશય મહાન પુણ્યોપાર્જન થાય છે. માટે સારૂં તો એ છે કે આવા તત્વોપદેશક શાસ્ત્રોનો અભ્યાસ કરવો જોઈએ. આ રીતે શબ્દ – શાસ્ત્રાદિકના પક્ષપાતીને આ શાસ્ત્રની સન્મુખ કર્યા.

પ્રશ્ન ૨૨ :- અર્થ/ધનનો પક્ષપાતી કહે છે કે આ શાસ્ત્રનો અભ્યાસ કરવાથી શું થશે ? સર્વ કાર્ય ધનથી થાય છે. ધનથી જ પ્રભાવના આદિ ધર્મ થાય છે. ધનવાન પાસે અનેક પંડિત આવીને રહે છે. અન્ય પણ સર્વ કાર્યોની સિધ્ધિ થાય છે. તેથી ધન ઉત્પન્ન કરવાનો પુરૂષાર્થ કરવો.

ઉત્તર :- રે પાપી ! ધન કાંઈ આપણું ઉત્પન્ન કરેલું તો હોતું નથી, ભાગ્યથી થાય છે. આ ગ્રંથાભ્યાસ આદિ ધર્મ-સાધનથી જે પુણ્યની ઉત્પત્તિ થાય છે, તેનું જ નામ ભાગ્ય છે. જો ધન થયું છે તો શાસ્ત્રાભ્યાસ કરવાથી કેવી રીતે નહીં થાય ? અને નથી થવું તો શાસ્ત્રાભ્યાસ નહીં કરવાથી કેવી રીતે થશે ? ધનનું હોવા, ન હોવાપણું તો ઉદયાધીન છે. શાસ્ત્રાભ્યાસમાં શા માટે શિથિલ થાય છે ? અને સાંભળ ! ધન છે તે તો વિનાશક છે, ભય સહિત છે, પાપથી ઉત્પન્ન થાય છે, તથા નરકાદિનું કારણ છે.

જે આ શાસ્ત્રાભ્યાસરૂપ જ્ઞાનધન છે, તે અવિનાશી છે, ભય રહિત છે, ધર્મરૂપ છે, સ્વર્ગ-મોક્ષનું કારણ છે. તેથી મહંત પુરૂષ તો ધનાદિકને છોડીને શાસ્ત્રાભ્યાસમાં જ લાગે છે અને તું પાપી શાસ્ત્રાભ્યાસ છોડી ધન ઉત્પન્ન કરવામાં મોટાઈ સમજે છે, તો તું અનંત સંસારી છે. તેં કહ્યું કે પ્રભાવના આદિ ધર્મ પણ ધનથી થાય છે, પરંતુ તે પ્રભાવનાદિ ધર્મ તો કિંચિત્ સાવદ્ય ક્રિયા સંયુક્ત છે. માટે સમસ્ત સાવદ્ય પાપ રહિત શાસ્ત્રાભ્યાસરૂપ ધર્મ છે, તે પ્રધાન છે. જો એમ ન હોય તો ગૃહસ્થ અવસ્થામાં પ્રભાવનાદિ ધર્મ સાધતા હતાં, તેને છોડી સંયમી થઈ શાસ્ત્રાભ્યાસમાં શા માટે લાગે છે ?'

શાસ્ત્રાભ્યાસ કરવાથી પ્રભાવનાદિ પણ વિશેષ થાય છે.

જોકે, મેં કહ્યું કે ધનવાનની નજીક પંડિત પણ આવીને રહે છે. તે તો લોભી પંડિત હોય અને અવિવેકી ધનવાન હોય ત્યાં તો એવું જ થાય છે. શાસ્ત્રાભ્યાસવાળાની તો ઈન્દ્રાદિક દેવો પણ સેવા કરે છે. અહીં પણ મોટા-મોટા મહંત પુરૂષ દાસ થતા જોવામાં આવે છે, માટે શાસ્ત્રાભ્યાસવાળાથી ધનવાનોને મહંત ના જાણો.

તેં કહ્યું કે ધનથી સર્વ - કાર્યની સિધ્ધિ થાય છે (પરંતુ એમ નથી). એ ધનથી તો આ લોક સંબંધી કાંઈક વિષયાદિક કાર્ય એ પ્રકારે સિધ્ધ થાય છે, જેનાથી ઘણા સમય સુધી નરકાદિકના દુ:ખ સહેવા પડે છે અને શાસ્ત્રાભ્યાસથી એવા કાર્ય સિદ્ધ થાય છે કે જેનાથી આ લોક અને પરલોકમાં અનેક સુખોની પરંપરા પ્રાપ્ત થાય છે.

તે માટે ધન ઉત્પન્ન કરવાના વિકલ્પ છોડી શાસ્ત્રાભ્યાસ કરજે અને એવું સર્વથા ન બને તો સંતોષપૂર્વક ધન ઉપાર્જન કરવાના સાધન કરી શાસ્ત્રાભ્યાસમાં તત્પર રહેજે. આ પ્રકારે ધન ઉપાર્જન કરવાના પક્ષપાતીને શાસ્ત્રાભ્યાસ સન્મુખ કર્યો.

પ્રશ્ન ૨૩ :- કામ-ભોગાદિકનો પક્ષપાતી કહે છે કે શાસ્ત્રાભ્યાસ કરવામાં સુખ નથી, મોટાઈ નથી. માટે જેના દ્વારા અહીં જ સુખ થાય એવા જે સ્ત્રીસેવન, ખાવું-પહેરવું ઈત્યાદિક વિષય, તેનું સેવન કરવામાં આવે અથવા જેના દ્વારા અહીં જ મોટાપણું થાય, એવા વિવાહાદિક કાર્ય કરવામાં આવે.

ઉત્તર :- વિષયજનિત જે સુખ છે, તે દુ:ખ જ છે, કારણ કે વિષય સુખ તો પર - નિમિત્તથી થાય છે. પહેલા, પછી અને તત્કાળ આકુળતા સહિત જ છે અને જેનો નાશ થવાના અનેક કારણ મળે જ છે. આગામી કાળમાં નરકાદિ દુર્ગતિને પ્રાપ્ત કરાવવાવાળા છે. આવું હોવા છતાં પણ તે તારી ઈચ્છાનુસાર મળતા જ નથી, પૂર્વ પુણ્યથી થાય છે, તે માટે વિષમ છે.

જેમ - ખંજવાળથી પીડિત પુરૂષ પોતાના અંગને કઠોર વસ્તુથી ખંજવાળે છે, તેવી જ રીતે ઈન્દ્રિયોથી પીડિત જીવ, તેની પીડા સહન ન થાય ત્યારે કિંચિત્ માત્ર જેમાં પીડાનાં પ્રતિકારરૂપ ભાસે, એવા જે વિષયસુખ, તેમાં વલખાં મારે છે, તે પરમાર્થરૂપ સુખ છે જ નહીં. શાસ્ત્રાભ્યાસ કરવાથી જે સમ્યકજ્ઞાન થયું, તેના થકી ઉત્પન્ન આનંદ, તે જ સાચું સુખ છે. તે સુખ સ્વાધીન છે, આકુળતા રહિત છે, કોઈના દ્વારા નષ્ટ થતું નથી, મોક્ષનું કારણ છે, તેથી વિષમ નથી. - જે પ્રકારે જો ખંજવાળની પીડા ન હોય તો સહજ જ સુખી થાય છે, તે જ પ્રકારે જ્યારે ત્યાં ઈન્દ્રિયો પીડા માટે સમર્થ નથી હોતી, ત્યારે સહજ જ સુખ પ્રાપ્ત થાય છે. માટે વિષય સુખને છોડી શાસ્ત્રાભ્યાસ કરવો. જો સર્વથા વિષય ન છૂટે તો જેટલું થઈ શકે તેટલું છોડી, શાસ્ત્રાભ્યાસમાં તત્પર રહેવું.

તેં વિવાહાદિક કાર્યમાં મોટાઈ થવાનું કહ્યું, તે મોટાઈ કેટલા દિવસ રહેશે ? જેના માટે મહાપાપારંભ કરી નરકાદિમાં ઘણા કાળ સુધી દુ:ખ ભોગવવું પડશે. તે કાર્યોમાં તારાથી પણ વધારે ધન લગાવવાવાળા. ઘણા છે, તેથી વિશેષ મોટાઈ પણ થવાવાળી નથી.

શાસ્ત્રાભ્યાસથી તો એવી મોટાઈ થાય છે કે જેની સર્વજન મહિમા કરે છે, ઈન્દ્રાદિક પણ પ્રશંસા કરે છે અને પરંપરાથી સ્વર્ગ-મુક્તિનું કારણ છે. માટે વિવાહાદિક કાર્યોનો વિકલ્પ છોડી શાસ્ત્રાભ્યાસનો પુરૂષાર્થ કરવો. સર્વથા ન છૂટે તો બહુ વિકલ્પ ના કરશો. આ પ્રકારે કામભોગાદિકના પક્ષપાતીને શાસ્ત્રાભ્યાસમાં સન્મુખ કર્યો.

આ પ્રકારે અન્ય જીવ પણ જે વિપરીત વિચારથી આ ગ્રંથના અભ્યાસમાં અરૂચિ પ્રગટ કરે છે, તેઓને યથાર્થ વિચાર કરી આ શાસ્ત્રના અભ્યાસમાં સન્મુખ થવા યોગ્ય છે.

પ્રશ્ન ૨૪ :- અહીં અન્યમતી કહે છે કે તમે પોતાના જ શાસ્ત્રનો અભ્યાસ કરવાને દ્રઢ કર્યો. અમારા મતમાં વિવિધ યુકિત આદિ સહિત શાસ્ત્ર છે. તેનો પણ અભ્યાસ શા માટે ન કરાવાય ?

ઉત્તર :- તમારા મતના શાસ્ત્રોમાં આત્મહિતનો ઉપદેશ નથી. ક્યાંક શૃંગારનો, કયાંક યુધ્ધનો, ક્યાંક કામ - સેવન આદિનો, ક્યાંક હિંસાદિકનું કથન છે અને તે તો વિના ઉપદેશ જ સહજમાં જ થાય છે. તેથી તેને ત્યજવાથી હિત થાય છે. અન્યમત તો ઉલટું તેનું જ પોષણ કરે છે માટે તેનાથી હિત કેમ થશે ?

પ્રશ્ન ૨૫ - ત્યાં કહે છે કે ઈશ્વરે એવી લીલા કરી છે, તેને ભજે છે. તો તેનાથી ભલું થાય છે.

ઉત્તર :- ત્યાં કહે છે કે જો ઈશ્વરને સહજ સુખ નહતું ત્યારે સંસારીની જેમ લીલાથી સુખી થયા. જો તે સહજ સુખી હોત તો શા માટે વિષયાદિ સેવન કે યુધ્ધ આદિ કરે ? કારણ કે મંદબુધ્ધિ પણ વગર પ્રયોજન કિંચિત્ માત્ર પણ કાર્ય નથી કરતાં. એથી જણાય છે કે તે ઈશ્વર આપણા જેવા જ છે તેનો યશ ગાવાથી શું સિધ્ધ થાશે ?

પ્રશ્ન ૨૬ :- તે ફરી કહે છે કે અમારા શાસ્ત્રોમાં ત્યાગ, વૈરાગ્ય, અહિંસાદિકનો પણ તો ઉપદેશ છે.

ઉત્તર :- તે સર્વ ઉપદેશ પૂર્વાપર વિરોધ સહિત છે. ક્યાંક વિષય પોષાય છે, ક્યાંક નિષેધ કરે છે, ક્યાંક પહેલા વૈરાગ્ય બતાડી, પાછળથી હિંસાદિકનું કરવું તે વાતને પુષ્ટ કરે છે. તે વાતુલવચનવત્ (વાતુલ = જેની બુધ્ધિ ઠેકાણે ન હોય, ખોટી બુધ્ધિ રૂપ) વચન પ્રમાણ કેવી રીતે હોય?

પ્રશ્ન ૨૭ :- તે કહે છે કે વેદાંત આદિ શાસ્ત્રોમાં તો તત્વનું નિરૂપણ છે.

ઉત્તર :- તેને કહીએ છીએ - ના, તે નિરૂપણ પ્રમાણથી બાધિત છે, અયથાર્થ છે, તેનું નિરાકરણ જૈનદર્શનના ન્યાયશાસ્ત્રોમાં કર્યું છે, ત્યાંથી જાણવું. માટે અન્યમતના શાસ્ત્રોનો અભ્યાસ ન કરવો. આ પ્રકારે જીવોને આ શાસ્ત્રના અધ્યયનમાં સન્મુખ કર્યા. તેઓને કહીએ છીએ ........

"હે ભવ્યજનો ! શાસ્ત્રાભ્યાસના અનેક અંગ છે. શબ્દ કે અર્થનું વાંચવું કે શીખવું, શીખવાડવું, ઉપદેશ દેવો, વિચારવું, સાંભળવું, પ્રશ્ન કરવા, સમાધાન જાણવા, વારંવાર ચર્ચા કરવી ઈત્યાદિ અનેક અંગ છે. ત્યાં જેમ બને તેમ અભ્યાસ કરવો. જો સર્વ શાસ્ત્રોનો અભ્યાસ ન થઈ શકે તો આ શાસ્ત્રમાં સુગમ તથા દુર્ગમ, અનેક અર્થોનું નિરૂપણ છે, ત્યાં જેટલો થાય તેટલો જ અભ્યાસ કરવો, પરંતુ અભ્યાસમાં આળસુ થવું નહીં."

જુઓ ! શાસ્ત્રાભ્યાસનો મહિમા ! જેના થવાથી જીવ પરંપરાથી આત્માનુભવ દશાને પ્રાપ્ત થાય છે, જેનાથી મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ થાય છે. એ તો દૂર રહ્યું, શાસ્ત્રાભ્યાસથી તત્કાળ પણ કેટલાંક ગુણો પ્રગટ થાય છેઃ

(૧) ક્રોધાદિકષાયોની તો મંદતા થાય છે.

(૨) પંચેન્દ્રિયોના વિષયોમાં થવાવાળી પ્રવૃત્તિ રોકાય છે.

(૩) અતિ ચંચળ મન પણ એકાગ્ર થાય છે.

(૪) હિંસાદિ પાંચ પાપ થતાં નથી.

(૫) અલ્પજ્ઞાન હોવા છતાં ત્રિલોકના ત્રણે કાળ સંબધી ચરાચર પદાર્થોનું જાણવું થાય છે.

(૬) હેય-ઉપાદેયની ઓળખ થાય છે.

(૭) આત્મજ્ઞાન સન્મુખ થાય છે. (જ્ઞાન આત્મસન્મુખ થાય છે.)

(૮) વધારે - વધારે જ્ઞાન થવાથી આનંદ ઉત્પન્ન થાય છે.

(૯) લોકમાં મહિમા/યશ વિશેષ થાય છે.

(૧૦) સાતિશય પુણ્યનો બંધ થાય છે.

આટલાં ગુણો તો શાસ્ત્રાભ્યાસ કરવાથી તત્કાળ જ પ્રગટ થાય છે, માટે શાસ્ત્રાભ્યાસ અવશ્ય કરવો.

પ્રશ્ન ૨૮:- હે ભવ્ય ! શાસ્ત્રાભ્યાસ કરવાના સમયની પ્રાપ્તિ મહા દુર્લભ છે કેવી રીતે ?

ઉત્તર :- એકેન્દ્રિયાદિ અસંજ્ઞી સુધીના જીવોને તો મન છે જ નહીં. નારકી વેદનાથી પીડિત, તિર્યંચ વિવેક રહિત, દેવ વિષયાસક્ત છે તેથી મનુષ્યોને અનેક સામગ્રી મળ્યા પછી જ શાસ્ત્રાભ્યાસ થાય છે. આ મનુષ્ય પર્યાયની પ્રાપ્તિ જ દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવથી મહાદુર્લભ છે.

દ્રવ્ય અપેક્ષાથી તો લોકમાં મનુષ્ય જીવ ઘણા ઓછા છે, તુચ્છ સંખ્યાત માત્ર જ છે અને અન્ય જીવોમાં નિગોદિયા અનંત છે, બીજા જીવ અસંખ્યાત છે.

ક્ષેત્ર અપેક્ષાથી મનુષ્યોનું ક્ષેત્ર બહુ જ થોડું અઢીદ્વીપ માત્ર જ છે અને અન્ય જીવોમાં એકેન્દ્રિયોનું ક્ષેત્ર સર્વ લોક છે. અન્યોનું કેટલાંક રાજુ પ્રમાણ છે.

કાળ અપેક્ષાથી મનુષ્ય પર્યાયમાં ઉત્કૃષ્ટ રહેવાનો કાળ ઘણો ઓછો છે. કર્મભૂમિ અપેક્ષાએ પૃથકત્વ કોટી પૂર્વ માત્ર જ છે અને અન્ય પર્યાયમાં ઉત્કૃષ્ટ રહેવાનો કાળ - એકેન્દ્રિયોમાં તો અસંખ્યાત પુદ્દગલ પરાવર્તન માત્ર અને અન્યોમાં સંખ્યાતપલ્ય માત્ર છે.

ભાવ અપેક્ષાથી તીવ્ર શુભાશુભપણાથી રહિત એવી મનુષ્ય પર્યાયના કારણરૂપ પરિણામ થવા અતિ દુર્લભ છે. અન્ય પર્યાયને કારણ અશુભરૂપ કે શુભરૂપ પરિણામ થવા સુલભ છે. આ પ્રકારે શાસ્ત્રાભ્યાસનું કારણ જે પર્યાપ્ત કર્મભૂમિની મનુષ્ય પર્યાય, તેનું દુર્લભપણું જાણવું.

ત્યાં ઉત્તમ નિવાસ, ઉચ્ચકુળ, પૂર્ણ આયુ, ઈન્દ્રિયોનું સામર્થ્ય, નિરોગીપણું, સત્સંગતિ, ધર્મરૂપ અભિપ્રાય, બુધ્ધિની પ્રબળતા આદિની પ્રાપ્તિ થવી ઉત્તરોત્તર મહાદુર્લભ છે. આ પ્રત્યક્ષ દેખાય છે અને આટલી સામગ્રી મળ્યા વિના ગ્રંથાભ્યાસ થતો નથી. હવે તેં ભાગ્યથી આ અવસર મેળવ્યો છે, માટે તમોને હઠથી પણ તમારા હિત માટે પ્રેરણા કરીએ છીએ.

જેમ થઈ શકે તેમ આ શાસ્ત્રનો અભ્યાસ કરો, અન્ય જીવોને જેમ બને તેમ શાસ્ત્રાભ્યાસ કરાવો અને જે જીવ શાસ્ત્રાભ્યાસ કરે છે, તેની અનુમોદના કરો. પુસ્તક લખાવવા કે શીખવા - શીખવાડવાવાળાની સ્થિરતા કરવી, ઈત્યાદિ શાસ્ત્રાભ્યાસના બાહ્યકારણ, તેના સાધન કરવા, કારણ કે તેના દ્વારા પણ પરંપરા કાર્ય સિધ્ધ થાય છે અને મહાન પુણ્ય ઉત્પન્ન થાય છે. આ પ્રકારે આ શાસ્ત્રના અભ્યાસાદિમાં જીવોને રૂચિવાન કર્યા.

# દ્વિતીય અધ્યાય

## મહત્વપૂર્ણ પ્રશ્નોત્તર

પ્રશ્ન ૧ :- કર્મ કોને કહે છે?

ઉત્તર :- જીવનાં મોહ-રાગ-દ્વેષરૂપ પરિણામોના નિમિત્તથી સ્વયં પરિણમિત કાર્માણ વર્ગણારૂપ પુદ્ગલની વિશિષ્ટ અવસ્થાને કર્મ કહે છે.

પ્રશ્ન ૨ :- કાર્માણ વર્ગણા કોને કહે છે ?

ઉત્તર :- કર્મરૂપ પરિણમિત થવા યોગ્ય વર્ગણાઓને કાર્માણવર્ગણા કહે છે.

પ્રશ્ન ૩ :- કર્મના મૂળ ભેદ કેટલા છે?

ઉત્તર :- કર્મના મૂળ આઠ ભેદ છે. - જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર અને અંતરાય. આમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય આ ચાર ઘાતિકર્મ તથા વેદનીય, આયુ, નામ અને ગોત્ર આ ચાર અઘાતિ કર્મ છે.

પ્રશ્ન ૪ :- જ્ઞાનાવરણ કર્મ કોને કહે છે?

ઉત્તર :- જે કર્મ, આત્માના જ્ઞાન ગુણનો ઘાત કરે છે, તેને જ્ઞાનાવરણ કર્મ કહે છે, તેના પાંચ ભેદ છે.

પ્રશ્ન ૫ :- દર્શનાવરણ કર્મ કોને કહે છે?

ઉત્તર :- જે કર્મ, આત્માના દર્શન ગુણનો ઘાત કરે છે, તેને દર્શનાવરણ કર્મ કહે છે, તેના નવ ભેદ છે. - ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અવધિદર્શનાવરણ, કેવળદર્શનાવરણ, નિદ્રા, નિદ્રા - નિદ્રા, પ્રચલા, પ્રચલા-પ્રચલા અને સ્ત્યાનગૃદ્ધિકર્મ.

પ્રશ્ન ૬ :- વેદનીયકર્મ કોને કહે છે?

ઉત્તર :- જે કર્મના ફળમાં જીવને બાહ્ય સુખ-દુ:ખની વેદના થાય છે, અર્થાત્ જે કર્મ નિમિત્તરૂપથી આત્માના અવ્યાબાધગુણનો ઘાત કરે છે, તેને વેદનીયકર્મ કહે છે. તેના બે ભેદ છે - સાતા વેદનીયકર્મ અને અસાતા વેદનીયકર્મ.

પ્રશ્ન ૭ :- જ્ઞાનાવરણ કર્મ કોને કહે છે?

ઉત્તર :- જે કર્મ, આત્માના સમ્યક્ત્વ અને ચારિત્રગુણનો ઘાત કરે છે, તેને જ્ઞાનાવરણીય કર્મ કહે છે, તેના ૨૮ ભેદ છે.

પ્રશ્ન ૮ :- આયુકર્મ કોને કહે છે ?

ઉત્તર :- જે કર્મ, આત્માને નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવના શરીરમાં રોકી રાખે છે, તેને આયુકર્મ કહે છે અર્થાત્ આયુકર્મ આત્માના અવગાહનગુણનો ઘાત કરે છે. તેના ચાર ભેદ છે - નરકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ અને દેવાયુ.

પ્રશ્ન ૯ :- નામકર્મ કોને કહે છે?

ઉત્તર :- જે કર્મ જીવને ગતિ આદિ અનેક પ્રકારથી પરિણમાવે છે અથવા શરીરાદિક બનાવે છે, તેને નામકર્મ કહે છે અર્થાત્ નામકર્મ આત્માના સૂક્ષ્મત્વગુણનો ઘાત કરે છે. તેના ૯૩ ભેદ છે.

પ્રશ્ન ૧૦ :- ગોત્રકર્મ કોને કહે છે?

ઉત્તર :- જે કર્મના ઉદયથી ઉચ્ચ, નીચ ગોત્ર અથવા કુળનો વ્યવહાર થાય છે, તેને ગોત્રકર્મ કહે છે. તેના ૨ ભેદ છે.

પ્રશ્ન ૧૧ :- અંતરાયકર્મ કોને કહે છે ?

ઉત્તર :- જે કર્મના ઉદયથી દાન આદિમાં વિઘ્ન પડે છે, તેને અંતરાયકર્મ કહે છે. તેના પાંચ ભેદ છે.

પ્રશ્ન ૧૨ :- ઘાતિકર્મ કોને કહે છે ?

ઉત્તર :- જીવના જ્ઞાનાદિ અનુજીવી ગુણોના ઘાતમાં અર્થાત્ જ્ઞાનાદિ ગુણોની પર્યાયોના વ્યક્ત ન થવામાં નિમિત્ત થવાવાળા કર્મને ઘાતિકર્મ કહે છે. આઠ કર્મોમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય આ ચાર ઘાતિ કર્મ છે. અહીં ઘાતિકર્મોનું પરિણમન બે પ્રકારે છે. (૧) સર્વઘાતિ (૨) દેશઘાતિ.

પ્રશ્ન ૧૩ :- સર્વઘાતિ કર્મ કોને કહે છે ?

ઉત્તર :- જીવના જ્ઞાનાદિ ગુણોની (પર્યાયોની) પૂર્ણપણે ઘાત કરવામાં નિમિત્ત થવાવાળા કર્મને સર્વઘાતિ કર્મ કહે છે.

પ્રશ્ન ૧૪ :– સર્વઘાતિ પ્રકૃતિઓ કેટલી અને કઈ - કઈ છે?

ઉત્તર :- (૧) કેવળજ્ઞાનાવરણ (૨) કેવળદર્શનાવરણ (3) નિંદ્રા (૪) નિંદ્રા - નિંદ્રા (૫) પ્રચલા (૬) પ્રચલા - પ્રચલા (૭) સ્ત્યાનગૃધ્ધિ (૮ - ૧૧) અનંતાનુબંધી ચતુષ્ટય (૧૨-૧૫) અપ્રત્યાખ્યાનાવરણ ચતુષ્ટય (૧૬-૧૯) પ્રત્યાખ્યાનાવરણ ચતુષ્ટય (૨૦) મિથ્યાત્વ દર્શન મોહનીય (૨૧) સમ્યગ્મિથ્યાત્વ દર્શનમોહનીય. આ ૨૧ પ્રકૃતિઓ સર્વઘાતિ છે.

પ્રશ્ન ૧૫ :- દેશઘાતિ કર્મ કોને કહે છે ?

ઉત્તર :- જીવના જ્ઞાનાદિ ગુણોનો એકદેશ (આંશિક) ઘાતમાં નિમિત્ત થવાવાળા કર્મને દેશઘાતિ કર્મ કહે છે.

પ્રશ્ન ૧૬ :- દેશઘાતિ પ્રકૃતિઓ કેટલી અને કઈ - કઈ છે ?

ઉત્તર :- (૧) મતિજ્ઞાનાવરણ (૨) શ્રુતજ્ઞાનાવરણ (3) અવધિજ્ઞાનાવરણ (૪) મનઃપર્યયજ્ઞાનાવરણ (૫) ચક્ષુદર્શનાવરણ (૬) અચક્ષુદર્શનાવરણ (૭) અવધિદર્શનાવરણ (૮) સમ્યકત્વ પ્રકૃતિ (૯-૧૨) સંજ્વલનચતુચ્ય (૧3-૨૧) હાસ્યાદિ નવ નોકષાય (૨૨) દાનાંતરાય (૨3) લાભાંતરાય (૨૪) ભોગાંતરાય (૨૫) ઉપભોગાંતરાય (૨૬) વીર્યાંતરાય - આ ૨૬ પ્રકૃતિઓ દેશઘાતિ છે.

પ્રશ્ન ૧૭ :- અઘાતિકર્મ કોને કહે છે?

ઉત્તર :- જે કર્મ જીવના જ્ઞાન આદિ અનુજીવી ગુણોને ઘાત કરતાં નથી તેને અઘાતિકર્મ કહે છે.

પ્રશ્ન ૧૮ :- મોહ કોને કહેવાય છે?

ઉત્તર :- ◈ પરદ્રવ્યમાં જીવને અહંકાર - મમકારરૂપ પરિણામનું થવું તે મોહ છે.

◈ દ્રવ્ય, ગુણ, પર્યાય સંબંધી મૂઢતારૂપ પરિણામ, તે મોહ છે.

◈ દેવ - ગુરૂ - ધર્મ, આપ્ત, આગમ અને પદાર્થોના સંબંધમાં અજ્ઞાનભાવ, તે મોહ છે.

◈ વિપરીત માન્યતા, તત્વોનું અશ્રધ્ધાન, વિપરીત અભિપ્રાય, પર પદાર્થોમાં એકત્વ - મમત્વ - કર્તૃત્વ - ભોકતૃત્વ અને સુખબુધ્ધિ અર્થાત્ શરીરને પોતાનું સ્વરૂપ માનવું, પંચેન્દ્રિયોના વિષયોમાં સુખ માનવું. અનુકૂળ – પ્રતિકૂળ સંયોગોમાં ઈષ્ટ - અનિષ્ટ બુધ્ધિ રાખવી, સ્વયંને પરના અથવા પરને પોતાના કર્તા - ધર્તા -હર્તા માનવું ઈત્યાદિ મિથ્યાત્વભાવ દર્શન મોહનીય કર્મના ઉદયના સમયે અર્થાત્ તેના નિમિત્તથી થવાવાળા જીવના શ્રધ્ધાગુણના વિકારી પરિણામોને મોહ કહે છે.

પ્રશ્ન ૧૯ :- રાગ કોને કહે છે ?

ઉત્તર :- કોઈ પદાર્થને ઈષ્ટ જાણી તેમાં જીવનાં પ્રીતિરૂપ પરિણામનું થવું, તે રાગ છે.

માયા, લોભ, હાસ્ય, રતિ, ત્રણ વેદરૂપ પરિણામ અને પરપદાર્થ પ્રતિ આકર્ષણ, સ્નેહ, પ્રેમ, મમત્વબુધ્ધિ, ભોકતૃત્વબુધ્ધિ, આસક્તિ ઇત્યાદિ ચારિત્રમોહનીય કર્મોદયના સમયે અર્થાત્ નિમિત્તથી થવાવાળા જીવના ચારિત્રગુણના કષાયરૂપ પરિણમન (પરિણામો)ને રાગ કહે છે.

પ્રશ્ન ૨૦ :- દ્વેષ કોને કહે છે ?

ઉત્તર :- કોઈ પદાર્થને અનિષ્ટ જાણી તેમાં જીવનાં અપ્રીતિરૂપ પરિણામનું થવું, તે દ્વેષ છે.

ક્રોધ, માન, અરતિ, શોક, ભય, જુગુપ્સા અને પરપદાર્થો પ્રતિ ઘૃણા, ઈર્ષા, દ્વેષ, જલન, દ્રોહ, અસૂયા (નિંદા, અપમાન) ઈત્યાદિ ચારિત્રમોહનીય કર્મોદયના સમયે (નિમિત્તથી) થવાવાળા જીવના ચારિત્ર ગુણના કષાયરૂપ પરિણમન અર્થાત્ પરિણામોને દ્વેષ કહે છે.

પ્રશ્ન ૨૧ :- કર્મોની કેટલી અવસ્થાઓ હોય છે?

ઉત્તર :- કર્મોની દશ અવસ્થાઓ હોય છે. (૧) બંધ (૨) સત્તા (૩) ઉદય (૪) ઉદીરણા (૫) ઉત્કર્ષણ (૬) અપકર્ષણ (૭) સંક્રમણ (૮) ઉપશાંત (૯) નિધત્તિ (૧૦) નિકાચિત.

પ્રશ્ન ૨૨ :- બંધ કોને કહે છે ?

ઉત્તર :- જીવના મોહ - રાગ – દ્વેષરૂપ પરિણામોનું નિમિત્ત પામી કાર્માણ વર્ગણાઓના આત્મપ્રદેશ સાથે થવાવાળા વિશિષ્ટ પરસ્પર એકક્ષેત્રાવગાહરૂપ સંબંધને બંધ કહે છે.

પ્રશ્ન ૨૩ :- બંધના કેટલા ભેદ હોય છે ?

ઉત્તર :- બંધના ચાર ભેદ હોય છે. (૧) પ્રકૃતિબંધ (૨) પ્રદેશબંધ (૩) સ્થિતિબંધ (૪) અનુભાગબંધ.

પ્રશ્ન ૨૪ :- પ્રકૃતિબંધ કોને કહે છે?

ઉત્તર :- પ્રકૃતિ અર્થાત્ સ્વભાવ. જેમ - લીમડાનો સ્વભાવ કડવો, ગોળનો સ્વભાવ મીઠો હોય છે, તેવી રીતે કર્મોનાં પોત-પોતાના સ્વભાવને પ્રકૃતિબંધ કહે છે.

◈ કર્મરૂપ પરિણમિત થવા યોગ્ય પુદ્ગલોનું જ્ઞાનાવરણાદિ મૂળ પ્રકૃતિરૂપ તથા તેનાં ભેદ – ઉત્તર પ્રકૃતિરૂપ પરિણમન થવાનું નામ પ્રકૃતિબંધ છે.

પ્રશ્ન ૨૫ :- પ્રદેશબંધ કોને કહે છે ?

ઉત્તર :- જીવની સાથે પ્રતિસમય જેટલા પુદ્ગલ પરમાણુ કર્મરૂપ પરિણમન કરે છે, તે પ્રમાણ અર્થાત્ સંખ્યાને પ્રદેશબંધ કહે છે.

પ્રશ્ન ૨૬ :- સ્થિતિબંધ કોને કહે છે ?

ઉત્તર :- જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પરિણમિત પુદ્ગલ સ્કંધોનું આત્મા સાથે એકક્ષેત્રાવગાહ સ્થિતિરૂપ કાળાવધિના બંધનને સ્થિતિબંધ કહે છે.

પ્રશ્ન ૨૭ :- અનુભાગબંધ કોને કહે છે ?

ઉત્તર :- જ્ઞાનાવરણાદિ કર્મોના રસ વિશેષને અથવા ફળ પ્રદાન કરવાની શક્તિ વિશેષને અનુભાગબંધ કહે છે.

પ્રશ્ન ૨૮ :- સત્વ અથવા સત્તા કોને કહેવાય છે?

ઉત્તર :- અનેક સમયોમાં બંધાયેલા કર્મોનું વિવક્ષિત કાળ સુધી જીવના પ્રદેશો સાથે અસ્તિત્વ હોવું, તેને સત્વ અથવા સત્તા કહેવાય છે.

પ્રશ્ન ૨૯ :- ઉદય કોને કહે છે?

ઉત્તર :- કર્મની સ્થિતિ પૂરી થતાં જ, કર્મના ફળ આપવાને ઉદય કહેવાય છે.

પ્રશ્ન 30 :- ઉદીરણા કોને કહે છે?

ઉત્તર :- જીવના પરિણામોના નિમિત્તથી કર્મની સ્થિતિ પૂરી થયા પહેલાં જ કર્મનું ઉદયમાં આવી ફળ આપવું, તેને ઉદીરણા કહે છે.

◈ જીવના પરિણામોના નિમિત્તથી કર્મના ઉદયાવલીની બહારનાં નિષેકોનું ઉદયાવલીના નિષેકોમાં ભળી જવું ઉદીરણા છે.

◈ જે કર્મનો ઉદયકાળ નથી આવ્યો, તે કર્મનું ઉદયકાળમાં આવવું તેને ઉદીરણા કહે છે.

◈ અકાળપાક ને ઉદીરણા કહે છે.

પ્રશ્ન ૩૧ :- ઉત્કર્ષણ કોને કહેવાય છે ?

ઉત્તર :- જીવનાં પરિણામોનું નિમિત્ત પામી કર્મની સ્થિતિ - અનુભાગનું વધવું, તેને ઉત્કર્ષણ કહે છે.

પ્રશ્ન ૩૨ :- અપકર્ષણ કોને કહેવાય છે ?

ઉત્તર :- જીવનાં પરિણામોનું નિમિત્ત પામી કર્મની સ્થિતિ - અનુભાગનું ઘટવું, તેને અપકર્ષણ કહે છે.

પ્રશ્ન ૩૩ :- સંક્રમણ કોને કહે છે ?

ઉત્તર :- વિવક્ષિત કર્મ પ્રકૃતિઓના પરમાણુઓનું સજાતીય અન્ય પ્રકૃતિરૂપ પરિણમન થવું, તેને સંક્રમણ કહે છે.

જેમ કે - વિશુધ્ધ પરિણામોના નિમિત્તથી પૂર્વબધ્ધ અસાતા વેદનીય પ્રકૃતિના પરમાણુઓનું સાતાવેદનીયરૂપ તથા સાતાવેદનીયનું અસાતાવેદનીયરૂપ પરિણમન થયું.

આમાં પણ એટલી વિશેષતા છે કે (૧) મૂળ પ્રકૃતિઓમાં પરસ્પર સંક્રમણ થતું નથી. (૨) ચારે આયુમાં આપસમાં સંક્રમણ નથી થતું (3) મોહનીયના ઉત્તરભેદ – દર્શનમોહનીયનું ચારિત્રમોહનીયમાં સંક્રમણ નથી. થતું. (૪) દર્શનમોહનીયનાં ભેદોમાં તથા ચારિત્રમોહનીય કર્મના ભેદોમાં પરસ્પર સંક્રમણ થાય છે.

પ્રશ્ન ૩૪ :- ઉપશાંત કોને કહે છે ?

ઉત્તર :- જે કર્મ ઉદયમાં ન આવી શકે, સત્તામાં રહે, તે ઉપશાંત કહેવાય છે.

◈ सत्ताविषैं तिष्ठता अपनी-अपनी स्थिति को धरै हैं ज्ञानावरणादिक कर्म का द्रव्य जा विषै, जाकी जावत् काल उदीरणा न होय तावत् काल उपशांत करण कहिए ।

◈ ઉપશાંત કરણ આઠેય કર્મોમાં થાય છે.

◈ ઉપશાંત અવસ્થાને પ્રાપ્ત કર્મનું ઉત્કર્ષણ, અપકર્ષણ અને સંક્રમણ થઈ શકે છે, પરંતુ તેની ઉદીરણા થતી નથી.

◈ કર્મોની દસ અવસ્થાઓમાં ઉપશાંતકરણ છે.

પ્રશ્ન ૩૫ :- ઉપશમ કોને કહે છે ?

ઉત્તર :- આત્મામાં કર્મની નિજશક્તિનું કારણવશ પ્રગટ ન થવું ઉપશમ છે. જેમ – કતકફળ (ફટકડી) આદિ દ્રવ્યના સંબંધથી પાણીમાં કીચડનું ઉપશમ થઈ જાય છે.

◈ પરિણામોની વિશુધ્ધતાથી કર્મોની શક્તિનું અનુભૂત રહેવું અર્થાત્ પ્રગટ ન થવું ઉપશમ છે.

◈ ઉપશમ માત્ર દર્શનમોહનીય તથા ચારિત્ર મોહનીયમાં થાય છે,અન્ય કોઈ પણ કર્મોમાં નહીં.

◈ કર્મોની દસ અવસ્થાઓમાં ઉપશમકરણ નથી.

◈ પ્રશસ્ત - અપ્રશસ્ત ભેદ ઉપશાંતનાં નથી.

પ્રશ્ન ૩૬:- પ્રશસ્ત ઉપશમ કોને કહેવાય છે?

ઉત્તર :- (અ) અધઃકરણાદિ દ્વારા ઉપશમ વિધાનથી (અનંતાનુબંધી ચતુષ્ટય વગર) મોહનીય કર્મની જે ઉપશમ થાય છે, તેને પ્રશસ્ત ઉપશમ અથવા અંતરકરણરૂપ ઉપશમ પણ કહેવાય છે.

(બ) આગામી કાળમાં ઉદયમાં આવવા યોગ્ય કર્મ પરમાણુઓને જીવકૃત પરિણામ વિશેષ દ્વારા આગળ – પાછળ ઉદયમાં આવવા યોગ્ય થવાને અંતરકરણરૂપ ઉપશમ કહે છે. ઔપશમિક સમ્યક્ત્વમાં દર્શનમોહનીયનો પ્રશસ્ત ઉપશમ જ થાય છે.

(ક) ઉદય, ઉદીરણા, ઉત્કર્ષણ, અપકર્ષણ, પરપ્રકૃતિસંક્રમણ, સ્થિતિકાંડકઘાત, અનુભાગકાંડકઘાત વગર કર્મોની સત્તામાં રહેવાને પ્રશસ્ત ઉપશમ કહે છે.

પ્રશ્ન ૩૭ :- અપ્રશસ્ત ઉપશમ કોને કહે છે?

ઉત્તર :- અપ્રશસ્ત ઉપશમનું બીજું નામ સદ્દવસ્થારૂપ ઉપશમ પણ છે.

◈ વર્તમાન સમયને છોડીને આગામી કાળમાં ઉદયમાં આવવાવાળા કર્મોનું સત્તામાં પડી રહેવું, તેને સદ્દવસ્થારૂપ ઉપશમ અથવા અપ્રશસ્ત ઉપશમ કહે છે.

◈ ઉદયનો અભાવ જ અપ્રશસ્ત ઉપશમ છે.

◈ અનંતાનુબંધીનો અપ્રશસ્ત ઉપશમ જ હોય છે. જેમકે –સર્વઘાતિ પ્રકૃતિઓનો ક્ષયોપશમ દશામાં થવાવાળો સદ્દવસ્થારૂપ ઉપશમ.

◈ જે કર્મ ત્રણ કરણો વગર જ સત્તામાં સ્વયં દબાયેલા રહે, તેને અપ્રશસ્ત ઉપશમ કહે છે.

◈ સમ્યકદર્શનના સમયે જે ત્રણ કરણ હોય છે, તે દર્શનમોહનીયકર્મના ઉપશમને લીધે થાય છે, અનંતાનુબંધી કષાયને દબાવવા માટે નહીં, પરંતુ અનંતાનુબંધીનો સદ્દવસ્થારૂપ / અપ્રશસ્ત ઉપશમ સ્વયં થાય છે.

પ્રશ્ન ૩૮ :- નિધત્તિ કોને કહે છે ?

ઉત્તર :- સંક્રમણ અને ઉદીરણાને અયોગ્ય પ્રકૃતિઓને નિધત્તિ કહે છે.

પ્રશ્ન ૩૯ :- નિકાચિત કોને કહે છે ?

ઉત્તર :- સંક્રમણ, ઉદીરણા, ઉત્કર્ષણ તથા અપકર્ષણને અયોગ્ય પ્રકૃતિઓને નિકાચિત કહે છે.

આ ત્રણે (ઉપશાંત દ્રવ્યકર્મ, નિધત્તિ તથા નિકાચિત કર્મ) પ્રકારના કરણ અપૂર્વકરણ ગુણસ્થાન સુધી જ જોવામાં આવે છે, કારણકે અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં પ્રવેશ કરવાનાં પ્રથમ સમયમાં જ બધાં કર્મોના ત્રણે કરણ યુગપદ્ નષ્ટ થઇ જાય છે. (કર્મકાંડ ગાથાઃ ૪૫૦ તથા જયધવલા પુસ્તકઃ ૧૩, પાનું ૨૩૧,૬૭૬)

પ્રશ્ન ૪૦ :- ઉદયાવલી કોને કહે છે?

ઉત્તર :- વર્તમાન સમયથી લઈને એક આવલી સુધીના કાળમાં ઉદયમાં આવવા યોગ્ય નિષેકોને ઉદયાવલી કહે છે.

પ્રશ્ન ૪૧ :- નિષેક કોને કહે છે?

ઉત્તર :- એક સમયમાં ઉદયમાં આવવાવાળા કર્મપરમાણુના સમૂહને નિષેક કહે છે.

પ્રશ્ન ૪૨ :- ક્ષય કોને કહે છે?

ઉત્તર :- કર્મોનું આત્માથી સર્વથા દૂર થવું તેને ક્ષય કહે છે.

◈ કર્મોની કર્મરૂપથી નાશ થવાને અર્થાત્ અકર્મદશા થવાને ક્ષય કહે છે.

પ્રશ્ન ૪૩ :- શ્રેણી કોને કહે છે?

ઉત્તર :- ચારિત્ર મોહનીયની અનંતાનુબંધી ચતુષ્ટય વિના શેષ ૨૧ પ્રકૃતિઓના ઉપશમ અથવા ક્ષયમાં નિમિત્ત થવાવાળા જીવના શુધ્ધભાવો અર્થાત્ વૃધ્ધિગત વીતરાગ પરિણામોને શ્રેણી કહે છે.

પ્રશ્ન ૪૪ :- શ્રેણીના કેટલા ભેદ છે?

ઉત્તર :- શ્રેણીના બે ભેદ છે. ૧) ઉપશમ શ્રેણી અને ૨) ક્ષપકશ્રેણી

પ્રશ્ન ૪૫ :- શ્રેણી ચઢવાનો શું અભિપ્રાય છે?

ઉત્તર :- સાતમા ગુણસ્થાનથી આગળ આ જીવ ક્રમથી શુધ્ધભાવોને અર્થાત્ વીતરાગતાને વધારતો જ જાય છે, તેને શ્રેણી ચઢવું કહે છે.

◈ સાતમા ગુણસ્થાનથી આગળ વૃધ્ધિગત વીતરાગ પરિણામોની બે શ્રેણીઓ છે. (૧) ઉપશમ શ્રેણી (૨) ક્ષપક શ્રેણી. પ્રત્યેક શ્રેણીમાં ચાર - ચાર ગુણસ્થાન છે.

પ્રશ્ન ૪૬ :- ઉપશમશ્રેણી કોને કહે છે? તેના ક્યા-ક્યા ગુણસ્થાન છે?

ઉત્તર :- જેમાં ચારિત્ર મોહનીયની ૨૧ પ્રકૃતિઓની ઉપશમની સાથે વીતરાગતા વધતી જાય છે, તેને ઉપશમશ્રેણી કહે છે. આઠ – નવ - દસ અને અગિયાર આ ચાર ગુણસ્થાન ઉપશમ શ્રેણીના છે.

પ્રશ્ન ૪૭ :- ક્ષપક શ્રેણી કોને કહે છે ? તેના કયા-કયા ગુણસ્થાન છે?

ઉત્તર :- જેમાં ચારિત્ર મોહનીયની ૨૧ પ્રકૃતિઓના ક્ષયની સાથે વીતરાગતા વધતી જાય છે, તેને ક્ષપક શ્રેણી કહે છે. આઠ-નવ-દસ અને બારમું આ ચાર ગુણસ્થાન ક્ષપક શ્રેણીના છે.

પ્રશ્ન ૪૮ :- શ્રેણી ચઢવાને પાત્ર કોણ હોય છે ?

ઉત્તર :- સાતિશય અપ્રમત્તવિરત નામના સાતમા ગુણસ્થાનવર્તી મુનિરાજ શ્રેણી ચઢવાના પાત્ર છે.

◈ ક્ષાયિક સમ્યક્દ્રષ્ટિ અપ્રમત્ત મુનિરાજ, ઉપશમ અથવા ક્ષપક શ્રેણી ચઢી શકે છે, પરંતુ દ્વિતીયોપશમ સમ્યક્દ્રષ્ટિ માત્ર ઉપશમશ્રેણી ચઢી શકે છે.

પ્રશ્ન ૪૯ :- મોહનીય કર્મ કોને કહે છે ? તેના કેટલાં અને કયા-કયા ભેદ છે?

ઉત્તર :- જીવના મોહ - રાગ - દ્વેષ આદિ વિકારી પરિણામોનાં થવામાં નિમિત્ત થવાવાળા કર્મને મોહનીય કર્મ કહે છે. તેના બે ભેદ છે. (૧) દર્શનમોહનીય (૨) ચારિત્રમોહનીય

પ્રશ્ન ૫૦ :- દર્શનમોહનીયના કેટલા અને કયા-કયા ભેદ છે?

ઉત્તર :- બંધની અપેક્ષાએ દર્શનમોહનીય કર્મ એક જ પ્રકારે છે. પરંતુ સત્વ અર્થાત્ સત્તા અને ઉદયની અપેક્ષાએ ત્રણ ભેદ છે. (૧) મિથ્યાત્વ (૨) સમ્યગ્ મિથ્યાત્વ (3) સમ્યક્પ્રકૃતિ. જેમ - ચક્કીમાં દળેલા ચોખાનાં ફાડા, ચોખા તથા કણકી આ પ્રમાણે ત્રણ ભેદ છે, તે જ પ્રકારે પ્રથમોપશમ સમ્યકત્વરૂપી ચક્કીથી દળાયેલા દર્શન મોહનીયકર્મના ત્રણ ભેદ છે.

પ્રશ્ન ૫૧ :- મિથ્યાત્વદર્શનમોહનીય કર્મ કોને કહે છે?

ઉત્તર :- સર્વજ્ઞપ્રણિત માર્ગથી વિમુખ થઈને તત્વાર્થ શ્રધ્ધાનમાં નિરૂત્સાહી, હિતાહિત વિચાર કરવામાં અસમર્થ, મિથ્યાત્વ અર્થાત્ વિપરીત માન્યતારૂપ પરિણામોમાં નિમિત્ત થવાવાળા કર્મને મિથ્યાત્વ દર્શનમોહનીય કર્મ કહે છે.

પ્રશ્ન ૫૨ :- સમ્યગ્ મિથ્યાત્વ દર્શનમોહનીય કર્મ કોને કહે છે?

ઉત્તર :- પ્રક્ષાલિત ક્ષીણ - અક્ષીણ મંદ - શક્તિવાળા ચોખાના સમાન મિશ્ર શ્રધ્ધાનમાં નિમિત્ત થવાવાળા કર્મને સમ્યગ્ મિથ્યાત્વ (મિશ્ર) દર્શનમોહનીય કર્મ કહે છે.

પ્રશ્ન ૫૩ :- સમ્યક્પ્રકૃતિ દર્શનમોહનીય કર્મ કોને કહે છે?

ઉત્તર :- ક્ષાયોપશમિક સમ્યકત્વમાં ચલ, મલ, અગાઢ દોષોના ઉત્પન્ન થવામાં નિમિત્ત થવાવાળા કર્મને સમ્યક્ પ્રકૃતિ દર્શનમોહનીય કર્મ કહે છે.

પ્રશ્ન ૫૪ :- ચારિત્રમોહનીય કર્મ કોને કહે છે?

ઉત્તર :- સમ્યક્દર્શન - જ્ઞાનપૂર્વક રાગ-દ્વેષની નિવૃત્તિમય આત્મસ્થિરતારૂપ ચારિત્રની અપ્રગટતામાં નિમિત્ત થવાવાળા કર્મને ચારિત્રમોહનીય કર્મ કહે છે.

પ્રશ્ન ૫૫ :- ચારિત્ર મોહનીયકર્મના કેટલા ભેદ - પ્રભેદ છે? કયા-કયા?

ઉત્તર :- ચારિત્ર મોહનીયકર્મના બે ભેદ છે. (૧) કષાય (૨) નોકષાય.

◈ કષાયના સોળ ભેદ છે-અનંતાનુબંધી ક્રોધ- માન - માયા - લોભ, અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ - માન - માયા - લોભ, પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ - માન - માયા - લોભ, સંજવલન ક્રોધ - માન - માયા - લોભ.

◈ નોકષાયના નવ ભેદ છે - હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરૂષવેદ, નપુંસક વેદ (આ નવ નોકષાય પણ અનંતાનુબંધી આદિ ચાર ભેદ રૂપ પણ હોય છે. અર્થાત તેનો ઉદય તે ક્રોધાદિ સાથે યથા સંભવ થાય છે. (ખુલાસા માટે ભાવદીપિકા પાના નં. ૪૯ થી ૭૦ કષાયભાવ અંતરાધિકાર વાંચો.)

પ્રશ્ન ૫૬ :- કષાય કર્મ કોને કહે છે?

ઉત્તર :- અમર્યાદિત - વિસ્તૃત સંસારરૂપી કર્મક્ષેત્રને (કર્મરૂપી ખેતરને) ખેડીને આત્મ સ્વભાવથી વિપરીત લૌકિક સુખ અને દુ:ખ આદિ અનેક પ્રકારના ધાન્યના ઉત્પાદક જીવના વિકારી પરિણામોને કષાય કહે છે.

◈ આત્માને દુઃખી કરવાવાળા, આકુળ-વ્યાકુળ કરવાવાળા, કસવાવાળા પરિણામને કષાય કહે છે. આ જ પરિણામોના સમયે પૂર્વબધ્ધકર્મોનો જે ઉદય નિમિત્ત થાય છે, તેને જ કષાય કર્મ કહે છે.

◈ આ કષાય પરિણામોના સમયે સ્વયં કર્મરૂપપરિણમિત નવી કાર્માણવર્ગણાને કષાય કર્મ કહે છે.

પ્રશ્ન ૫૭ :- નોકષાય કર્મ કોને કહે છે ?

ઉત્તર :- નો = કિંચિત્, માત્ર, અલ્પ. કિંચિત્ કષાય કર્મને નોકષાય કર્મ કહે છે.

પ્રશ્ન ૫૮ :- અનંતાનુબંધી કષાય કર્મ કોને કહે છે ?

ઉત્તર :- અનંત + અનુબંધી = અનંતાનુબંધી.

અનંત = સંસાર અર્થાત્ મિથ્યાત્વ પરિણામ.

અનુ = સાથે-સાથે.

બંધી = બંધાવવાવાળા.

◈ મિથ્યાત્વ પરિણામની સાથે- સાથે બંધાવાવાળા કષાય ને અનંતાનુબંધી કષાય કર્મ કહે છે.

◈ જે કષાય અનંત દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવોથી અનુબંધ કરે - સંબંધ જોડે, તેને અનંતાનુબંધી કષાય કર્મ કહે છે. જેમ કે - અન્યાય, અનીતિ તથા અવિવેકપૂર્વક રાજ્ય વિરૂધ્ધ, લોક વિરૂધ્ધ તથા ધર્મવિરૂધ્ધ અમર્યાદિતરૂપથી થવાવાળા જીવના કષાય ભાવ.

◈ આ કષાય સમ્યકત્વ તથા ચારિત્ર બંનેના ઘાતમાં નિમિત્ત થાય છે.

પ્રશ્ન ૫૯ :- અપ્રત્યાખ્યાનાવરણીય કષાય કર્મ કોને કહે છે ?

ઉત્તર :- અપ્રત્યાખ્યાનાવરણ = અપ્રત્યાખ્યાન + આવરણ. અ = કિંચિત્, અલ્પ. પ્રત્યાખ્યાન = ત્યાગ અર્થાત્ કિંચિત્ ત્યાગ અર્થાત્ દેશચારિત્ર, સંયમાસંયમ.

◈ દ્રવ્યવ્રત અર્થાત્ બુધ્ધિપૂર્વક શુભોપયોગરૂપ બાહ્ય વ્રતોનું ગ્રહણ.

◈ ભાવવ્રત/ચારિત્ર અર્થાત્ બે કષાય ચોકડીના અભાવથી વ્યક્ત થવાવાળી વીતરાગતા. જેમ કે - ન્યાય, નીતિ તથા વિવેકપૂર્વક રાજ્યાદિથી અવિરૂધ્ધ મર્યાદાપૂર્વક થવાવાળા જીવના અકષાય ભાવ.

◈ આવરણ = ઢાંકવાવાળું.

◈ જીવના દેશસંયમરૂપ ચારિત્ર પરિણામોને આવૃત્ત કરવામાં અર્થાત્ ઢાંકવામાં નિમિત્ત થવાવાળા કર્મને અપ્રત્યાખ્યાનાવરણીય કષાય કર્મ કહે છે.

પ્રશ્ન ૬૦ :- પ્રત્યાખ્યાનાવરણીય કષાય કર્મ કોને કહે છે ?

ઉત્તર :- પ્રત્યાખ્યાનાવરણ = પ્રત્યાખ્યાન + આવરણ

પ્રત્યાખ્યાન = ત્યાગ, મહાવ્રત, સકલસંયમ, સકલચારિત્ર, સંયમ.

◈ દ્રવ્યવ્રત અર્થાત્ બુધ્ધિપૂર્વક શુભોપયોગરૂપ બાહ્ય મહાવ્રતોનું ગ્રહણ.

◈ ભાવવ્રત/ચારિત્ર અર્થાત્ ત્રણ કષાય ચોકડીના અભાવથી વ્યક્ત થવાવાળી વીતરાગતા.

જીવના સકલ સંયમરૂપ ચારિત્ર પરિણામોને ઢાંકવામાં અર્થાત્ આવૃત્ત કરવામાં નિમિત્ત થવાવાળા કર્મને પ્રત્યાખ્યાનાવરણીય કષાય કર્મ કહે છે.

પ્રશ્ન ૬૧ :- સંજ્વલન કષાય કર્મ કોને કહે છે ?

ઉત્તર :- સંજવલન = સન્ + જ્વલન, સન્ = સારી રીતે, જ્વલન = પ્રકાશિત થવું. જીવના સકલ સંયમ પરિણામોની સાથે જે સારી રીતે પ્રકાશિત થાય છે, રહી શકે છે. (નષ્ટ થાય છે, બળે છે)

◈ જે સકલસંયમ પરિણામોના ઘાતમાં નિમિત્ત નથી થતાં, પરંતુ સકલ સંયમની સાથે રહે છે, તેને સંજ્વલન કષાય કહે છે.

◈ જીવના યથાખ્યાત ચારિત્ર પરિણામો અર્થાત્ પૂર્ણ વીતરાગ ભાવનાં ઘાતમાં નિમિત્ત થવાવાળા કર્મને સંજવલન કષાય કર્મ કહે છે.

પ્રશ્ન ૬૨ :- ક્ષયોપશમ કોને કહે છે?

ઉત્તર :- વર્તમાનકાળના સર્વઘાતિ સ્પર્ધકોનો ઉદયાભાવી ક્ષય, ભવિષ્યકાળમાં ઉદયમાં આવવા યોગ્ય સર્વઘાતિ સ્પર્ધકોનું સદ્દઅવસ્થારૂપ ઉપશમ અને વર્તમાનકાલીન દેશઘાતિ સ્પર્ધકોનો ઉદય, આ ત્રણરૂપ કર્મની અવસ્થાને ક્ષયોપશમ કહે છે.

પ્રશ્ન ૬૩ :- ઉદયાભાવીક્ષય કોને કહે છે ?

ઉત્તર :- જ્યારે સર્વઘાતિ સ્પર્ધકોનો ઉદય હોય છે, ત્યારે આત્માના ગુણની થોડીપણ અભિવ્યક્તિ નથી થતી, માટે આ ઉદયના અભાવને ઉદયાભાવી ક્ષય કહે છે.

◈ આત્મગુણો (પર્યાયો)ની કિંચિત્ પણ અભિવ્યક્તિ ન થવામાં નિમિત્ત થવાવાળા સર્વઘાતિ સ્પર્ધકોનો ઉદયના અભાવને ઉદયાભાવી ક્ષય કહે છે.

◈ માત્ર સર્વઘાતિ સ્પર્ધક અનંતગુણા હીન થઈ – થઈને અર્થાત્ ઉદયના એક સમય પહેલા દેશઘાતિ સ્પર્ધકમાં પરિણમિત થઈને ઉદયમાં આવે છે. તે સર્વઘાતિસ્પર્ધકોનું અનંતગણું હીનત્વ જ ક્ષય કહેવાય છે. તેને જ સ્તિબુક સંક્રમણ કહે છે.

પ્રશ્ન ૬૪ :- સદ્અવસ્થારૂપ ઉપશમ કોને કહે છે ?

ઉત્તર :- વર્તમાન સમયને છોડીને આગામી કાળમાં ઉદયમાં આવવાવાળા કર્મોનું સત્તામાં રહેવાને સદ્વસ્થારૂપ ઉપશમ કહે છે.

પ્રશ્ન ૬૫ :- અવિભાગી - પ્રતિચ્છેદ કોને કહે છે ?

ઉત્તર :- શકિતના અવિભાગી અંશને અવિભાગી પ્રતિચ્છેદ કહે છે. અ = નહીં, વિભાગ = અંશ અર્થાત્ જેનો બીજો અંશ (ભાગ) ન થઈ શકે, તે અવિભાગી છે. પ્રતિચ્છેદ = શક્તિનો અંશ

◈ દ્રવ્યમાં સૌથી નાનો પરમાણુ તથા કાલાણુ, ક્ષેત્રની અપેક્ષાએ આકાશનો એક પ્રદેશ, કાળની દ્રષ્ટિથી સૌથી નાનો સમય અને ભાવની અર્થાત્ શક્તિની અપેક્ષાએ બધાથી નાનો અંશ અવિભાગી પ્રતિચ્છેદ છે.

પ્રશ્ન ૬૬ :- વર્ગ કોને કહે છે ?

ઉત્તર :- સમાન (સરખા) અવિભાગી - પ્રતિચ્છેદોના સમૂહને વર્ગ કહે છે. જો કે પ્રત્યેક પરમાણુમાં અનંત અવિભાગી - પ્રતિચ્છેદ હોય છે. માટે પ્રત્યેક પરમાણુ એક વર્ગ છે.

પ્રશ્ન ૬૭:- વર્ગણા કોને કહે છે ?

ઉત્તર :- સમાન (સરખા) અવિભાગી - પ્રતિચ્છેદોથી યુક્ત વર્ગોના સમૂહને વર્ગણા કહે છે.

પ્રશ્ન ૬૮:- સ્પર્ધક કોને કહે છે?

ઉત્તર :- એક એક અવિભાગી - પ્રતિચ્છેદોથી અધિક વર્ગોના સમૂહરૂપ વર્ગણાઓ જ્યાં સુધી ઉપલબ્ધ થાય, તે વર્ગણાઓના સમૂહને સ્પર્ધક કહે છે.

◈ અનેક પ્રકારની અનુભાગશક્તિથી યુક્ત કાર્માણ-વર્ગણાઓને અર્થાત્ કર્મસમૂહને સ્પર્ધક કહે છે.

◈ સર્વઘાતિ પ્રકૃતિમાં સંપૂર્ણ સ્પર્ધક સર્વઘાતિ જ હોય છે, તેમાં દેશઘાતિ સ્પર્ધક નિયમથી હોતા નથી. આ કારણથી સર્વઘાતિ પ્રકૃતિમાં કર્મનો ક્ષયોપશમ ઘટિત થતો નથી. જેમ કે - કેવળજ્ઞાનાવરણ કર્મો.

◈ દેશઘાતિ પ્રકૃતિમાં સ્પર્ધક, સર્વઘાતિ તથા દેશઘાતિ બંને પ્રકારના હોય છે. આ કારણથી દેશઘાતિ કર્મોના ઉદયકાળમાં કર્મનો ક્ષયોપશમ ઘટિત થાય છે અને જીવના જ્ઞાનાદિ અનુજીવી ગુણની પર્યાય પ્રગટ થાય છે. જેમ કે - મતિજ્ઞાનાવરણાદિ દેશઘાતિકર્મ.

પ્રશ્ન ૬૯ :- પૂર્વસ્પર્ધક કોને કહે છે?

ઉત્તર :- અનિવૃત્તિકરણ નામના નવમા ગુણસ્થાનની પૂર્વે જોવામાં આવતાં સ્પર્ધકોને પૂર્વસ્પર્ધક કહે છે.

પ્રશ્ન ૭૦ :- અપૂર્વસ્પર્ધક કોને કહે છે?

ઉત્તર :- અનિવૃત્તિકરણ ગુણસ્થાનના પરિણામોના નિમિત્તથી અનુભાગ ક્ષીણ સ્પર્ધકોને અપૂર્વસ્પર્ધક કહે છે.

પ્રશ્ન ૭૧ :- કૃષ્ટિ (અનુકૃષ્ટિ) કોને કહે છે?

ઉત્તર :- કર્મોના અનુભાગને ક્રમ ક્રમથી હીન થવાને કૃષ્ટિ અથવા અનુકૃષ્ટિ કહે છે. અર્થાત્ અનુભાગનું કૃષ થવું - ઘટવું તે કૃષ્ટિ છે. આ અનિવૃત્તિકરણ ગુણસ્થાનના પરિણામોના નિમિત્તથી થાય છે.

પ્રશ્ન ૭૨ :- બાદરકૃષ્ટિ કોને કહે છે ?

ઉત્તર :- અપૂર્વ સ્પર્ધકથી પણ વિશેષ અનુભાગ ક્ષીણ સ્પર્ધકોને બાદરકૃષ્ટિ કહે છે. અર્થાત્ સંજ્વલન ક્રોધ, માન, માયા, લોભનો અનુભાગ ઘટાડવો - સ્થૂલ ખંડ કરવો, તે બાદરકૃષ્ટિ છે.

પ્રશ્ન ૭૩ :- સૂક્ષ્મ કૃષ્ટિ કોને કહે છે?

ઉત્તર :- બાદર કૃષ્ટિથી પણ વિશેષ અનુભાગ ક્ષીણ સ્પર્ધકોને સૂક્ષ્મ કૃષ્ટિ કહે છે.

પ્રશ્ન ૭૪ :- અનુકૃષ્ટિ રચના કોને કહે છે?

ઉત્તર :- ઉપર - નીચેના પરિણામોમાં અનુકર્ષણ (ક્રમ-ક્રમથી ક્ષીણ થવું) ને બતાવવાવાળી રચના વિશેષને અનુકૃષ્ટિ રચના કહે છે.

પ્રશ્ન ૭૫:- માર્ગણા કોને કહે છે અને તેના કેટલાં ભેદ છે?

ઉત્તર :- કોઈક વિશિષ્ટ પર્યાયો અર્થાત્ ભાવોના આધાર પર જીવોના અન્વેષણ (ખોજ, સંશોધન)ને માર્ગણા કહે છે. તેના ૧૪ ભેદ છે - ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્યત્વ, સમ્યકત્વ, સંજ્ઞા અને આહાર.

◈ માર્ગણા પ્રકરણમાં વિવક્ષિત ભાવનો સદ્દભાવ - અસદ્દભાવ બંને અપેક્ષિત હોય છે.

પ્રશ્ન ૭૬ :- સમ્યકત્વમાર્ગણા કોને કહે છે ? તેના કેટલા ભેદ છે?

ઉત્તર:- સમ્યક્દર્શન / શ્રધ્ધાગુણની મુખ્યતાથી જીવોના અન્વેષણને સમ્યકત્વમાર્ગણા કહે છે.

તેના છ ભેદ છે. મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર, ઔપશમિકસમ્યકત્વ, ક્ષાયોપશમિકસમ્યકત્વ અને ક્ષાયિકસમ્યકત્વ. (પ્રથમ ત્રણ ભેદોનું સ્વરૂપ તત્સંબંધી ગુણસ્થાનરૂપ જ છે, તેથી ગુણસ્થાન અધ્યાયમાં જોવું)

"સમ્યકત્વના તો ભેદ ત્રણ જ છે, તથા સમ્યકત્વના અભાવરૂપ મિથ્યાત્વ છે. બંનેના મિશ્રભાવ તે મિશ્ર છે. સમ્યકત્વનો ઘાતકભાવ તે સાસાદન છે. આ રીતે સમ્યત્વમાર્ગણાથી જીવનો વિચાર કરવાથી છ ભેદ કહ્યા છે." - (મોક્ષમાર્ગપ્રકાશક - પાના નં. ૩૩૭).

પ્રશ્ન ૭૭ :- ઔપશમિકસમ્યકત્વ કોને કહે છે?

ઉત્તર :- નિજ શુધ્ધાત્મ સન્મુખ પુરૂષાર્થી જીવની પાંચ, છ કે સાત પ્રકૃતિઓ (દર્શનમોહનીયની ત્રણ અને અનંતાનુબંધી ચતુષ્ટય)ના ઉપશમના સમયે-તે કાળમાં - (નિમિત્તથી) થવાવાળા શ્રધ્ધાગુણના સમ્યક પરિણમનને ઔપશમિકસમ્યકત્વ કહે છે.

અનાદિ મિથ્યાદ્રષ્ટિની પાંચ પ્રકૃતિઓનો તથા સાદિ મિથ્યાદ્રષ્ટિની સાત, છ કે પાંચ પ્રકૃતિઓનો ઉપશમ થાય છે.

અનાદિ મિથ્યાદ્રષ્ટિ જીવને સમ્યગ્દર્શનની પ્રગટતાનાં સમયે સર્વપ્રથમ ઔપશમિક સમ્યક્દર્શન જ પ્રગટ થાય છે.

પ્રશ્ન ૭૮:- ક્ષાયોપશમિક સમ્યકત્વ કોને કહે છે?

ઉત્તર :- નિજ શુધ્ધાત્મ સન્મુખ પુરૂષાર્થી જીવની પૂર્વોક્ત સાતા પ્રકૃતિઓના ક્ષયોપશમ સમયે - તે કાળમાં (નિમિત્તથી) થવાવાળા શ્રધ્ધાગુણના સમ્યક પરિણમનને ક્ષાયોપશમિક સમ્યકત્વ કહે છે.

◈ ક્ષયોપશમ - અનંતાનુબંધી ચતુષ્ટય, મિથ્યાત્વ તથા સમ્યગ્મિથ્યાત્વ આ છ સર્વઘાતિ પ્રકૃતિઓના ઉદયાભાવી ક્ષય અને સદવસ્થારૂપ ઉપશમ તથા દેશઘાતિ સમયક્પ્રકૃતિ દર્શનમોહનીયનો ઉદય.

પ્રશ્ન ૭૯ :- ક્ષાયિકસમ્યકત્વ કોને કહે છે?

ઉત્તર :- નિજ શુધ્ધાત્મસન્મુખ પુરૂષાર્થી જીવની પૂર્વોક્ત સાત પ્રકૃતિઓના સર્વથા ક્ષયના સમયે થવાવાળા તથા ભવિષ્યમાં અનંતકાળ સુધી રહેવાવાળા શ્રધ્ધાગુણના સમ્યક પરિણમનને ક્ષાયિકસમ્યકત્વ કહે છે.

ક્ષાયિક સમ્યક્દર્શન હંમેશા ક્ષાયોપશમિક સમ્યકત્વપૂર્વક જ થાય છે અને ભવિષ્યકાળમાં અનંતકાળ સુધી ક્ષાયિકરૂપ જ રહે છે.

પ્રશ્ન ૮૦ :- ઔપશમિકસમ્યકત્વના કેટલા ભેદ છે ?

ઉત્તર :- બે ભેદ છે. પ્રથમોપશમ સમ્યકત્વ અને દ્વિતીયોપશમ સમ્યકત્વ.

પ્રશ્ન ૮૧:- પ્રથમોપશમ સમ્યકત્વ કોને કહે છે ?

ઉત્તર :- 'પ્રથમ' શબ્દનો અર્થ પહેલીવાર નથી. અનાદિ અથવા સાદિ મિથ્યાદ્રષ્ટિ જીવને જ્યારે પણ ઔપશમિક સમ્યક્દર્શન પ્રગટ થાય છે, તેને પ્રથમોપશમ સમ્યક્ત્વ કહે છે.

પ્રશ્ન ૮૨ :- દ્વિતીયોપશમસમ્યકત્વ કોને કહે છે?

ઉત્તર :- ક્ષાયોપશમિકસમ્યકત્વના અનંતર (પછી) શ્રેણી ચડવા માટે જે ઔપશમિક સમ્યકત્વ થાય છે, તેને દ્વિતીયોપશમ સમ્યકત્વ કહે છે.

◈ શ્રેણી ચડવાની સન્મુખ સાતિશય સાતમા ગુણસ્થાનવર્તી ક્ષાયોપશમિક સમ્યક્દ્રષ્ટિ મુનિરાજના (અનંતાનુબંધી ચતુષ્ટયના વિસંયોજન તથા) દર્શનમોહનીયત્રિકના ઉપશમના સમયે અર્થાત્ નિમિત્તથી થવાવાળા શ્રધ્ધાગુણના સમ્યક પરિણમનને દ્વિતિયોપશમ સમ્યકત્વ કહે છે.

પ્રશ્ન ૮૩:- વિસંયોજન કોને કહે છે?

ઉત્તર :- અનંતાનુબંધી ચતુષ્ટયના અપ્રત્યાખ્યાનાવરણ આદિ બાર કષાય તથા હાસ્યાદિ નવ નોકષાયકર્મરૂપ પરિણમિત થવાને વિસંયોજન કહે છે.

આ વિસંયોજનનું કાર્ય ચોથાથી સાતમા ગુણસ્થાન સુધીના કોઈપણ એક ગુણસ્થાનમાં થાય છે.

પ્રશ્ન ૮૪ :- જીવના અસાધારણ ભાવ કોને કહે છે ? તે કેટલા પ્રકારના છે?

ઉત્તર :- જીવના અતિરિક્ત (સિવાય) અન્ય દ્રવ્યોમાં ન હોય અર્થાત્ માત્ર જીવમાં જ જોવામાં આવતા હોય તેવા ભાવોને જીવના અસાધારણભાવ કહે છે. તે પાંચ પ્રકારના છે.

(૧) ઔપશમિકભાવ (૨) ક્ષાયિકભાવ (૩) ક્ષાયોપશમિકભાવ (૪) ઔદયિકભાવ (૫) પારિણામિકભાવ

(૧) ઔપશમિકભાવ : નિજશુધ્ધાત્મ સન્મુખ પુરૂષાર્થી જીવના મોહનીય કર્મના અંતરકરણરૂપ ઉપશમના સમયે અર્થાત્ નિમિત્તથી થવાવાળા શુધ્ધભાવોને ઔપશમિકભાવ કહે છે.

(૨) ક્ષાયિકભાવ : નિજશુધ્ધાત્મ સન્મુખ પુરૂષાર્થી જીવના કર્મના ક્ષયના સમયે થવાવાળા તથા ભવિષ્યમાં અનંતકાળ સુધી રહેવાવાળા શુધ્ધભાવોને ક્ષાયિકભાવ કહે છે.

(૩) ક્ષાયોપશમિકભાવ : કર્મના ક્ષયોપશમના સમયે અર્થાત્ નિમિત્તથી થવાવાળા જીવના ભાવોને ક્ષાયોપશમિક ભાવ કહે છે.

(૪) ઔદયિકભાવ : કર્મોદયના સમયે અર્થાત્ નિમિત્તથી થવાવાળા જીવના ભાવને ઔદયિકભાવ કહે છે.

(૫) પારિણામિકભાવ : પૂર્ણપણે કર્મનિરપેક્ષ અર્થાત્ કર્મના ઉપશમ, ક્ષય, ક્ષયોપશમ અને ઉદયથી નિરપેક્ષ જીવના પરિણામને પારિણામિક ભાવ કહે છે.

પ્રશ્ન ૮૫ :- નિમિત્તકારણ કોને કહે છે?

ઉત્તર :- જે પદાર્થ પોતે વિવક્ષિત કાર્યરૂપ તો ન પરિણમે, પરંતુ કાર્યની ઉત્પત્તિમાં અનુકૂળ થવાનો જેના પર આરોપ આવી શકે, તે પદાર્થને નિમિત્ત કારણ કહે છે.

જેમ કે - ઘડાની ઉત્પત્તિમાં કુંભાર, ચક્ર, દંડ આદિ.

પ્રશ્ન ૮૬ :- નિમિત્ત - નૈમિત્તિક સંબંધ કોને કહે છે?

ઉત્તર :- જ્યારે ઉપાદાન પોતે કાર્યરૂપ પરિણમે છે, ત્યારે ભાવરૂપ કે અભાવરૂપ કયા અનુકૂળ નિમિત્ત કારણનો તેની સાથે સંબંધ છે - તે બતાવવા માટે તે કાર્યને (ઉપાદાનને) નૈમિત્તિક કહે છે. આ પ્રકારે ભિન્ન પદાર્થના આ સ્વતંત્ર સંબંધને નિમિત્ત - નૈમિત્તિક સંબંધ કહે છે.

નિમિત્ત - નૈમિત્તિક સંબંધ પરતંત્રતાનું સૂચક નથી, પરંતુ નૈમિત્તિકની સાથે કયો નિમિત્તરૂપ પદાર્થ છે, તેનું જ્ઞાન કરાવે છે. જે કાર્યને નિમિત્તની અપેક્ષા નૈમિત્તિક કહ્યું છે, તેને જ ઉપાદાનની અપેક્ષાએ ઉપાદેય પણ કહે છે.

પ્રશ્ન ૮૭:- આવલી કોને કહે છે?

ઉત્તર :- જઘન્ય યુક્ત અસંખ્યાત સમય-સમૂહને આવલી કહે છે.

પ્રશ્ન ૮૮:- સમય કોને કહે છે?

ઉત્તર :- એક આકાશપ્રદેશથી નિકટવર્તી અન્ય આકાશપ્રદેશ સુધી મંદગતિથી ગમન કરતા પરમાણુના ગમન-કાળને સમય કહે છે. આ વ્યવહારકાળનો સૌથી નાનો અંશ છે.

પ્રશ્ન ૮૯:- પ્રદેશ કોને કહે છે?

ઉત્તરઃ- એક પરમાણુથી વ્યાપ્ત આકાશક્ષેત્રને પ્રદેશ કહે છે.

એક પ્રદેશમાં અનંત પરમાણુઓને અવગાહના (જગ્યા) દેવાની શક્તિ છે.

પ્રશ્ન ૯૦:- અંતર્મુહૂર્ત કોને કહે છે?

ઉત્તર :- મુહૂર્તમાંથી એક સમય ઓછો - બાકીના શેષ કાળ પ્રમાણને ભિન્ન મુહૂર્ત કહે છે. તે ભિન્ન મુહૂર્તમાંથી પણ એક સમય ઓછા શેષકાળ પ્રમાણને અંતર્મુહૂર્ત કહે છે. આ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત છે.

(૧) જે મુહૂર્તની બાજુમાં હોય, તેને અંતર્મુહૂર્ત કહે છે.

(૨) આવલીથી વધારે અને મુહૂર્તથી ઓછા કાળને અંતર્મુહૂર્ત કહે છે.

(૩) એક મુહૂર્તમાં ૩૭૭૩ શ્વાસોચ્છવાસ હોય છે. એક શ્વાસોચ્છવાસમાં અસંખ્યાત આવલી હોય છે. એક આવલી + એક સમય આ જઘન્ય અંતર્મુહૂર્ત છે.

ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તમાં એક સમય ઓછો અને જઘન્યથી એક સમય વધારે એવા મધ્યમ અંતર્મુહૂર્ત અસંખ્યાત હોય છે.

પ્રશ્ન ૯૧ :- મુહૂર્ત કોને કહે છે?

ઉત્તર :- (બે ઘડી) ૪૮ મિનિટને મુહૂર્ત કહે છે.

પ્રશ્ન ૯૨ :- પૂર્વ કોને કહે છે?

ઉત્તર :- ૭૦ લાખ, ૫૬ હજાર કરોડ વર્ષ કાળને પૂર્વ કહે છે.

પ્રશ્ન ૯૩ :- સાગર કોને કહે છે?

ઉત્તર :- દસ ક્રોડાક્રોડી અદ્ધાપલ્યોપમ કાળને સાગર કહે છે.

પ્રશ્ન ૯૪:- અસંખ્યાત કોને કહે છે?

ઉત્તર :- સંખ્યાતીત કલ્પિત રાશિમાંથી એક-એક સંખ્યા ઘટાડતાં જતાં જે સમાપ્ત થઈ જવાવાળી રાશિને અસંખ્યાત કહે છે.

◈ જે સંખ્યા પાંચેય ઈન્દ્રિયોનો અર્થાત્ મતિ-શ્રુત જ્ઞાનનો વિષય છે,તેને સંખ્યાત કહે છે.

◈ અવધિજ્ઞાનગમ્ય અને મનઃપર્યાયજ્ઞાનગમ્ય સંખ્યાને અસંખ્યાત કહે છે.

◈ જેની ગણતરી ન થઈ શકે, તેને અસંખ્યાત કહે છે.

◈ સંખ્યાતીત રાશિને અસંખ્યાત કહે છે.

પ્રશ્ન ૯૫ :- અનંત કોને કહે છે ?

ઉત્તર:- અસંખ્યાતથી ઉપર કેવળજ્ઞાનગમ્ય સંખ્યાને અનંત કહે છે.

◈ નવી વૃધ્ધિ ન થવા છતાં પણ અસંખ્યાત કે સંખ્યાતરૂપથી કેટલું પણ ઘટાડવાં છતાં જે સંખ્યાનો અંત ન આવે, તેને અક્ષય અનંત કહે છે.

◈ જે સંખ્યાનો અંત આવી જાય, તેને સક્ષય અનંત કહે છે.

પ્રશ્ન ૯૬ :- સમુદ્ઘાત કોને કહે છે?

ઉત્તર:- મૂળ શરીરને છોડ્યા વિના તેજસ - કાર્માણરૂપ ઉત્તર (બીજા) દેહની સાથે જીવ પ્રદેશોનું શરીરથી બહાર નીકળવું, તેને સમુદ્ઘાત કહે છે.

પ્રશ્ન ૯૭:- સમુદ્ઘાત કેટલા છે? કયા કયા?

ઉત્તર :- સમુદ્ઘાત સાત પ્રકારના છે. વેદના, કષાય, વિક્રિયા, મારણાંતિક, તેજસ, આહારક અને કેવળીસમુદ્ઘાત .

પ્રશ્ન ૯૮:- કેવળીસમુદ્ઘાત કોને કહે છે?

ઉત્તર :- પોતાના મૂળ પરમ ઔદારિક શરીરને છોડયા વિના આત્મપ્રદેશોને દંડાદિરૂપ થઈ શરીરની બહાર પૂર્ણ લોકાકાશમાં ફેલાવવાની ક્રિયાને કેવળી સમુદ્ઘાત કહે છે.

પ્રશ્ન ૯૯:- કેવળી ભગવાનને સમુદ્ઘાત શા માટે હોય છે ?

ઉત્તર:- આયુકર્મની સ્થિતિ થોડી હોય અને બાકીના ત્રણ અઘાતિયા કર્મોની સ્થિતિ આયુની અપેક્ષાએ વધારે હોવાથી, અન્ય ત્રણ કર્મોની સ્થિતિ આયુકર્મ સમાન અંતર્મુહૂર્ત કરવા માટે કેવળી ભગવાનને સમુદ્ઘાત હોય છે.

પ્રશ્ન ૧૦૦ :- મારણાંતિક સમુદ્ઘાત કોને કહે છે?

ઉત્તર :- મરણના અંતર્મુહૂર્ત પૂર્વે નવી પર્યાય ધારણ કરવાના ક્ષેત્રને સ્પર્શ કરવા માટે આત્મપ્રદેશોના બહાર નીકળવાને મારણાંતિક સમુદ્ઘાત કહે છે. જેઓએ પરભવનું આયુ બાંધી લીધું છે, તેવા જ જીવોને મારણાંતિક સમુદ્ઘાત હોય છે.

પ્રશ્ન ૧૦૧ - અનાદિ મિથ્યાદ્રષ્ટિ જીવ કોને કહે છે?

ઉત્તર:- અનાદિકાળથી આજ સુધી જે જીવે મિથ્યાત્વનો નાશ નથી કર્યો અર્થાત્ સમ્યકત્વની પ્રાપ્તિ નથી કરી તેવા જીવને અનાદિ મિથ્યાદ્રષ્ટિ જીવ કહે છે.

પ્રશ્ન ૧૦૨ :- સાદિ મિથ્યાદ્રષ્ટિ જીવ કોને કહે છે?

ઉત્તર:- એકવાર સમ્યફદર્શન પ્રગટ થઈ ગયા પછી ફરી પુરૂષાર્થની હીનતાથી મિથ્યાત્વી થઈ જવાવાળા જીવને સાદિ મિથ્યાદ્રષ્ટિ જીવ કહે છે.

પ્રશ્ન ૧૦૩ :- ગુણસ્થાન પરિજ્ઞાન શા માટે જરૂરી છે?

ઉત્તર :- સંવરના સ્વરૂપનું વિશેષ પરિજ્ઞાન કરવા માટે અને નિર્જરા માટે ૧૪ ગુણસ્થાનનું પરિજ્ઞાન કરવું જરૂરી છે.

પ્રશ્ન ૧૦૪ :- કરણાનુયોગના અધ્યયનનું પ્રયોજન શું છે?

ઉત્તર :- કરણાનુયોગમાં જીવોના તથા કર્મોના વિશેષ તથા ત્રિલોકાદિક રચનાનું નિરૂપણ કરીને જીવને ધર્મમાં લગાવવામાં આવે છે. (લગાવ્યા છે)

પ્રશ્ન ૧૦૫ :- કરણાનુયોગના અધ્યયનથી પ્રયોજનની સિદ્ધિ શી રીતે થાય છે?

ઉત્તર :- જે જીવ ધર્મમાં ઉપયોગ લગાવવા ઇચ્છે છે, તે જીવોના ગુણસ્થાન - માર્ગણા આદિ વિશેષ તથા કર્મોના કારણ - અવસ્થા - ફળ કોના-કોના કેવી રીતે જોવામાં આવે છે ઇત્યાદિ વિશેષો તથા ત્રિલોકમાં નરક - સ્વર્ગાદિકના સ્થાનો ઓળખીને પાપથી વિમુખ થઈ ધર્મમાં લાગે છે. તેમજ આવા વિચારોમાં ઉપયોગ રમી જાય (લય થઈ જાય) ત્યારે પાપ-પ્રવૃતિ છૂટીને સ્વયમેવ તત્કાળ ધર્મ પ્રગટ થાય છે (ઉત્પન્ન થાય છે), તેના અભ્યાસથી તત્વજ્ઞાનની પણ પ્રાપ્તિ શીઘ્ર થાય છે. તથા આવું સૂક્ષ્મ યથાર્થ કથન જિનમતમાં જ છે, અન્યત્ર નથી, આ રીતે મહિમા જાણી જિનમતનો શ્રદ્ધાની થાય છે.

પ્રશ્ન ૧૦૬ :- તત્વજ્ઞાની જીવોને કરણાનુયોગના અભ્યાસથી શું પ્રયોજન છે?

ઉત્તર :- જે જીવ તત્વજ્ઞાની થઈને આ કરણાનુયોગનો અભ્યાસ કરે છે, તેઓને આ તેના વિશેષણરૂપ ભાસિત થાય છે. આ અભ્યાસથી તત્વજ્ઞાન નિર્મળ થાય છે.

પ્રશ્ન ૧૦૭ :- સંવર કોને કહે છે?

ઉત્તર :- નિજ સ્વરૂપની શ્રદ્ધાન - જ્ઞાન - સ્થિરતા દ્વારા મોહ – રાગ - દ્વેષ પરિણામોના નિરોધપૂર્વક શુભાશુભ કર્મોના નિરોધને સંવર કહે છે. શુદ્ધિ / વીતરાગતાની ઉત્પતિને સંવર કહે છે.

પ્રશ્ન ૧૦૮ :- નિર્જરા કોને કહે છે?

ઉત્તર :- સંવરપૂર્વક વિશિષ્ટ સ્વરૂપ સ્થિરતાથી કર્મોનું ખરવું તેને નિર્જરા કહે છે. શુદ્ધિ / વીતરાગતાની વૃદ્ધિને નિર્જરા કહે છે.

પ્રશ્ન ૧૦૯ :- યોગ કોને કહે છે?

ઉત્તર :- કર્મોના ગ્રહણમાં નિમિત્તરૂપ જીવના પ્રદેશોની પરિસ્પંદનરૂપ પર્યાયને યોગ કહે છે.

પ્રશ્ન ૧૧૦ :- યોગના કેટલા ભેદ છે ? ક્યા ક્યા?

ઉત્તર :- યોગના બે ભેદ છે. (૧) ભાવયોગ (૨) દ્રવ્યયોગ.

પ્રશ્ન ૧૧૧ :- ભાવયોગ કોને કહે છે?

ઉત્તર :- કર્મ - નોકર્મને યોગ્ય પુદ્ગલમય કાર્માણવર્ગણાઓને ગ્રહણ કરવામાં નિમિત્તરૂપ આત્માની શક્તિ વિશેષને ભાવયોગ કહે છે.

પ્રશ્ન ૧૧૨ :- દ્રવ્યયોગ કોને કહે છે?

ઉત્તર :- ભાવયોગને કારણ આત્માના પ્રદેશોનું કંપન થવું, તે દ્રવ્યયોગ છે.

પ્રશ્ન ૧૧૩ :- અન્ય અપેક્ષાએ યોગના કેટલાં ભેદ છે? ક્યા ક્યા?

ઉત્તર :- અન્ય અપેક્ષાએ યોગના બે ભેદ છે. (૧) કષાયયોગ (૨) અકષાયયોગ,

◈ આલંબનની અપેક્ષાએ મનયોગ, વચનયોગ અને કાયયોગ એમાં ત્રણ ભેદ છે.

◈ મનયોગના ૪, વચનયોગના ૪ અને કાયયોગના ૭ એમ નિમિત્તની અપેક્ષાએ ૧૫ ભેદ પણ થાય છે.

◈ વાસ્તવિકરૂપથી જોવા જઈએ તો યોગ એક જ પ્રકારનો છે.

પ્રશ્ન ૧૧૪ :- ગમનાગમનનો શું અર્થ છે ?

ઉત્તર :- ગમનનો અર્થ જવું, આગમનનો અર્થ આવવું. જીવના એક ગુણસ્થાનથી બીજા ગુણસ્થાનમાં આવવા-જવાના અર્થમાં ગમનાગમન શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. (ગો.ક.કાં. ગાથા -૫૫૬,૫૫૯)

પ્રશ્ન ૧૧૫ :- શુભોપયોગ કોને કહે છે?

ઉત્તર :- “જે ઉપયોગ અર્થાત્ જ્ઞાન-દર્શન પરમભટ્ટારક દેવાધિદેવ પરમેશ્વર એવા અરહંત, સિધ્ધ તથા સાધુની શ્રધ્ધા કરવામાં તથા સમસ્ત જીવ સમૂહની અનુકંપાનું આચરણ કરવામાં પ્રવૃત્ત છે, તે શુભોપયોગ છે.” (પ્રવચનસાર ગાથા - ૧૫૭ ની ટીકા)

પ્રશ્ન ૧૧૬ :- અશુભોપયોગ કોને કહે છે ?

ઉત્તર :- “જે ઉપયોગ અર્થાત્ જ્ઞાન-દર્શન પરમભટ્ટારક દેવાધિદેવ પરમેશ્વર એવા અરહંત, સિધ્ધ તથા સાધુની અતિરિક્ત અન્ય ઉન્માર્ગની શ્રધ્ધા કરવામાં તથા વિષય, કષાય, કુશ્રવણ,

કુવિચાર, કુસંગ અને ઉગ્રતાનું આચરણ કરવામાં પ્રવૃત્ત છે, તે અશુભોપયોગ છે." (પ્રવચનસાર ગાથા - ૧૫૮ની ટીકા)

**પ્રશ્ન ૧૧૭ :- શુધ્ધોપયોગ કોને કહે છે?**

ઉત્તર :- (૧)"જે ઉપયોગ અર્થાત્ જ્ઞાન-દર્શન પરદ્રવ્યમાં મધ્યસ્થ થતો થકો પરદ્રવ્યાનુસાર પરિણતિને આધીન ન થવાથી શુભ તથા અશુભરૂપ અશુધ્ધોપયોગથી મુક્ત થઈ માત્ર સ્વદ્રવ્યાનુસાર પરિણતિને ગ્રહણ કરે છે, તે શુધ્ધોપયોગ છે." (પ્રવચનસાર ગાથા - ૧૫૯ની ટીકા)

(૨) "ઈષ્ટ - અનિષ્ટ બુધ્ધિના અભાવથી જ્ઞાનમાં જ ઉપયોગ લાગે, તેને શુધ્ધોપયોગ કહીએ - તે જ ચારિત્ર છે."( જયચંદજીછાબડા, મોક્ષપાહુડ ગાથા - ૭૨)

(૩) ચિત્તનિરોધ, શુધ્ધોપયોગ, સામ્ય, સ્વાસ્થ્ય, સમાધિ અને યોગ આ સર્વે શબ્દ એક જ અર્થના વાચક છે. (પદ્મનંદીપંચવિંશતિકા, ગાથા - ૬૪.)

(૪) ઉપયોગરૂપ અર્થાત્ જ્ઞાન-દર્શન વીતરાગતાને શુધ્ધોપયોગ કહે છે. શુધ્ધોપયોગ સંબંધી અત્યંત સંતુલિત અને સ્પષ્ટ ભાવ પં. ટોડરમલજીએ મોક્ષમાર્ગ પ્રકાશક શાસ્ત્રના પાનાનં. ૨૮૬ પર આ પ્રમાણે આપેલ છે.

"કરણાનુયોગમાં તો રાગાદિ રહિત શુધ્ધોપયોગ યથાખ્યાત ચારિત્ર થવાથી થાય છે, તે મોહના નાશથી સ્વયમેવ થશે. નીચલી અવસ્થાવાળો (બારમા ક્ષીણમોહ અને અગિયારમા ઉપશાંતમોહ ગુણસ્થાનથી નીચેના ગુણસ્થાનવાળા) શુધ્ધોપયોગનું સાધન શી રીતે કરે? તથા દ્રવ્યાનુયોગમાં શુધ્ધોપયોગ કરવાનો જ મુખ્ય ઉપદેશ છે.

માટે ત્યાં છદ્મસ્થ જે કાળમાં બુધ્ધિગોચર ભક્તિ આદિ તથા હિંસા આદિ કાર્યરૂપ પરિણામોને છોડી (શ્રાવક – ચોથા/પાંચમા ગુણસ્થાનવર્તી સાધક) આત્મ અનુભવ આદિ કાર્યોમાં પ્રવર્તે, તે કાળમાં તેને શુધ્ધોપયોગી કહે છે. છતાં અહીં કેવળજ્ઞાનગોચર સૂક્ષ્મ રાગાદિક છે, છતાં તેની વિવક્ષા અત્રે નથી કરી. પોતાના બુધ્ધિગોચર રાગાદિક છોડે છે, એ અપેક્ષાએ તેને ચોથા - પાંચમાં ગુણસ્થાનોમાં શુધ્ધોપયોગી કહ્યું છે."

મોક્ષમાર્ગ પ્રકાશક પાના નં. ૨૮૫ પર કહ્યું છે .... "ધર્માનુરાગરૂપ પરિણામ તે શુભોપયોગ, પાપાનુરાગરૂપ તથા દ્વેષરૂપ પરિણામ તે અશુભોપયોગ અને રાગ-દ્વેષ રહિત પરિણામ તે શુધ્ધોપયોગ."

**પ્રશ્ન ૧૧૮ :- શુદ્ધ પરિણતિ કોને કહે છે?**

ઉત્તર :- શુદ્ધ શબ્દનો અર્થ મોહ-રાગ-દ્વેષાદિ વિકારી ભાવોથી રહિત એવા વીતરાગ પરિણામ.

◈ આત્માના ચારિત્ર ગુણની શુદ્ધ પર્યાયને શુદ્ધ પરિણતિ કહે છે.

◈ બુધ્ધિપૂર્વક શુભાશુભ ઉપયોગના કાળમાં ઉપયોગ રહિત ચારિત્રગુણની વીતરાગ અવસ્થાને શુધ્ધ પરિણતિ કહે છે.

પ્રશ્ન ૧૧૯ :- અધઃકરણાદિ ત્રણ કરણ કેટલા સ્થાન પર હોય છે?

ઉત્તર :- (૧) ઔપશમિક તથા ક્ષાયિક સમ્યકત્વ માટે, (૨) અનંતાનુબંધી કષાય ચતુષ્ટયની વિસંયોજન માટે અને (3) ચારિત્રમોહનીયની ૨૧ પ્રકૃતિઓની ઉપશમના તથા ક્ષપણા કરવા માટે અધઃકરણ આદિ ત્રણ કરણ હોય છે. (વિશેષ ખુલાસો મિથ્યાત્વ ગુણસ્થાનના વિભાગના અંતમાં જુઓ.)

પ્રશ્ન ૧૨૦ :- શું કર્મોના ઉપશમ, ક્ષય, ક્ષયોપશમના નિમિત્તથી શુધ્ધભાવ થાય છે અથવા આત્માના શુધ્ધભાવોથી કર્મોનો ક્ષયાદિ થાય છે?

ઉત્તર :- બંને કથન પોત-પોતાની અપેક્ષાથી બરાબર છે. પહેલું કથન કર્મની અપેક્ષાથી કર્યું છે તથા બીજું કથન જીવનાં ભાવોની અપેક્ષાથી કર્યું છે.

◈ કર્મના ઉપશમાદિ કાર્ય અને જીવના ઔપશમિકાદિભાવ એક જ સમયમાં થાય છે માટે બંને વાક્યોનો ભાવ એક જ છે.

◈ ખરેખર જોવા જઈએ તો પુદ્ગલકર્મોમાં ઉત્પાદ, વ્યય પુદ્ગલના ઉપાદાનથી થાય છે અને આત્મ પરિણામોમાં ઉત્પાદ-વ્યય આત્મારૂપી ઉપાદાનથી થાય છે. બંને કથન પોત-પોતાની અપેક્ષાએ સાચા છે.

માત્ર અપરાધ જીવનો છે, પુદ્ગલ અર્થાત્ કર્મનો નહીં. અપરાધનો અભાવ પણ જીવ જ કરે છે. માટે જીવને જ ઉપદેશ આપવામાં આવે છે.

પ્રશ્ન ૧૨૧ :- વિગ્રહગતિમાં આત્મા કયા કયા ગુણસ્થાનોમાં હોય છે? કયા ગુણસ્થાનોના પરિણામની સાથે જીવ પરભવમાં જાય છે?

ઉત્તર :- પહેલા, બીજા તથા ચોથા ગુણસ્થાનના પરિણામો સાથે જીવ પરભવમાં જાય છે. અર્થાત્ વિગ્રહગતિમાં આ ત્રણ જ ગુણસ્થાનો હોય છે.

પ્રશ્ન ૧૨૨ :- ક્યા ગુણસ્થાનમાં જીવનું મૃત્યુ થતું નથી?

ઉત્તર :- ત્રીજા, બારમા તથા તેરમા ગુણસ્થાનમાં જીવનું મૃત્યુ થતું નથી. કહ્યું પણ છે - “મિશ્ર, ક્ષીણ, સજોગ તીનમેં મરન ન પાવૈ.”

◈ ક્ષપકશ્રેણીના કોઈપણ ગુણસ્થાનમાં મરણ નથી થતું .

◈ ઉપશમશ્રેણીના આઠમા ગુણસ્થાનના પ્રથમભાગમાં પણ મરણ નથી થતું.

◈ પાંચમા ગુણસ્થાનથી અગિયારમા ગુણસ્થાન સુધીના બધાં ગુણસ્થાનોમાં જીવનું મરણ તો થઈ શકે છે. પરંતુ પાંચમાથી અગિયારમા ગુણસ્થાન સુધીના ગુણસ્થાનોના પરિણામોને સાથે લઈ વિગ્રહ ગતિમાં નથી જતો. મૃત્યુ થતાં જ વિગ્રહગતિના પ્રથમ સમયમાં ચોથું ગુણસ્થાન થઈ જાય છે.

પ્રશ્ન ૧૨૩ :- સંસારમાં કયા ક્યા ગુણસ્થાનનો વિરહ નથી થતો?

ઉત્તર :- પહેલા, ચોથા, પાંચમા, છઠ્ઠા અને તેરમા આ ગુણસ્થાનોનો સંસારમાં કયારેય પણ વિરહ નથી થતો. અર્થાત્ આ ગુણસ્થાનોમાં જીવો સદા વિદ્યમાન રહે જ છે.

પ્રશ્ન ૧૨૪ :- અપ્રતિપાતી ગુણસ્થાન કયા ક્યા છે ?

ઉત્તર :- બારમું, તેરમું, ચૌદમું તથા ક્ષપકશ્રેણીનું આઠમું, નવમું તથા દશમું- આ ગુણસ્થાન અપ્રતિપાતી છે. અર્થાત્ આ ગુણસ્થાનોથી જીવ નીચે ન આવતાં ઉપર ને ઉપર ચઢે છે. પડવાનું નામ પ્રતિપાત અને નહીં પડવાનું નામ અપ્રતિપાત કહેવાય છે.

પ્રશ્ન ૧૨૫ :- ગુણસ્થાનના જ્ઞાનથી શું લાભ છે?

ઉત્તર:- (૧) તેરમા તથા ચૌદમા ગુણસ્થાનવર્તી જ અરહંત ભગવાન હોય છે. ગુણસ્થાનાતીત શુદ્ધ આત્મા જ સિધ્ધ પરમાત્મા કહેવાય છે. આ રીતે ગુણસ્થાનના જ્ઞાનથી જ સાચા અર્થાત્ વીતરાગ તથા સર્વજ્ઞ ભગવાનનો પાકો નિર્ણય થાય છે.

(૨) તેરમા ગુણસ્થાનવર્તી અરહંત ભગવાનના પરમ ઔદારિક શરીરના સર્વાંગથી દિવ્યધ્વનિ ખરે છે. દિવ્યધ્વનિથી જ યથાર્થ તત્વ સ્પષ્ટ થાય છે. દિવ્યધ્વનિનો વિષય જ સાચા શાસ્ત્રમાં લિપિબદ્ધ રહે છે. તેથી ગુણસ્થાનના જ્ઞાનથી જ સાચા શાસ્ત્ર/તત્વની જાણકારી પ્રાપ્ત થાય છે.

(3) ત્રણ કષાય ચોકડીના અભાવપૂર્વક વ્યક્ત વીતરાગતા પ્રગટ કરીને પ્રચુર સ્વસંવેદનના આનંદના ભોગી જ સાચા ગુરૂ હોય છે. એવા છઠ્ઠા - સાતમા ગુણસ્થાનવર્તી હોય છે અથવા તો તે મહાપુરૂષ આઠમા ગુણસ્થાનથી ઉપરના ગુણસ્થાનમાં બિરાજે છે, માટે ગુણસ્થાનના જ્ઞાનથી જ સાચા સાધુનું સ્પષ્ટ જ્ઞાન થાય છે.

પ્રશ્ન ૧૨૬ :- ગુણસ્થાનના જ્ઞાનથી શું માત્ર દેવ - શાસ્ત્ર - ગુરૂનો જ યથાર્થ નિર્ણય થાય છે કે આપણને વ્યક્તિગત પણ કાંઈ લાભ થાય છે?

ઉત્તર :- શા માટે નહીં? દેવ-શાસ્ત્ર-ગુરૂના સંબંધમાં પણ જે સાચો નિઃશંક નિર્ણય તથા યથાર્થ પ્રતીતિ થાય છે, તે પણ તો આપણને જ વ્યક્તિગત લાભ થાય છે, દેવ-શાસ્ત્ર-ગુરૂને નહીં.

દેવ તથા ગુરૂના ગુણસ્થાનની જાણકારીની સાથે આપણને આપણું પોતાનું ગુણસ્થાન કયું છે? વિરાધક ગુણસ્થાનથી સાધક ગુણસ્થાનોની પ્રાપ્તિ અર્થાત્ મોક્ષમાર્ગની પ્રાપ્તિ કેમ થશે ? તથા આપણે શું કરવું આવશ્યક છે ? - આ બધાનું જ્ઞાન થાય છે.

પ્રશ્ન :- વસ્તુના દ્રવ્યસ્વભાવમાં અશુદ્ધતા નથી તો પર્યાયમાં અશુદ્ધતા ક્યાથી આવે છે?

ઉત્તર :- વસ્તુ "દ્રવ્ય" અને "પર્યાય" એમ બે સ્વભાવવાળી છે. તેમાંથી દ્રવ્યસ્વભાવમાં અશુદ્ધતા નથી, પરતું પર્યાયનો સ્વભાવ "શુદ્ધ" અને "અશુદ્ધ" એમ બે પ્રકારનો છે - અર્થાત્ પર્યાયની અશુદ્ધતા દ્રવ્યસ્વભાવમાંથી આવી નથી, તે તો તત્સમયની પર્યાયનો જ ભાવ છે, બીજા સમયે તે પર્યાયનો વ્યય થવાથી તે અશુદ્ધતા પણ નાશ પામે છે.

પર્યાયની શુદ્ધતા અને અશુદ્ધતાના સબંધમાં નિયમ એ છે કે જ્યારે પર્યાય દ્રવ્યાશ્રયથી પરિણમન કરે છે, ત્યારે શુદ્ધ અને જ્યારે પરાશ્રયથી પરિણમન કરે છે ત્યારે અશુદ્ધ થાય છે, પરંતુ તે અશુદ્ધતા ન તો પર માંથી જ આવી છે અને ન તો દ્રવ્યસ્વભાવમાંથી જ આવી છે.

(જ્ઞાનગોષ્ઠી, પાનું - ૧૬૦)

# તૃતીય અધ્યાય

## ગુણસ્થાન

◈ ગુણસ્થાન : ભૂમિકા.

આપણને/મને તો પર્યાયમાં સિદ્ધ જ બનવું (થવું) છે. ગુણસ્થાનાતીત જીવની અવસ્થાને સિદ્ધ કહે છે. સાધ્યરૂપ સિદ્ધ અવસ્થાના યથાર્થ જ્ઞાન વિના સિદ્ધ પરમેષ્ઠીનો પરમ સત્ય નિર્ણય નથી થઈ શકતો. ૧૩મા અને ૧૪મા ગુણસ્થાનવર્તી કેવળી જ અરહંત પરમેષ્ઠી છે. અરહંત પરમેષ્ઠીને જાણવું હોય તો ૧૩મા અને ૧૪મા ગુણસ્થાનનું જ્ઞાન કરવું અત્યંત જરૂરી છે.

દિવ્યધ્વનિથી પ્રસારિત તત્વ-પ્રરૂપણાને જ શાસ્ત્ર કહે છે. દિવ્યધ્વનિ સયોગીકેવળીની જ

હોય છે. તેથી સમ્યક્ શાસ્ત્રના નિર્ણય માટે પણ ૧૩મા તથા ૧૪મા ગુણસ્થાનને જાણવું જરૂરી છે.

સાચા ગુરુ છઠ્ઠા - સાતમા ગુણસ્થાનમાં ઝૂલવાવાળા હોય છે. જો આપણને સાચા ગુરુને સાચી રીતે જાણવું હોય તો છઠ્ઠા - સાતમા ગુણસ્થાનના સ્વરૂપને જાણવું જરૂરી (આવશ્યક-અપરિહાર્ય) છે. એટલું જ નહીં મોક્ષમાર્ગને પ્રગટ કરવો હોય તો પણ ગુણસ્થાનની જાણકારી આપણે કરવી જ જોઈએ. આવો જ ભાવ પંડિત બનારસીદાસજી એ નાટક સમયસારમાં સ્પષ્ટ કર્યો છે -

इह विचारी संक्षेप सौं, गुणस्थानक रस चोज ।
वरनन करे बनारसी, कारन शिवपथ खोज ।।

અર્થાત - આ વિચારીને પંડિત બનારસીદાસજી શિવમાર્ગ શોધવાના કારણભૂત ગુણસ્થાનોનું સંક્ષિપ્ત વર્ણન કરે છે.

માટે આપણે ગુણસ્થાનનું જ્ઞાન કરવાનો પ્રયાસ કરીએ છીએ આચાર્યશ્રી નેમિચન્દ્રએ ગોમ્મટસાર ગાથા 3 તથા ૮માં ગુણસ્થાનની વ્યાખ્યા શાસ્ત્રાનુસાર આગળ આપી છે -

◈ ગુણસ્થાન : પરિભાષા -

આચાર્યશ્રી નેમિચંદ્રદેવે ગોમ્મટસાર ગાથા 3 તથા ૮માં ગુણસ્થાનની પરિભાષા આ પ્રકારે આપી છે.

ભાવનો ઉદય

संखेओ ओघोत्ति य, गुणसण्णा सा च मोहजोगभवा ।
जेहिं दु लक्खिज्जन्ते, उदयादिसु संभवेहिं भावेहिं ।
जीवा ते गुणसण्णा, णिद्दिट्ठी सव्वदरसीहिं ।।

મોહ અને યોગના નિમિત્તથી જીવની શ્રદ્ધા તથા ચારિત્ર ગુણની થવાવાળી તારતમ્યરૂપ અર્થાત્ હીનાધિક અવસ્થાઓને ગુણસ્થાન કહે છે.

◈ ગુણસ્થાનના ભેદ :- ગુણસ્થાનના ચૌદ ભેદ છે.

(૧) મિથ્યાત્વ (૨) સાસાદન સમ્યકત્વ (3) સમ્યક્ મિથ્યાત્વ / મિશ્ર (૪) અવિરત સમ્યકત્વ (૫) દેશવિરત (૬) પ્રમત્તવિરત (૭) અપ્રમત્તવિરત (૮) અપૂર્વકરણ (૯) અનિવૃત્તિકરણ (૧૦) સૂક્ષ્મસાંપરાય (૧૧) ઉપશાંતમોહ (૧૨) ક્ષીણમોહ (૧૩) સયોગકેવળી

(૧૪) અયોગકેવળી.

ચૌદ ગુણસ્થાનોનાં નામ ક્રમાનુસાર આચાર્યશ્રી નેમિચન્દ્ર રચિત ગોમ્મટસાર જીવકાંડની નિમ્નાંકિત ૯ તથા ૧૦ નંબરની ગાથાઓમાં છે :-

मिच्छो सासण मिस्सो, अविरदसम्मो य देसविरदो य ।
विरदा पमत्त इदरो, अपुव्व अणियट्टि सुहुमो य ।।
उवसंत खीणमोहो सजोगकेवलिजिणो अजोगी य ।
चउदस जीव समासा कमेण सिद्धा य णादव्वा ।।

◈ ગુણસ્થાન : વિભાજન

મોહ અને યોગની મુખ્યતાથી ગુણસ્થાનોનું વિભાજન -

(૧) પહેલા ગુણસ્થાનથી ચોથા ગુણસ્થાન સુધીના ચાર ગુણસ્થાન દર્શનમોહનીય કર્મના ઉદય-અનુદયની મુખ્યતાથી છે.

(૨) પાંચમાથી બારમા ગુણસ્થાન સુધીના આઠ ગુણસ્થાન ચારિત્ર મોહનીયકર્મના ઉદય-અનુદયની મુખ્યતાથી છે.

(3) તેરમું ગુણસ્થાન કેવળજ્ઞાન તથા યોગના સદ્દભાવની મુખ્યતા છે.

(૪) ચૌદમું ગુણસ્થાન કેવળજ્ઞાનનો સદ્દભાવ તથા યોગના અસદ્દભાવની મુખ્યતા છે.

(૧)

# મિથ્યાત્વ ગુણસ્થાન

આચાર્યશ્રી નેમિચંદ્રસ્વામીએ ગોમ્મટસાર જીવકાંડ ગાથા - ૧૫માં મિથ્યાત્વ ગુણસ્થાનની પરિભાષા આ પ્રમાણે આપી છે.

मिच्छोदयेण मिच्छत्तमसद्दहणं तु तच्च–अत्थाणं ।
एयंतं विवरीयं, विणयं संसयिदमण्णाणं ।।

દર્શનમોહનીય મિથ્યાત્વ કર્મના ઉદયના સમયમાં અર્થાત્ નિમિતથી થવાવાળા જીવના અતત્વશ્રદ્ધાનરૂપભાવને મિથ્યાત્વ ગુણસ્થાન કહે છે.

◈ ભેદ :- (૧) એકાંત, વિપરીત, વિનય, સંશય, અજ્ઞાન - આ મિથ્યાત્વના પાંચ ભેદ છે.

(૨) અગૃહીત મિથ્યાત્વ અને ગૃહીત મિથ્યાત્વ આ પણ બે ભેદ છે.
અનાદિકાળની વિપરીત માન્યતાને અગૃહીત મિથ્યાત્વ કહે છે.
અનાદિકાળના અગૃહીત મિથ્યાત્વના પોષક નવીન ગૃહીત વિપરીત માન્યતાઓને ગૃહીત મિથ્યાત્વ કહે છે.

(3) ક્રિયાવાદ, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને વૈનયિકવાદી - આ ૪ ભેદ પણ છે. તેના જ ઉત્તર ભેદ 3૬3 છે.

◈ શબ્દાર્થ :- મિથ્યાત્વ શબ્દનો અર્થ વિપરીતતા. શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર ગુણના વિપરીત પરિણમનને જ અહીં "મિથ્યાત્વ" કહ્યું છે. વિપરીત = ઊંધુ. સમ્યક્ત્વ - (માર્ગણાની અપેક્ષાથી) - મિથ્યાત્વ સમ્યકત્વ. ચારિત્ર - મિથ્યાચારિત્ર. અહીં શ્રદ્ધા વિપરીત હોવાથી ચારિત્ર પણ મિથ્યા જ રહે છે.

◈ કાળ :– જઘન્ય અંતર્મુહૂર્ત. ઉત્કૃષ્ટ - અનાદિ અનંત.

અભવ્યની અપેક્ષાથી મિથ્યાત્વનો કાળ અનાદિ અનંત છે. ભવ્ય (એક જીવ)ની અપેક્ષા અનાદિ સાંત કાળ તથા ભવ્ય (જુદાં - જુદાં જીવો)ની અપેક્ષાએ અનાદિ - અનંત કાળ હોય છે.

સાદિ મિથ્યાદ્રષ્ટિની અપેક્ષાએ કિંચિત ન્યૂન અર્ધપુદ્ગલ - પરાવર્તન, દૂરાન્દૂર ભવ્યની અપેક્ષા અનાદિ - અનંત છે.

પર્યાયની અપેક્ષાએ સાદિ - સાંત કાળ છે.

◈ ગમનાગમન :- અહીંથી ઉપર ચોથા, પાંચમા અથવા સાતમા ગુણસ્થાનમાં ગમન થાય છે. તથા સમ્યગ્મિથ્યાત્વ (મિશ્ર) મોહનીય કર્મની સત્તા સહિત સાદિ મિથ્યાદ્રષ્ટિ જીવનું ત્રીજા ગુણસ્થાનમાં પણ ગમન થાય છે.

છઠ્ઠા, પાંચમા, ચોથા કે ત્રીજા, બીજા ગુણસ્થાનથી મિથ્યાત્વ ગુણસ્થાનમાં આગમન થઈ શકે છે. સાસાદનવાળાનું આગમન મિથ્યાત્વમાં જ થાય છે.

◈ વિશેષતાઓ :-

(૧) એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધી તથા લબ્ધ્યપર્યાપ્ત, (સંમૂર્ચ્છન મનુષ્ય આદિ) જીવ મિથ્યાત્વી જ હોય છે.

(૨) આ ગુણસ્થાનવર્તી 'બધા જીવ' બહિરાત્મા જ છે.

(3) કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રના બધાં ઉપાસક મિથ્યાદ્રષ્ટિ જ હોય છે.

(૪) મિથ્યાદ્રષ્ટિ મનુષ્ય ગર્ભથી આઠ વર્ષ સુધી મિથ્યાત્વનો નાશ કરવામાં અસમર્થ હોય છે. સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તક તથા સંમૂર્ચ્છન તિર્યંચ અંતર્મુહૂર્તકાળ સુધી મિથ્યાત્વ નાશ કરવામાં અસમર્થ રહે છે. દેવ, નારકી અંતર્મુહૂર્ત સુધી અસમર્થ રહે છે.

◈ પ્રશ્ન :- મિથ્યાત્વ ગુણસ્થાનવર્તી સાધક કઈ સાધના દ્વારા અવિરત સમ્યકત્વ આદિ ઉપરના ગુણસ્થાનોને પ્રાપ્ત કરે છે?

ઉત્તર :- મિથ્યાદ્રષ્ટિ જીવ સ્વ-પર ભેદજ્ઞાનપૂર્વક પોતાના ત્રિકાળી નિજ શુદ્ધાત્માના આશ્રયરૂપ મહાન અપૂર્વ પુરુષાર્થથી દર્શનમોહાદિ કર્મનો પણ અભાવ થવાથી સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત કરી લે છે. આ રીતે મિથ્યાત્વ ગુણસ્થાનવર્તી સાધક ઉપરના ગુણસ્થાનોને પ્રાપ્ત કરે છે.

******

(૨)

## સાસાદન સમ્યકત્વ ગુણસ્થાન

આચાર્યશ્રી નેમિચંદ્રસ્વામીએ ગોમ્મટસાર જીવકાંડ ગાથા - ૧૯માં સાસાદન સમ્યકત્વ ગુણસ્થાનની પરિભાષા આ પ્રમાણે આપી છે.

आदिमसम्मत्तद्धा समयादो छावलि त्ति वा सेसे ।
अणअण्णदरुदयादो णासियसम्मो त्ति सासणक्खो सो ।।

"પ્રથમોપશમ સમ્યકત્વના અંત:ર્મુહૂર્ત કાળમાંથી જ્યારે જઘન્ય એક સમય અથવા ઉત્કૃષ્ટ છ આવલી પ્રમાણ કાળ બાકી રહે, તેટલા કાળમાં અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભમાંથી કોઈ એક કષાયના ઉદયમાં આવવાથી સમ્યકત્વની વિરાધના થવાથી શ્રદ્ધાની જે અવ્યકત અતત્વશ્રદ્ધાનરૂપ પરિણતિ થાય છે, તેને સાસન અથવા સાસાદન ગુણસ્થાન કહે છે.

◈ શબ્દાર્થ :- સ + આસાદન = સાસાદન. સ = સહિત.

◈ આસાદન = વિરાધના, વિનાશ, ઘાત. આ રીતે સાસાદન શબ્દનો અર્થ સમ્યકત્વનો નાશ કરવાવાળો થાય છે.

આનું જ અપર નામ સાસન પણ છે. સ + આસન = સાસન. સ = સહિત, અસન = સમ્યકત્વની વિરાધના. સમ્યકત્વ વિરાધક પરિણામ જ સાસન છે. સમ્યકત્વ વિરાધક જીવની સમ્યકત્વરૂપી રત્ન પર્વત-શિખરથી પતિત મિથ્યાત્વરૂપ ભૂમિની સન્મુખ દશાને સાસાદન કહે છે.

◈ સમ્યકત્વ = (માર્ગણા અપેક્ષા) સાસાદન સમ્યકત્વ.

◈ ચારિત્ર = મિથ્યાચારિત્ર, કારણ કે અહીં સમ્યગ્દર્શનનો નાશ થઈ ગયો છે.

◈ કાળ = જઘન્ય કાળ એક સમય, ઉત્કૃષ્ટ કાળ છ આવલી.
(એક સમયથી છ આવલી સુધી મધ્યના બધા વિકલ્પ)

◈ ગમનાગમન = અહીંથી મિથ્યાત્વ ગુણસ્થાનમાં જ ગમન થાય છે, અન્ય કોઈપણ ઉપરના ગુણસ્થાનમાં નહીં.

◈ સાસાદનમાં = છઠ્ઠા, પાંચમાં, ચોથા ગુણસ્થાનમાં આગમન થાય છે.

◈ વિશેષતા = (૧) આ ગુણસ્થાનમાં મરીને નરક નથી જતો.

(૨) તીર્થંકર, આહારદ્વિક પ્રકૃતિની સત્તા સહિત જીવ આ ગુણસ્થાનને પ્રાપ્ત નથી કરતા.

(3) બીજા ગુણસ્થાનવર્તી જીવના સાસાદનસમ્યકત્વરૂપ ભાવ/પરિણામને પરિણામીક ભાવ પણ કહે છે, કારણ કે જીવના જે પરિણામ કર્મના ઉદય, ઉપશમ, ક્ષય અને ક્ષયોપશમની અપેક્ષાથી રહિત હોય છે, તેને પારિણામિક ભાવ કહે છે. આ વ્યાખ્યા અનુસાર સાસાદન સમ્યકત્વરૂપ પરિણામ દર્શનમોહનીય કર્મના ઉદય, ઉપશમ, ક્ષય અને ક્ષયોપશમની અપેક્ષા વિના જ થાય છે. તેથી દર્શનમોહનીયકર્મની અપેક્ષાએ આ બીજા ગુણસ્થાનના ભાવને પારિણામિક ભાવ પણ કહે છે.

મિથ્યાત્વ ગુણસ્થાનથી લઈને ચોથા ગુણસ્થાન સુધીના ચાર ગુણસ્થાન દર્શનમોહનીય કર્મની અપેક્ષાથી છે. બીજા ગુણસ્થાનમાં દર્શનમોહનીયના ઉદયાદિની અપેક્ષા નથી, તેથી દર્શનમોહનીય કર્મની અપેક્ષા અહીં પારિણામિકપણું ઘટિત થાય છે. જ્યાં જે અપેક્ષાથી કથન કરેલું હોય, ત્યાં તે અપેક્ષાથી સમજી લેવું જોઈએ.

◈ પ્રશ્ન :- સાસાદનગુણસ્થાનવર્તી જીવ વિપરીત અભિપ્રાયથી દૂષિત છે, માટે તેને સાસાદનસમ્યકત્વ ન કહેવું જોઇએ.

ઉત્તર :- અહીં સમ્યકત્વ કહેવાનું કારણ માત્ર એ છે કે તે પહેલાં સમ્યકત્વી હતો. માટે ભૂતનૈગમનયની અપેક્ષાએ તેને સમ્યકત્વની સંજ્ઞા મળી છે. તે કાળ પણ હજી સમ્યકત્વનો ચાલી રહ્યો છે તથા દર્શનમોહનીયનો અહીં ઉપશમ જ છે. જેમ પરીક્ષાર્થીને પેપર લખવાનો સમય ત્રણ કલાકનો છે અને કોઈ વિદ્યાર્થી બે કલાકમાં પેપર લખી ચાલ્યો જાય તો પણ શેષ એક કલાકનો કાળ પેપરનો કાળ જ કહેવામાં આવશે.

(3)

## સમ્યગ્મિથ્યાત્વ (મિશ્ર) ગુણસ્થાન

આચાર્યશ્રી નેમિચંદ્રસ્વામીએ ગોમ્મટસાર જીવકાંડ ગાથા - ૨૧માં સમ્યગ્મિથ્યાત્વ ગુણસ્થાનની પરિભાષા આ પ્રમાણે આપેલ છે :-

सम्मामिच्छुदयेण य, जत्तंतरसव्वघादिकज्जेण ।
ण य सम्मं मिच्छंपि य, सम्मिस्सो होदि परिणामो ।।

સમ્યગ્મિથ્યાત્વ નામના દર્શનમોહનીય કર્મના ઉદયકાળમાં અર્થાત્ નિમિત્તથી ગોળ મિશ્રિત દહીંના જેવો સ્વાદ થવાવાળા જાત્યંતર પરિણામોને સમ્યગ્મિથ્યાત્વ ગુણસ્થાન કહે છે.

◈ સમ્યકત્વ :- (માર્ગણાની અપેક્ષા) સમ્યગ્મિથ્યાત્વ.

◈ ચારિત્ર :- મિથ્યાચારિત્ર, કારણ કે આ ગુણસ્થાનમાં સમ્યકત્વ હોતું નથી.

◈ કાળ :- અંતર્મુહૂર્ત (જઘન્ય - નાનું મધ્યમ અંતર્મુહૂર્ત,
ઉત્કૃષ્ટ - મોટું મધ્યમ અંતર્મુહૂર્ત.

◈ ગમનાગમન :- અહીંથી ઉપર ગમન ચોથામાં તથા નીચેની તરફ ગમન મિથ્યાત્વમાં થાય છે. પહેલા, ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનથી જ અહીં સમ્યકમિથ્યાત્વમાં આગમન થાય છે.

◈ વિશેષતા :-

(૧) અહીં જીવનું મૃત્યુ થતું નથી.

(૨) અહીં જીવનો મારણાંતિક સમુદ્દઘાત પણ નથી થતો.

(3) અહીં જીવ નવા આયુકર્મનો બંધ પણ નથી કરતો.

(૪) જો ત્રીજા ગુણસ્થાનમાં આવતાં પહેલા મિથ્યાત્વની સાથે આયુબંધ કર્યો હોય, તો મિથ્યાત્વ ગુણસ્થાનમાં જઇ અને સમ્યકત્વની સાથે આયુબંધ કર્યો હોય, તો અવિરત સમ્યકત્વ ગુણસ્થાનમાં જઇને મરણને પ્રાપ્ત કરે છે.

(૫) અહીં સંયમ તથા સંયમાસંયમ ગ્રહણ કરવાના પરિણામ નથી થતા.

(૬) તીર્થંકર પ્રકૃતિની સત્તાવાળો જીવ આ ગુણસ્થાનમાં આવતો નથી.

(4)

## અવિરતસમ્યકત્વ ગુણસ્થાન

આચાર્યશ્રી નેમિચંદ્રસ્વામીએ ગોમ્મટસાર જીવકાંડ ગાથા - ૨૬માં અવિરત સમ્યકત્વ ગુણસ્થાનની પરિભાષા આ પ્રમાણે આપેલ છે :-

सत्तण्हं उवसमदो, उवसमसम्मो खयादु खइयो य ।
बिदियकसायुदयादो, असंजदो होदि सम्मो य ।।

અપ્રત્યાખ્યાનાવરણ કષાય કર્મના ઉદયથી અસંયત હોવા છતાં પાંચ, છ કે સાત (અનંતાનુબંધીની ચાર અને દર્શનમોહનીયની ત્રણ) પ્રકૃતિઓના ઉપશમ, ક્ષય, ક્ષયોપશમની દશામાં થવાવાળા જીવના ઔપશમિક, ક્ષાયિક તથા ક્ષાયોપશમિક ભાવોને અવિરતસમ્યકત્વ ગુણસ્થાન કહે છે.

આચાર્યશ્રી નેમિચંદ્રસ્વામીએ ગોમ્મટસાર જીવકાંડ ગાથા - ૨૯માં અવિરત સમ્યકત્વ ગુણસ્થાનની પરિભાષા આ પ્રમાણે આપેલ છે :-

णो इंदियेसु विरदो, णो जीवे थावरे तसे वापि ।
जो सद्दहदि जिणुत्तं, सम्माइट्ठी अविरदो सो ।।

જે પરિણામ સમ્યકદર્શનથી સહિત હોય, પરંતુ ઇન્દ્રિય વિષયોથી અને ત્રસ - સ્થાવરની હિંસાથી અવિરત હોય અર્થાત એકદેશ કે સર્વદેશ કોઈ પણ પ્રકારના સંયમથી રહિત હોય, તે પરિણામને અવિરત સમ્યકત્વ ગુણસ્થાન કહે છે.

◈ અવિરતિનું સ્પષ્ટીકરણ :- પંચેન્દ્રિય અને મનના વિષયોમાં પ્રવૃત્તિ અને ષટ્કાય જીવોની હિંસાથી અવિરતિ - આ અવિરતિના ૧૨ ભેદ છે. ઉપર્યુકત બાર પ્રકારની અવિરતિનો કિંચિત પણ ત્યાગ આ જીવોને નથી હોતો, પરંતુ અવિરતિમાં પ્રવૃત્તિ હેયબુદ્ધિથી રહે છે તથા આગમ અનુસાર સદાચાર તો અવશ્ય હોય જ છે.

◈ સમ્યકત્વ :- ઔપશમિક, ક્ષાપોપશમિક, અને ક્ષાયિક સમ્યકત્વમાંથી એક.

◈ ચારિત્ર :- સમ્યકત્વાચરણ ચારિત્રનો ઘાતક - અનંતાનુબંધી - ચતુષ્ટક ચારિત્ર મોહનીય કષાય-કર્મનો અભાવ હોવાથી આંશિક વીતરાગતામય સમ્યકત્વાચરણ ચારિત્ર (કયાંક-ક્યાંક આને જ સ્વરૂપાચરણ-ચારિત્ર પણ કહ્યું છે) તે હોય જ છે. છતાં પણ દેશચારિત્ર

આદિરૂપ વીતરાગતા ન હોવાને લીધે અવિરતિ કહે છે. છતાં પણ અહીં સામાન્ય ગૃહસ્થ યોગ્ય સદાચારી પ્રવૃત્તિ થાય જ છે.

◈ કાળ :- ઔપશમિક સમ્યકત્વનો કાળ અંતર્મુહૂર્ત જ છે. (જઘન્ય અને ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્ત છે, પરંતુ જઘન્ય કાળથી ઉત્કૃષ્ટ કાળ સંખ્યાતગણો છે.

ક્ષાપોપશમિક સમ્યકત્વનો જઘન્ય કાળ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કાળ ૬૬ સાગર છે. ૬૬ સાગર પછી એક અંતર્મુહૂર્ત માટે મિશ્ર ગુણસ્થાનમાં આવી ફરી ક્ષાપોપશમિકની સાથે ૬૬ સાગર સુધી રહી શકે છે.

ક્ષાયિક સમ્યકત્વનો કાળ સાદિ અનંત.

◈ ગમનાગમન:- અહીંથી ઉપર પાંચમા અને સાતમામાં તથા નીચે ત્રણે ગુણસ્થાનો (પહેલા, બીજા, ત્રીજા)માં ગમન થાય છે.

પહેલા, ત્રીજા, પાંચમા તથા છઠ્ઠા ગુણસ્થાનમાંથી અહીં આગમન થાય છે.

ઉપશમ શ્રેણીની અપેક્ષાએ ઉપશમ શ્રેણીના ચારેય ગુણસ્થાનોમાં મરણ થઈ જાય તો સીધા ચોથામાં આવે છે. અર્થાત્ મરણના અંત સમય સુધી તો શ્રેણીનું એ જ ગુણસ્થાન રહે છે, પરંતુ વિગ્રહગતિમાં પ્રથમથી જ ચોથું ગુણસ્થાન થઈ જાય છે.

◈ વિશેષતા :-

(૧) આ ગુણસ્થાનથી જ વિશિષ્ટ - પ્રશસ્ત રાગના કારણે તીર્થંકર પ્રકૃતિનો બંધ પ્રારંભ થઈ શકે છે.

(૨) આ ગુણસ્થાનથી જ પારમાર્થિક-સુખ પ્રગટ થાય છે.

(3) અહીંથી  જીવને સમ્યકત્વને કારણે અંતરાત્મા સંજ્ઞા પ્રાપ્ત થાય છે.

(૪) અહીં અવિરત શબ્દ અંત્યદીપક છે, તેથી અહીં સુધીનાં બધાં ગુણસ્થાન અવિરતરૂપ જ છે. જેમ કે - અવિરત મિથ્યાત્વ, અવિરત સાસાદન સમ્યકત્વ, અવિરત મિશ્ર, કારણ કે મિથ્યાત્વથી લઈને ચોથા ગુણસ્થાન સુધીના બધાં જીવ સામાન્યપણે અવિરત જ છે, છતાં પણ બધાંની અવિરતિમાં ઘણો જ ફરક હોય છે.

(૫) મિથ્યાત્વના અભાવથી અવિરત સમ્યકદ્રષ્ટિને દ્રષ્ટિ-મુકત (શ્રદ્ધાની અપેક્ષાએ)કહે છે.

(૬) ભવ્યત્વ શક્તિની અભિવ્યક્તિ આ જ ગુણસ્થાનમાં થાય છે.

◈ પ્રશ્ન :- સમ્યક્દર્શનની પ્રાપ્તિ માટે શુદ્ધાત્માના ધ્યાનને છોડી શું અન્ય કોઈ ઉપાય પણ હોઇ શકે છે? કે એક માત્ર શુદ્ધાત્માનું ધ્યાન જ છે? સ્પષ્ટીકરણ કરો.

ઉત્તર :- જે પ્રકારે સમ્યક્ચારિત્રની ઉત્પત્તિ અને તેની પૂર્ણતાનો ઉપાય નિજ શુદ્ધાત્માનું ધ્યાન જ છે. તે જ પ્રકારે સમ્યક્દર્શનની ઉત્પત્તિનો ઉપાય પણ એક નિજ શુદ્ધાત્માનું ધ્યાન જ છે. અન્ય કોઈ ઉપાય નથી.

સમ્યક્દર્શન અને સમ્યક્ચારિત્ર આ બંને ભાવ આત્માશ્રિત વીતરાગસ્વરૂપ જ છે અને આ બંનેના નિમિત્તરૂપથી બાધક કર્મ એક મોહનીય – દર્શનમોહનીય તથા ચારિત્રમોહનીય જ છે. માટે આની પ્રાપ્તિનો ઉપાય પણ એક આત્માશ્રિતપણું જ છે. આ કારણે સમ્યક્દર્શનની પ્રાપ્તિનો ઉપાય પણ એક નિજ શુદ્ધાત્માનું ધ્યાન જ છે; અન્ય નહીં.

વ્રત-તપ અને સમ્યકત્વના સંબંધમાં મોક્ષમાર્ગ પ્રકાશક પાના નં. ૨૬૧નો અંશ મહત્વપૂર્ણ છે. "કોઈકને દેવાદિકની પ્રતીતિ અને સમ્યકત્વ યુગપદ્દ હોય છે તથા વ્રત-તપ, સમ્યકત્વ યુગપદ્દ હોય છે તથા વ્રત-તપ, સમ્યકત્વની સાથે પણ હોય છે અને આગળ-પાછળ પણ હોય છે. દેવાદિકની પ્રતીતિનો તો નિયમ છે, તેના વિના સમ્યકત્વ નથી હોતું, વ્રતાદિકનો નિયમ નથી. ઘણા જીવો તો પહેલા સમ્યકત્વ પછી જ વ્રતાદિક ધારણ કરે છે, કેટલાંકને યુગપદ્દ પણ થઈ જાય છે."

*****

(૫)

# દેશવિરત ગુણસ્થાન

આચાર્યશ્રી નેમિચંદ્રસ્વામીએ ગોમ્મટસાર જીવકાંડ ગાથા - ૩૦માં દેશવિરત ગુણસ્થાનની પરિભાષા આ પ્રકારે આપેલ છે :-

पच्चक्खाणुदयादो, संजमभावो ण होदि णवरिं तु ।
थोववदो होदि तदो, देसवदो होदि पंचमओ ।।

પ્રત્યાખ્યાનાવરણ કષાય કર્મના ઉદયકાળમાં અર્થાત્ નિમિત્તથી પૂર્ણ સંયમભાવ પ્રગટ ન થવા છતાં પણ સમ્યગ્દર્શનપૂર્વક અણુવ્રતાદિ સહિત તથા બે કષાય ચોકડીના અભાવપૂર્વક વ્યકત થવાવાળી વીતરાગ દશાને દેશવિરત ગુણસ્થાન કહે છે.

ઉક્ત પરિભાષામાં "પ્રત્યાખ્યાનાવરણ કષાય ઉદયકાળ"માં એવું વાક્ય છે તથા આગળ કહ્યું છે કે "પૂર્ણ સંયમભાવ પ્રગટ ન થવા છતાં પણ." આ વાકયોનો અર્થ એ થયો કે પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયકાળમાં આંશિક વીતરાગતારૂપ દેશસંયમ હોય છે. અણુવ્રતાદિ શ્રાવકના શુભોપયોગરૂપ વ્રતોના પાલનનો ભાવ પ્રત્યાખ્યાનાવરણ કર્મના ઉદયનું કાર્ય છે. જે કાર્ય કર્મના ઉદયનું હોય તે પુણ્ય પરિણામરૂપ છે, ધર્મરૂપ ન હોઈ શકે.

અન્ય નામ – વિરતાવિરત, સંયમાસંયમ, દેશસંયમ, દેશચારિત્ર, અણુવ્રત ઇત્યાદિ.

◈ ભેદ અગિયાર - પ્રતિમાઓની અપેક્ષાથી દેશવિરતના ૧૧ ભેદ છે.

તે આ પ્રમાણે - દર્શન, વ્રત, સામાયિક, પ્રોષધ, સચિત્તત્યાગ, દિવામૈથુન ત્યાગ (રાત્રિભોજન ત્યાગ), બ્રહ્મચર્ય, આરંભત્યાગ, પરિગ્રહ ત્યાગ, અનુમતિ ત્યાગ અને ઉદ્દિષ્ટ આહાર ત્યાગ પ્રતિમા.

ઉદ્દિષ્ટ આહાર ત્યાગ પ્રતિમાનાં પણ એક વસ્ત્રધારી શ્રાવક અને બે વસ્ત્રધારી શ્રાવક એમ બે ભેદ છે. એલક વસ્ત્રધારી શ્રાવક છે તથા ક્ષુલ્લક બે વસ્ત્રધારી શ્રાવક છે. આ જ પ્રતિમાધારી મહિલાને આર્જીકા કહે છે.

◈ સમ્યકત્વ :- ઔપશમિક, ક્ષાપોપશમિક, અને ક્ષાયિક સમ્યકત્વમાંથી એક.

◈ ચારિત્ર :- પંચમ ગુણસ્થાનમાં સંયમાસંયમ ચારિત્ર હોય છે. અહીંયા અપ્રત્યાખ્યાનાવરણ કષાયોના વર્તમાનકાળના સર્વઘાતિ સ્પર્ધકોનો ઉદયભાવી ક્ષય, તેમના જ

ભવિષ્યમાં ઉદયમાં આવવાવાળા સર્વઘાતિ સ્પર્ધકોનો સદ્દવસ્થારૂપ ઉપશમ તથા પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય રહે છે. તેથી કર્મોનું ક્ષાયોપશમિકપણું થાય છે. (બને છે.)

◈ કાળ :- જઘન્યકાળ અંતર્મુહૂર્ત.

ઉત્કૃષ્ટકાળ મનુષ્યની અપેક્ષાએ આઠ વર્ષ એક અંતર્મુહૂર્ત ઓછું એક પૂર્વકોટિવર્ષ છે તથા સંમૂર્ચ્છન તિર્યંચની અપેક્ષાએ એક અંતર્મુહૂર્ત ઓછું એક પૂર્વકોટિવર્ષ છે.

◈ ગમનાગમન :-ઉપર સાતમા ગુણસ્થાનમાં તથા નીચે ચોથા, ત્રીજા, બીજા તથા પહેલા ગુણસ્થાનમાં ગમન થાય છે. પહેલા, ચોથા અને છઠ્ઠા ગુણસ્થાનથી અહીં આગમન થાય છે.

◈ વિશેષતા :-

(૧) સર્વાર્થસિદ્ધિ આદિ એક ભવાવતારી દેવોના સમ્યકત્વ, બાલબ્રહ્મચર્યત્વ, દ્વાદશાંગજ્ઞાનત્વાદિની ઉપસ્થિતિમાં તથા તેમના જનસામાન્યવત્ પાંચપાપ, સ્થૂળ વિષય-કષાય, અસિ - મસિ આદિ હિંસાજન્ય ષટ્કર્મ જોવામાં ન આવવા છતાં અંતરંગમાં એક કષાય ચોકડીના અભાવમાં ઉત્પન્ન વીતરાગતા થવાથી તેઓને દેશસંયમ નથી,પરંતુ અસંયમ જ છે અને મનુષ્ય તિર્યંચોની ઉપર્યુક્ત બાહ્ય પ્રવૃતિ જોવામાં આવવા છતાં પણ અંતરંગમાં સમયક્દર્શન સહિત બે કષાય ચોકડીના અનુદયમાં ઉત્પન્ન વીતરાગતા વિદ્યમાન હોવાથી દેશસંયમ છે.

(૨) સ્વયંભૂરમણ સમુદ્રમાં પ્રતિકૂળ વાતાવરણમાં પણ શુદ્ધાત્માનુભવરૂપ સમ્યકદર્શન સહિત બે કષાય ચોકડીનાં અભાવપૂર્વક વ્યકત વીતરાગતારૂપ દેશચારિત્ર હોય છે. આ કારણે અસંખ્યાત તિર્યંચ પણ અતીન્દ્રિય આનંદનો અનુભવ કરતાં થકા પંચમ ગુણસ્થાનવર્તી છે. સુખનો સીધો સબંધ વ્યક્ત વીતરાગતાથી છે. બાહ્ય પ્રવૃતિને અનુસાર ત્યાગ-ગ્રહણથી નથી.

* ધર્મ (વીતરાગતા) પ્રગટ કરવા માટે, ધર્મની વૃદ્ધિ કરવા માટે અથવા ધર્મની પરિપૂર્ણતા માટે બાહ્ય અનુકૂળતા કે પ્રતિકૂળતા અકિંચિત્કર છે, એ વિષય અહીં સ્પષ્ટ રીતે સમજમાં આવી શકે છે.

* બાહ્ય પ્રતિકૂળ સંયોગો ધર્મ પ્રગટ કરવાના કાર્યમાં જરા પણ બાધક હોય તો નરકમાં કોઈપણ જીવને સમ્યકત્વની પ્રાપ્તિ ન થવી જોઈએ, પરંતુ અસંખ્યાત નારકી સમ્યકત્વની પ્રાપ્તિ કરી લે છે. નવમી ગ્રૈવેયક સુધીનાં સ્વર્ગનાં બધાં જ દેવોને બાહ્ય અનુકૂળતા હોવાથી સમ્યગ્દર્શન થઈ જ જવું જોઈએ તેવો નિયમ ન બની શકે કેમકે અનેક દેવ મિથ્યાદ્રષ્ટિ જોવામાં આવે છે.

* ઉપસર્ગ કે પરિષહમાં ઘેરાયેલા સાધુની સાધુતા નષ્ટ થવી જોઈએ તથા તેમણે ઉપસર્ગ અને પરિષહ પર વિજય મેળવીને કેવલી થવાનો પ્રસંગ પણ ન મળવો જોઇએ. તેમ છતાં અનેક મુનિરાજ ઉપસર્ગ કે પરિષહજયી થઈને અંતરોન્મુખ પુરુષાર્થ કરીને કેવલી થાય છે તથા પોતાની અતીન્દ્રિય અનંતસુખસ્વરૂપ પર્યાયને પ્રતિ સમય પ્રગટ કરી જ રહ્યા છે.

* ધર્મની ક્રિયા તો આત્માની પોતાની સ્વાધીન અને સ્વતંત્ર ક્રિયા છે, તેનો બાહ્ય અન્ય દ્રવ્યોની ક્રિયાથી જરા પણ સંબંધ નથી.

(૩) અહીં સંયમ શબ્દ આદિ દીપક છે, અહીંથી લઈને ઉપરના સર્વે ગુણસ્થાનોમાં સંયમ નિયમથી જોવામાં આવે છે.

(૪) અસંયમ શબ્દને અંત્યદીપક સમજવો જોઈએ, કારણ કે પંચમ ગુણસ્થાનથી લઈને આગળના ગુણસ્થાનોમાં અસંયમ હોતો જ નથી. આને સમજવા માટે પ્રથમ ચાર ગુણસ્થાનોની સાથે અસંયમ શબ્દ જોડીને સમજવું ઉપયોગી થઈ પડે છે. જેમ કે - મિથ્યાત્વ અસંયમ, સાસાદન સમ્યકત્વ અસંયમ, મિશ્ર અસંયમ આદિ.

********

(૬)

## પ્રમત્તવિરત ગુણસ્થાન

આચાર્યશ્રી નેમિચંદ્રસ્વામીએ ગોમ્મટસાર જીવકાંડ ગાથા - ૩૨માં પ્રમત્તવિરત ગુણસ્થાનની પરિભાષા આ પ્રકારે આપેલ છે :-

संजलण–णोकसायाणुदयादो संजमो हवे जम्हा ।
मलजणणपमादो वि य, तम्हा हु पमत्तविरदो सो ।।

જે (ત્રણ કષાય ચોકડીના અભાવપૂર્વક) વીતરાગ પરિણામ, સમ્યકત્વ અને સકલ વ્રતોથી સહિત હોય, પરંતુ સંજ્વલન કષાય અને નવ નોકષાયના તીવ્ર ઉદય નિમિત્ત, પ્રમાદ સહિત હોય, તેને પ્રમત્તવિરત ગુણસ્થાન કહે છે.

◈ નામ અપેક્ષા વિચાર :-

પ્રમત્તસંયત, વિરત, સંયમ, સકલસંયમ, સકલચારિત્ર ઇત્યાદિ અનેક નામ છે. મોક્ષ સાધક મુનિજીવનમાં આ પ્રમત્તસંયત ગુણસ્થાન નિયમથી હોય જ છે. છઠ્ઠા ગુણસ્થાનની પ્રાપ્તિ વગર કોઈ જીવ મોક્ષ પ્રાપ્ત નથી કરી શકતો.

◈ પ્રમત્તસંયત શબ્દનું સ્પષ્ટીકરણ :- પ્રમત + સંયત = પ્રમત્તસંયત.

પ્રમત્ત = પ્રકૃષ્ટ, મત્ત = મદયુકત / અસાવધાન, સંયત = સંયમ.

સકલ સંયમરૂપ વીતરાગતા પ્રગટ થઈ જવાથી સંયત થઈ જવા છતાં પણ સંજ્વલન કષાય અને નોકષાયોના ઉદયવશ વિકથા આદિ પંદર પ્રમાદોમાં હેય બુદ્ધિથી પ્રવૃત્તિ થવાને કારણ સ્વરૂપમાં અસાવધાનવૃત્તિ થઈ જવાથી પ્રમત્તસંયત છે.

◈ સમ્યકત્વ - ઔપશમિક આદિ ત્રણેય સમ્યકત્વમાંથી કોઈપણ એક સમ્યકત્વ રહે છે.

◈ ચારિત્ર અપેક્ષા વિચાર :-

આ છઠ્ઠા ગુણસ્થાનમાં ક્ષાયોપશમિક ચારિત્ર હોય છે. તે આ પ્રકારે છે - અહીં પ્રત્યાખ્યાનાવરણ કષાય કર્મના વર્તમાનકાળના સર્વઘાતી સ્પર્ધકોના ઉદયભાવી ક્ષય, તેમના જ ભવિષ્યમાં ઉદયમાં આવવા યોગ્ય સર્વઘાતિ સ્પર્ધકોનો સદવસ્થારૂપ ઉપશમ અને દેશઘાતી

સંજવલન કષાય કર્મ અને નવ નોકષાય કર્મનો તીવ્ર ઉદય રહે છે. આ પ્રકારે ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ ઘટિત થાય છે.

◈ કાળ - મરણની અપેક્ષાએ જઘન્યકાળ - એક સમય, ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્ત. જ્યારે છઠ્ઠા ગુણસ્થાનથી નીચેના ગુણસ્થાનોમાં પતન થાય છે, ત્યારે જ ઉત્કૃષ્ટકાળ ઘટિત થાય છે.

◈ ગમનાગમન - અહીંથી ઉપરની તરફ ગમન માત્ર ૭માં તથા નીચેની તરફ ગમન નીચેના પાંચેય ગુણસ્થાનોમાં થઈ શકે છે. સાતમા ગુણસ્થાનથી જ આમાં આગમન થાય છે.

◈ વિશેષતા :-

(૧) ગુણસ્થાન શુદ્ધ પરિણતિ સહિત શુભોપયોગરૂપ છે. જો કે આ દશા મુનિજીવનમાં અવશ્યંભાવી છે, છતાં પણ બંધકારક છે. નાટક સમયસારમાં આને જગપંથ કહ્યો છે, કારણ કે અહીં શુભોપયોગ હોય છે.

(૨) આચાર્યકૃત બધા સાહિત્ય લેખન, ઉપદેશ, દીક્ષા-શિક્ષા આદિ પ્રશસ્ત કાર્ય આ જ ગુણસ્થાનમાં થાય છે.

(3) આહારક આદિ ઋદ્ધિઓનો ઉપયોગ આ જ ગુણસ્થાનમાં થાય છે.

(૪) અહીં પ્રયુક્ત પ્રમત્ત શબ્દ અંત્ય-દીપક છે. તેથી અહીં સુધીના બધાં ગુણસ્થાન પ્રમત્ત જ છે.

(૫) ૨૮ મૂળગુણોનું પાલન અખંડપણે કરવું એ જ સાચું મુનિપણું છે. 'મૂળગુણ' આ શબ્દ જ આપણને બતાવે છે કે ગુરૂપણાંના મૂળગુણ છે અર્થાત્ તેના વગર ગુરૂપણું સંભવ જ નથી, જેમ મૂળની વગર વૃક્ષ હોતું નથી, એવી જ રીતે ૨૮ મૂળગુણોની અનિવાર્યતા આગમ, તર્ક તથા યુક્તિથી પણ યથાર્થ સિદ્ધ થાય છે.

(૧) જે કોઈ ૨૮ મૂળગુણોનું આગમાનુસાર નિર્દોષ પાલન કરે છે, તે સાચા ગુરૂ છે, એવી પરિભાષા ચરણાનુયોગના શાસ્ત્રોની મુખ્યતાથી કરવી ઉચિત (યોગ્ય) જ છે. સાચા મુનિપણાના વિષયને અન્ય અપેક્ષાઓથી પણ આપણે સમજવું આવશ્યક છે. તેથી થોડું સ્પષ્ટીકરણ કરીએ છીએ.

(૨) અનંતાનુબંધી આદિ ત્રણ કષાય ચોકડીના અનુદયકાળમાં ધ્યાન રહિત તથા શુદ્ધ પરિણતિ સહિત અવસ્થાના સમયે મુનિરાજ જે પ્રકારના બાહ્ય આચરણમાં પ્રવૃત્ત હોય છે, તે આચરણને ૨૮ મૂળગુણ કહે છે.

(૭)

# અપ્રમત્તવિરત ગુણસ્થાન

આચાર્યશ્રી નેમિચંદ્રસ્વામીએ ગોમ્મટસાર જીવકાંડ ગાથા - ૪૫માં અપ્રમત્તસંયત ગુણસ્થાનની કર્મોદય સાપેક્ષ પરિભાષા આ પ્રમાણે આપેલ છે :-

संजलणणोकसायाणुदओ, मंदो जदा तदा होदि ।
अपमत्तगुणो तेण य, अपमत्तो संजदो होदि ।।

સંજ્વલન કષાય તથા નવ નોકષાયના મંદ ઉદયના સમયમાં અર્થાત નિમિત્તથી પ્રમાદ રહિત થવાવાળી વીતરાગદશાને અપ્રમત્તસંયત ગુણસ્થાન કહે છે.

આચાર્યશ્રી નેમિચંદ્રસ્વામીએ ગોમ્મટસાર જીવકાંડ ગાથા - ૪૬માં સ્વસ્થાન અપ્રમત્ત ગુણસ્થાનની ધ્યાનની મુખ્યતાથી ભેદ સહિત પરિભાષા નીચે પ્રમાણે પણ આપેલ છે, જે વિશેષ મહત્વપૂર્ણ છે :-

णट्ठासेसप्रमादो वयगुणसीलोलिमंडिओ णाणी ।
अणुवसमओ अखवओ झाणणिलीणो हु अपमत्तो ।।

જેના વ્યક્ત અને અવ્યક્ત બધાં પ્રકારના પ્રમાદ નષ્ટ થઈ ગયા છે, જે વ્રત, ગુણ અને શીલોથી મંડિત છે, જે નિરંતર આત્મા અને શરીરના ભેદવિજ્ઞાનથી યુક્ત છે, જે ઉપશમ અને ક્ષપકશ્રેણી પર આરૂઢ નથી થયા અને જે ધ્યાનમાં લવલીન (તલ્લીન) છે, તેઓને અપ્રમત્તસંયત કહે છે.

◈ ભેદ - પરિભાષા - આના બે ભેદ છે - સ્વસ્થાન અપ્રમત્ત, સાતિશય અપ્રમત્ત. સર્વ પ્રમાદનાશક, વ્રત - ગુણ - શીલથી સહિત અનુપશમક, અક્ષપક, ધ્યાનમાં લીન મુનિ દશા અપ્રમત્ત સંયત છે. આનું જ અપરનામ નિરતિશય – અપ્રમત્ત પણ છે.

ચારિત્ર મોહનીયની 21 પ્રકૃતિઓના ઉપશમ તથા ક્ષયમાં નિમિત્ત અધ:પ્રવૃત્તકરણાદિ ત્રણ કરણોમાંથી પ્રથમ અધ:પ્રવૃત્તકરણ દશા સાતિશય અપ્રમત્ત – સંયત ગુણસ્થાન છે.

◈ અપ્રમત્તનું સ્પષ્ટીકરણ - પૂર્વોકત ૧૫ પ્રમાદોની અભાવરૂપ દશા અપ્રમત્ત દશા છે. અપ્રમત્ત કહો અથવા ધ્યાનાવસ્થા કહો, બંનેનો એક જ અર્થ છે.

◈ સમ્યકત્વ – સ્વસ્થાન અપ્રમત્ત અવસ્થામાં ઔપશમિકાદિક ત્રણે સમ્યકત્વમાં કોઈ એક સમ્યકત્વ રહે છે. સાતિશય અપ્રમત્ત ગુણસ્થાનમાં દ્વિતીયોપશમ અને ક્ષાયિક સમ્યકત્વમાંથી કોઈપણ એક સમ્યકત્વ રહે છે. ક્ષાયોપશમિક સમ્યકત્વની સાથે શ્રેણી પર આરોહણ કરવાનું કાર્ય નથી થતું, કારણ કે ચલ, મલ, અગાઢ દોષ બાધક બને છે.

◈ ચારિત્ર - ક્ષાયોપશમિક ચારિત્ર.

સંજ્વલન કષાય ચોકડીના તીવ્ર ઉદયના સ્થાને મંદ ઉદય એટલું માત્ર પરિવર્તન કરી દેવાથી પૂર્વોક્ત - (છઠ્ઠા ગુણસ્થાનના) ક્ષયોપશમની જેમ અહીંયા પણ ઘટિત થાય છે.

◈ કાળ - મરણની અપેક્ષાએ જઘન્ય કાળ એક સમય, ઉત્કૃષ્ટ કાળ – અંતર્મુહૂર્ત.

◈ ગમનાગમન - અપ્રમત્તથી ઉપરની તરફ ગમન આઠમામાં જ તથા નીચેની તરફ ગમન છઠ્ઠામાં જ થાય છે.

પહેલા, ચોથા, પાંચમા, છઠ્ઠા તથા શ્રેણીથી પતન થતી વખતે આઠમાથી પણ અહીં આગમન થાય છે. સાતમામાંથી મરણના સમયે ચોથામાં જ ગમન થાય છે.

◈ વિશેષતા - સાતિશય અપ્રમત્તમાં ચાર આવશ્યક હોય છે.

૧. સમયે-સમયે અનંતગુણી વિશુદ્ધિ.

૨. સ્થિતિ - બંધાપસરણ અર્થાત્ નવીન કર્મનો બંધ ક્રમશ: (અનુક્રમે) ઓછી-ઓછી સ્થિતિ સહિત બંધાય છે.

૩. પ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગ સમયે-સમયે અનંતગણો વધે છે.

૪. અપ્રશસ્ત પ્રકૃતિઓનો અનુભાગ સમયે-સમયે અનંતગણો ઘટે છે.

૫. અહીં અપ્રમત્ત શબ્દ આદિ-દીપક છે, તેથી અહીંયાથી લઈને ઉપરના બધાં ગુણસ્થાન અપ્રમત્ત જ છે.

૬. આગળના સમયવર્તી જીવોના પરિણામોથી નીચલા સમયવર્તી જીવોના પરિણામોની સદૃશ- વિસદૃશ સ્થિતિને અધ:પ્રવૃત્તકરણ કહે છે.

૭. ચારિત્ર મોહનીયના ઉપશમ તથા ક્ષયના પ્રસંગમાં અપૂર્વકરણની સન્મુખ શુદ્ધોપયોગ પરિણામોને અધ:પ્રવૃત્તકરણ કહે છે.

૮. સાતમામાં મરીને વિગ્રહ-ગતિમાં ચોથું ગુણસ્થાન થઈ જાય છે. અથવા મરણની પહેલા સાતમાથી છઠ્ઠા, પાંચમા, ચોથા ગુણસ્થાનમાં આવી મરણ થઈ શકે છે. પરંતુ એ નિયમ નથી

કે સાતમા ગુણસ્થાનવાળા ચોથામાં જ આવી મરણને (પ્રાપ્ત) કરે. કારણ કે સાતમા ગુણસ્થાનમાં પણ મૃત્યુ થઈ શકે છે.

◈ પ્રશ્ન :- બારમા ગુણસ્થાનથી આગળ વીતરાગતામાં અનંતગુણી વૃદ્ધિ કેમ થતી નથી?

ઉત્તર :- બારમા ગુણસ્થાનમાં પ્રથમ સમયમાં જ વીતરાગતા પરિપૂર્ણ પ્રગટ થઈ ગઈ છે તો હવે આગળ વધવા માટે કાંઇ અવકાશ રહ્યો જ નથી. તેથી પૂર્ણ વીતરાગ થવાથી અનંતગણી વિશુદ્ધિરૂપ પૂર્ણ વીતરાગતા સતત અખંડ અને અવિચલરૂપથી અનંતકાળ સુધી બની જ રહે છે.

*********

(૮)

# અપૂર્વકરણ ગુણસ્થાન

આચાર્યશ્રી નેમિચંદ્રદેવે ગોમ્મટસાર જીવકાંડ ગાથા - ૫૦માં અપૂર્વકરણ ગુણસ્થાનની પરિભાષા આ પ્રમાણે આપેલ છે :-

अंतोमुहुत्त कालं, गमिऊंण अधापवत्तकरणं तं ।
पडिसमयं सुज्झंतो अपुव्वकरणं सम्मिल्लियइ ।।

અધ:પ્રવૃત્તકરણ સંબંધી અંતર્મુહૂર્તકાળ પૂર્ણ કરી પ્રતિ સમય અનંતગણી શુદ્ધિને પ્રાપ્ત થયેલ પરિણામોને અપૂર્વકરણ ગુણસ્થાન કહે છે. આમાં અનુકૃષ્ટિ રચના થતી નથી.

આ ગુણસ્થાનનું પૂરૂં નામ "અપૂર્વકરણ પ્રવિષ્ટ શુદ્ધિસંયત" ગુણસ્થાન છે.

◈ ભેદ :- પૂર્વોક્ત ચારિત્ર મોહનીયની ૨૧ પ્રકૃતિઓના (૪ અપ્રત્યાખ્યાનાવરણ, ૪ પ્રત્યાખ્યાનાવરણ, ૪ સંજવલન, ૯ નોકષાય) ઉપશમ તથા ક્ષયની અપેક્ષાથી આ ગુણસ્થાનના પણ ઉપશમક અને ક્ષપક – બે ભેદ હોય છે.

◈ અપૂર્વકરણપ્રવિષ્ટ શુદ્ધિસંયત સંબંધી સ્પષ્ટીકરણ :-

◈ શબ્દાર્થ :- અપૂર્વકરણ - અ = નહીં, પૂર્વ = પહેલા, અપૂર્વ = અત્યંત નવીન, કરણ = પરિણામ, અર્થાત્ પૂર્વમાં કયારેય પણ પ્રગટ ન થયા હોય તેવા અનુપમ શુદ્ધ પરિણામો પ્રવિષ્ટ = પ્રવેશ પ્રાપ્ત, શુદ્ધિ = શુદ્ધોપયોગ સંયત = શુદ્ધાત્મ સ્વરૂપમાં સમ્યક્ પ્રકારે લીન.

ચારિત્રમોહનીય કર્મની ૨૧ પ્રકૃતિઓના ઉપશમ કે ક્ષયમાં નિમિત્ત થવાવાળા, પૂર્વમાં અપ્રાપ્ત, વિશિષ્ટ વૃદ્ધિંગત, શુદ્ધોપયોગ પરિણામ યુકત જીવ અપૂર્વકરણ પ્રવિષ્ટ શુદ્ધિસંયત છે.

◈ સમ્યકત્વ :- દ્વિતીયોપશમ તથા ક્ષાયિક - સમ્યકત્વમાંથી કોઈ એક.

◈ ચારિત્ર :- ચારિત્ર મોહનીયનો પૂર્વવત (તીવ્રસ્થાન પર મંદતર માત્ર પરિવર્તન કરીને છઠ્ઠા ગુણસ્થાનની જેમ) ક્ષયોપશમ હોવાના કારણે અહીં ક્ષાયોપશમિક ચારિત્ર છે. તથા ઉપશમ તથા ક્ષપક શ્રેણીનું આરોહણ થવાથી અહીં ક્રમશ: ઉપચારથી ઔપશમિક અથવા ક્ષાયિક ચારિત્ર પણ કહેવામાં આવે છે.

◈ કાળ :- અંતર્મુહૂર્ત અને મરણની અપેક્ષાએ જઘન્ય કાળ એક સમય.

◈ ગમનાગમન :- અહીંથી ઉપરની તરફ ગમન નવમા ગુણસ્થાનમાં, નીચેની તરફ ગમન શ્રેણીથી પતન થતાં સમયે સાતમામાં ગમન થાય છે.

મૃત્યુ પછી વિગ્રહગતિમાં ચોથા ગુણસ્થાનમાં, નીચેની તરફ ગમન શ્રેણીથી પતન થતાં સમયે સાતમામાં ગમન થાય છે.

◈ વિશેષતા :- ૧. પ્રતિસમય જીવની પર્યાયમાં અનંતગણી વિશુદ્ધિ થાય છે. (અહીંયા વિશુદ્ધિનો અર્થ વીતરાગતા તેમજ પુણ્ય પરિણામ પણ લેવો.)

૨. પૂર્વબદ્ધ કર્મોનો અસંખ્યાત ગણો સ્થિતીકાંડ ઘાત થાય છે.

૩. નવીન સ્થિતિબંધ ઓછી સ્થિતિ-અનુભાગવાળો થાય છે.

૪. વૃદ્ધિંગત વીતરાગ પરિણામ તથા કષાયની મંદતાથી પૂર્વબદ્ધ કર્મોનો પ્રતિસમય અસંખ્યાતગણો અનુભાગ - કાંડકઘાત થાય છે.

૫. પ્રતિસમય પૂર્વબદ્ધ કર્મોની ગુણશ્રેણી નિર્જરા થાય છે.

૬. ગુણ સંક્રમણ અર્થાત્ અનેક અશુભ પ્રકૃતિઓ શુભમાં બદલાઈ જાય છે. આ કરી દસમા ગુંસ્થાન સુધી ચાલે છે.

૭. ભિન્ન સમયવર્તી જીવોના પરિણામ અસમાન - (ભિન્ન – ભિન્ન) જ હોય છે. ગુણસ્થાનના નામ પ્રમાણે પ્રતિસમય પરિણામ અપૂર્વ - અપૂર્વ જ હોય છે.

૮. એક અર્થાત્ સમાન સમયવર્તી જીવોનાં પરિણામ સમાન તથા અસમાન બંને પ્રકારના હોય છે.

૯. અહીંયા ઉપશમ શ્રેણીવાળાનું ચડતા સમયે પહેલા ભાગમાં મૃત્યુ થતું નથી, અન્ય ભાગોમાં મૃત્યુ થઈ શકે છે. ઉપશમ શ્રેણીથી પતન થતાં સમયે બધા ભાગોમાં મૃત્યુ સંભવ છે. ક્ષપક શ્રેણીવાળાઓનું મૃત્યુ નહીં, પરંતુ ચૌદમા ગુણસ્થાનના અંતમાં નિર્વાણ જ થાય છે.

************

(૯)

## અનિવૃત્તિકરણ ગુણસ્થાન

આચાર્યશ્રી નેમિચંદ્રદેવે ગોમ્મટસાર જીવકાંડ ગાથા - ૫૭માં અનિવૃત્તિકરણ ગુણસ્થાનની પરિભાષા આ પ્રમાણે આપેલ છે :-

होंति अणियट्टिणो ते, पडिसमयं जेस्सिमेक्कपरिणामा ।
विमलयरझाणहुयवहसिहाहिं णिद्दड्ढकम्मवणा ।।

અત્યંત નિર્મળ ધ્યાનરૂપી અગ્નિ શિખાઓ દ્વારા, કર્મવનને બાળવામાં સમર્થ, પ્રત્યેક સમયના એક-એક સુનિશ્ચિત વૃદ્ધિંગત વીતરાગ પરિણામોને અનિવૃત્તિકરણ ગુણસ્થાન કહે છે.

વાસ્તવમાં તો આ માત્ર નિમિત્ત - નૈમિત્તિક સંબંધની અપેક્ષાએ અસદ્‌ભુત વ્યવહારનયથી કથન કરવાની પદ્ધતિ છે. સત્ય વસ્તુસ્થિતિ તો એ છે કે જ્યારે મહામુનિરાજ અંતરોન્મુખી પુરુષાર્થના બળથી વીતરાગભાવને વિશેષ વધારે છે, વીતરાગતા ઉત્તરોત્તર પુષ્ટ થતી જાય છે, ત્યારે તેના નિમિતથી પૂર્વબદ્ધ ચારિત્રમોહનીય કર્મના સ્પર્ધક પોતાની મેળે સ્થિતિકાંડકઘાત, અનુભાગકાંડકઘાત, સંક્રમણાદિ થઈને નિરંતર અકર્મરૂપે પરિણમિત થતાં જાય છે. આ કાર્યને "ધ્યાનરૂપી અગ્નિશિખાઓએ કર્મવનને બાળી નાખ્યું" આ અલંકારિક શબ્દોમાં આચાર્યદેવે કહ્યું છે.

આ ગુણસ્થાનનું પૂર્ણ નામ અનિવૃત્તિકરણબાદરસાંપરાય (કષાય) પ્રવિષ્ટ શુદ્ધિસંયત ગુણસ્થાન છે.

◈ ભેદ :- ઉપશમક અને ક્ષપક શ્રેણીની અપેક્ષાએ આના તત્સંબંધી બે ભેદ છે. ઉપશમક અનિવૃત્તિકરણ અને ક્ષપક અનિવૃત્તિકરણ.

◈ અનિવૃત્તિકરણ બાદરસાંપરાય પ્રવિષ્ટ શુદ્ધિસંયતનું સ્પષ્ટીકરણ :-

◈ શબ્દાર્થ :- અ + નિવૃત્તિ = અનિવૃત્તિ. અ = નહીં, નિવૃત્તિ = ભેદ, કરણ = પરિણામ, અનિવૃત્તિકરણ = ભેદરહિત, સુનિશ્ચિત સમાન પરિણામ. બાદર = સ્થૂળ, સાંપરાય = કષાય, પ્રવિષ્ટ = પ્રવેશ પ્રાપ્ત, શુદ્ધિ - શુદ્ધોપયોગ, સંયત = શુદ્ધત્મ સ્વરૂપમાં સમ્યક્ પ્રકારે લીન.

ચારિત્રમોહનીય કર્મની ૨૧ પ્રકૃતિઓના ઉપશમ કે ક્ષયમાં નિમિત્ત થવાવાળા સંજ્વલન કષાયના મંદતમ ઉદયરૂપ સ્થૂળ કષાયના સદ્‌ભાવમાં સુનિશ્ચિત ઉત્તરોત્તર વિશિષ્ટ વૃદ્ધિંગત,

સ્વરૂપલીન શુદ્ધોપયોગ પરિણામ યુકત જીવ અનિવૃત્તિકરણ બાદરસાંપરાય પ્રવિષ્ટ શુદ્ધિસંયત છે.

◈ સમ્યકત્વ :- દ્વિતીયોપશમ તથા ક્ષાયિક સમ્યકત્વ આ બંનેમાંથી કોઈ એક.

◈ ચારિત્ર :- ક્ષાયોપશમિક ચારિત્ર, ઉપચારથી ઔપશમિક અથવા ક્ષાયિક ચારિત્ર પણ કહે છે.

મોહનીયનો પૂર્વવત (તીવ્રસ્થાન પર મંદતમ માત્ર પરિવર્તન કરીને છઠ્ઠા ગુણસ્થાનની જેમ) ક્ષયોપશમ હોવાના કારણે અહીં ક્ષાયોપશમિક ચારિત્ર છે. - ઔપશમિક - ક્ષાયિક ચારિત્ર સંબંધી કથન આઠમા ગુણસ્થાન મુજબ છે.

◈ કાળ :- મૃત્યુની અપેક્ષાએ જઘન્ય કાળ એક સમય.

◈ ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્ત :- આગળનો જન્મ વૈમાનિક દેવોમાં જ થાય છે.

◈ ગમનાગમન :- અહીંથી ઉપરની તરફ ગમન દસમા ગુણસ્થાનમાં, નીચેની તરફ ગમન આઠમા ગુણસ્થાનમાં થાય છે.

તથા આગમન આઠમા ગુણસ્થાનથી અને ઉપશમ શ્રેણીથી પતન સમયે દસમા ગુણસ્થાનથી પણ હોય છે.

◈ વિશેષતા :- ૧. અનંતગણી વિશુદ્ધિ આદિ આવશ્યક કાર્ય આઠમા ગુણસ્થાનની જેમ છે.

૨. ચારિત્ર મોહનીય કર્મ, બાદર કૃષ્ટિથી સૂક્ષ્મ કૃષ્ટિરૂપ પરિણમિત થાય છે. આ કૃષ્ટિકરણથી સૂક્ષ્મલોભ કષાય વિના બાકીના 20 ચારિત્રમોહનીય પ્રકૃતિઓનો ઉપશમ અથવા ક્ષય થાય છે.

૩. ભિન્ન સમયવર્તી જીવોનાં પરિણામ સુનિશ્ચિત, વિસદૃશ તથા એક સમયવર્તી જીવોનાં પરિણામ સુનિશ્ચિત, સદૃશ જ હોય છે.

૪. અહીંયા બાદર શબ્દ અંત્ય-દીપક છે. અહીંયા સુધીના બધાં ગુણસ્થાન બાદર કષાયવાળા જ હોય છે.

***********

(૧૦)

## સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાન

આચાર્યશ્રી નેમિચંદ્રદેવે ગોમ્મટસાર જીવકાંડ ગાથા - ૬૦માં સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનની પરિભાષા આ પ્રમાણે આપેલ છે :-

अणुलोहं वेदंतो, जीवो उवसामगो व खवगो वा ।
सो सुहमसांपराओ, जहखादेणूणओ किंचि ।।

ધોયેલાં કૌસુંબી વસ્ત્રની આછી લાલીમા જેવા સૂક્ષ્મ લોભનું વેદન કરવાવાળા ઉપશમક અથવા ક્ષપક જીવોના યથાખ્યાત ચારિત્રથી કિંચિત્ ન્યૂન વીતરાગ પરિણામોને સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાન કહે છે.

આનું પૂર્ણ નામ સૂક્ષ્મ સાંપરાય પ્રવિષ્ટ શુદ્ધિ સંયત છે.

◈ ભેદ :- ઉપશમ અને ક્ષપક શ્રેણીની અપેક્ષાએ આના તત્સંબંધી જ બે ભેદ છે. (૧) ઉપશમક સૂક્ષ્મ સાંપરાય (૨) ક્ષપક- સૂક્ષ્મ સાંપરાય.

◈ સૂક્ષ્મ સાંપરાય પ્રવિષ્ટ શુદ્ધિસંયત સંબંધી સ્પષ્ટીકરણ :-

◈ શબ્દાર્થ :- સૂક્ષ્મ = અત્યંત હીન અનુભાગ.

સાંપરાય = કષાય, પ્રવિષ્ટ = પ્રવેશ પ્રાપ્ત,

શુદ્ધિ = શુદ્ધોપયોગ, સંયત = શુદ્ધાત્મ સ્વરૂપમાં સમ્યક્પણે લીન.

અત્યંત હીન અનુભાગ સહિત લોભકષાયના વેદન સહિત, વિશિષ્ટ વૃદ્ધિંગત, શુદ્ધાત્મસ્વરૂપમાં લીન, શુદ્ધોપયોગ પરિણામ યુક્ત જીવ, સૂક્ષ્મ સાંપરાય પ્રવિષ્ટશુદ્ધિસંયત છે.

◈ સમ્યકત્વ :- દ્વિતીયોપશમ સમ્યકત્વ તથા ક્ષાયિક સમ્યકત્વમાંથી કોઈ એક.

◈ ચારિત્ર :- ક્ષાયોપશમિક ચારિત્ર, ઉપચારથી ઔપશમિક અથવા ક્ષાયિક ચારિત્ર પણ કહે છે.

૪ અપ્રત્યાખ્યાનાવરણ, ૪ પ્રત્યાખ્યાનાવરણ, લોભ કષાય વિના સંજવલન કષાય ત્રિક અને નવ નોકષાયોના ઉપશમ અથવા ક્ષયના સદ્‌ભાવમાં સૂક્ષ્મ લોભના મંદતમ ઉદયના સમયે થવાવાળી કર્મોની ક્ષયોપશમ દશારૂપ છે. આ ક્ષયોપશમના સમયે થવાવાળી જીવની

વીતરાગ દશા જ ક્ષાયોપશમિક ચારિત્ર છે.

ઉપશમ-ક્ષપક શ્રેણીની અપેક્ષાએ અહીં ઉપચારથી ક્રમશ: ઔપશમિક ક્ષાયિક ચારિત્ર પણ કહેવામાં આવે છે.

◈ કાળ :- ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્ત અને મરણની અપેક્ષાએ જઘન્ય કાળ માત્ર એક સમય.

◈ ગમનાગમન :- ઉપશમકનું અહીંથી ઉપરની તરફ ગમન અગિયારમા માં જ તથા ક્ષપક શ્રેણીવાળાનું બારમા માં જ થાય છે. ઉપશમકનું શ્રેણીથી પતન થતાં સમયે નીચેની તરફ નવમા ગુણસ્થાનમાં ગમન થાય છે.

અહીં નવમા ગુણસ્થાનથી આગમન થાય છે. ઉપશમકનું અગિયારમા ગુણસ્થાનથી પડતાં સમયે પણ અહીં આગમન થાય છે.

ઉપશમકનું મરણ પછી વિગ્રહ ગતિમાં પ્રથમ સમયમાં જ ચોથા ગુણસ્થાનમાં ગમન થાય છે.

◈ વિશેષતા :- ૧. અનંતગણી વિશુદ્ધિ આદિ આવશ્યક કાર્ય આઠમા ગુણસ્થાનની જેમ અહીં પણ થાય છે.

૨. અહીંયા સૂક્ષ્મ - લોભ - કષાય – ચારિત્ર - મોહનીય કર્મોદયના સમયે સૂક્ષ્મ કષાય ઔદાયિક ભાવના સદ્‌ભાવમાં પણ મોહનીય કર્મનો આશ્રવ-બંધ થતો નથી, કારણ કે સૂક્ષ્મ લોભ પરિણામ જઘન્યરૂપથી પરિણત થઈ ગયો છે. (વિશેષ સ્પષ્ટીકરણ માટે પંચાસ્તિકાય ગાથા ૧0૩ની ટીકા જુઓ)

3. અહીંયા જ્ઞાનાવરણાદિ ત્રણ ઘાતિ કર્મોનો જઘન્ય સ્થિતિ અનુભાગવાળો આસ્ત્રવ-બંધ થાય છે.

૪. અહીંયા સાંપરાય શબ્દ અંત્ય-દીપક છે. તેથી અહીં સુધીના બધાં ગુણસ્થાન સાંપરાય અર્થાત્ કષાય સહિત જ છે.

****************

## (૧૧)

## ઉપશાંતમોહ ગુણસ્થાન

આચાર્યશ્રી નેમિચંદ્રદેવે ગોમ્મટસાર જીવકાંડ ગાથા - ૬૧માં ઉપશાંતમોહ ગુણસ્થાનની પરિભાષા આ પ્રમાણે આપેલ છે :-

कदकफलजुदजलंवा, सरएसरवाणिवयं णिम्मलयं ।
सयलोवसंतमोहो, उवसंत कसायओ होदि ।।

નિર્મળી ફળ સહિત સ્વચ્છ જલના સમાન અથવા શરદકાળના સરોવરનાં જળ સમાન સર્વ મોહોપશમનનાં સમયે વ્યક્ત થવાવાળી પૂર્ણ વીતરાગી દશાને ઉપશાંત મોહ ગુણસ્થાન કહે છે.

આનું જ અપર નામ ઉપશાંત કષાય અને પૂર્ણ નામ ઉપશાંત કષાય - વીતરાગ છદ્મસ્થ છે.

◈ ઉપશાંત કષાય - વીતરાગ છદ્મસ્થ સંબંધી સ્પષ્ટીકરણ :-

◈ શબ્દાર્થ :- ઉપશાંતકષાય = દબાયેલો કષાય, વીતરાગ = વર્તમાનકાળમાં સર્વ પ્રકારના રાગાદિથી રહિત, છદ્મ = જ્ઞાનાવરણ - દર્શનાવરણના સદ્ભાવમાં વિદ્યમાનમાં અલ્પજ્ઞાન-દર્શનમાં, સ્થ = સ્થિત રહેવાવાળા અર્થાત્ જ્ઞાનાવરણ - દર્શનાવરણના સદ્ભાવમાં સ્થિત રહેવાવાળા.

સર્વ પ્રકારના કષાય ઉપશાંત થઈ જવાથી વર્તમાનમાં સર્વ રાગાદિના અભાવરૂપ વીતરાગતા પ્રગટ થતાં જ્ઞાનાવરણાદિકનો ક્ષયોપશમ હોવાથી છદ્મસ્થ, અલ્પજ્ઞ જ છે.

◈ સમ્યક્ત્વ :- દ્વિતીયોપશમ સમ્યક્ત્વ તથા ક્ષાયિક સમ્યક્ત્વ.

◈ ચારિત્ર :- ઔપશમિક યથાખ્યાત ચારિત્ર છે.

◈ કાળ :- ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત. આ ઉત્કૃષ્ટ કાળ બે ક્ષુદ્રભવ પ્રમાણ છે. મરણની અપેક્ષા જઘન્ય કાળ એક સમય છે.

◈ ગમનાગમન :- ઉપશાંતમોહ મુનિરાજના નિજશુદ્ધાત્મ- સન્મુખ પુરુષાર્થની અહીં સુધી જ પ્રગતિ કરવાની યોગ્યતા હોવાથી ઉપર ગમન નથી થતું.

નીચેની તરફ ગમન દસમા ગુણસ્થાનમાં થાય છે. મરણની અપેક્ષા ગમન ચોથા ગુણસ્થાનમાં પણ થાય છે.

અહીંયા ઉપશમક દસમા ગુણસ્થાનથી જ આગમન થાય છે.

◈ વિશેષતા :- ૧. અહીંયા ઈર્યાપથાસ્ત્રવ (સાતાવેદનીય ના) જ હોય છે, સાંપરાયિક આસ્ત્રવ નથી હોતો કારણ કે કષાય – નોકષાય પરિણામનો સર્વથા અભાવ છે. સૂક્ષ્મલોભરૂપ મોહનો અભાવ દસમા ગુણસ્થાનના અંત સમયમાં થયો છે.

૨. ઔપશમીક ભાવોનો સદ્ ભાવ અહીંયા (ઉપશાંત મોહ) સુધી જ હોય છે.

3. વીતરાગી શબ્દ આદિ-દીપક છે. અહીંથી ઉપરના બધાં ગુણસ્થાનવર્તી જીવ વીતરાગી જ હોય છે. આની નીચેના અર્થાત્ ચોથા ગુણસ્થાન થી દસમા સુધી બધાં ગુણસ્થાનવર્તી જીવ મિશ્ર (સરાગી + વીતરાગી) અને પહેલાથી ત્રીજા ગુણસ્થાન સુધી બધાં જીવ માત્ર સરાગી જ હોય છે.

અગિયારમા ગુણસ્થાનથી પતનના બે કારણ છે - કાળક્ષય અને ભવ (આયુ) ક્ષય, આયુક્ષયથી પડવાવાળો જીવ અક્રમથી ચોથા ગુણસ્થાનમાં જાય છે.

કાળક્ષયથી પતનના સમયે નીચે-નીચેના ગુણસ્થાનોની પ્રાપ્તિ ક્રમશ: છઠ્ઠા સુધી હોય છે. પછી અનેક માર્ગ છે. અગિયારમા ગુણસ્થાનના સંબંધમાં વિશેષ :

बहुरि या प्रकार संक्लेश-विशुद्धता के निमित्त करि उपशांत कषायतैं पड़ना-चढ़ना न हो, जातैं तहाँ परिणाम अव -विशुद्धता के निमित्त करि उपशांत कषायतैं पड़ना-चढ़ना न हो, जातैं तहाँ परिणाम अवस्थित विशुद्धता लिए वर्तै हैं ।

बहुरि तहाँ तैं जो पड़ना हो है, सो तिस गुणस्थान का काल पूरा भए पीछे नियम तैं उपशम काल का क्षय होई, तिसके निमित्त तैं हो है ।

विशुद्ध परिणामनि की हानि के निमित्त तैं तहाँ - (उपशांत मोह) तैं नाहीं पड़े वा अन्य कोई निमित्त तैं नाहीं पड़े है, ऐसा जानना ।

લબ્ધિસાર ગાથા 310ની સંસ્કૃત ટીકાની પંડિત પ્રવર ટોડરમલજી કૃત સમ્યક્ જ્ઞાનચંદ્રિકાની ભાષા ટીકામાંથી.

**********

(૧૨)

# ક્ષીણમોહ ગુણસ્થાન

આચાર્યશ્રી નેમિચંદ્રદેવે ગોમ્મટસાર જીવકાંડ ગાથા - ૬૨માં ક્ષીણમોહ ગુણસ્થાનની પરિભાષા આ પ્રમાણે આપેલ છે :-

णिस्सेसखीणमोहो, फलिहामलभायणुदयसमचित्तो ।
खीणकसायो भण्णदि, णिग्गंथो वीयरायेहिं ।।

સ્ફટિકમણિના પાત્રમાં રાખેલા નિર્મળ જળની સમાન સંપૂર્ણ કષાયોના ક્ષયના સમયે થવાવાળા જીવના અત્યંત નિર્મળ વીતરાગી પરિણામોને ક્ષીણમોહ ગુણસ્થાન કહે છે.

◈ અન્ય નામ :- આનું બીજું નામ ક્ષીણ-કષાય ગુણસ્થાન તથા પૂર્ણ નામ ક્ષીણ-કષાય-વીતરાગ- છદ્મસ્થ ગુણસ્થાન છે.

◈ ક્ષીણ-કષાય વીતરાગ- છદ્મસ્થ સંબંધી સ્પષ્ટીકરણ :-

◈ શબ્દાર્થ :- ક્ષીણ = નાશ, નષ્ટ. કષાય = રાગ – દ્વેષ - મોહ / વિકારી પરિણામ, વીતરાગ = રાગ-દ્વેષ આદિ સર્વ વિકારોથી રહિત અત્યંત નિર્મળ દશા, છદ્મસ્થ = જ્ઞાનાવરણાદિના સદ્ભાવમાં વિદ્યમાન અલ્પ જ્ઞાન-દર્શનમાં સ્થિત.

સર્વ કષાયોના ક્ષયના સમયે પૂર્ણ નિર્મળ વીતરાગદશા પ્રગટ થઈ જવા છતાં જ્ઞાનાવરણાદિ કર્મોનો ક્ષયોપશમ હોવાથી ક્ષીણમોહ મહામુનિરાજ છદ્મસ્થ અર્થાત્ અલ્પજ્ઞ જ છે.

◈ સમ્યકત્વ :- ક્ષાયિક સમ્યક્ત્વ. બીજા કોઈ સમ્યકત્વ માટે અહીંયા કોઈ અવકાશ નથી.

◈ ચારિત્ર :- ક્ષાયિક યથાખ્યાત ચારિત્ર, કારણ કે મોહ પરિણામનો સર્વથા ક્ષય / નાશ, અભાવ થઈ ગયો છે.

◈ કાળ :- અંતર્મુહૂર્ત. આ અંતર્મુહૂર્ત કાળ ચાર ક્ષુદ્રભવ પ્રમાણ છે.

◈ ગમનાગમન :- અહીંથી ગમન એકમાત્ર તેરમા ગુણસ્થાને જ થાય છે. અહીં આગમન ક્ષપક દસમા ગુણસ્થાનથી જ થાય છે. અહીંયા આગમન ક્ષપક દસમા ગુણસ્થાનથી જ થાય છે.

◈ વિશેષતા :- ૧. માત્ર સાતા વેદનીયનો ઈર્યાપથાસ્ત્રવ જ થાય છે.

૨. આના અંતિમ સમયમાં ત્રણ ઘાતીયા કર્મોનો ક્ષય થાય છે.

3. ઔદારિક શરીરધારી છદ્મસ્થ જીવોના શરીરમાં નિરંતર અનંત નિગોદીયા જીવ વિદ્યમાન હોય છે, પરંતુ ક્ષીણ-કષાય છદ્મસ્થ જીવના પ્રથમ સમયથી જ પ્રતિ સમય બાદર નિગોદીયા જીવનું નીકળવું શરૂ થાય છે. આના અંત સમયમાં બધા બાદર નિગોદીયા જીવોના અભાવથી અનંતરસમયવર્તી તેરમા ગુણસ્થાનના પહેલા સમયમાં જીવ પરમૌદારિક શરીરધારી થઈ જાય છે.

૪. ચોથા ગુણસ્થાનથી અહીં સુધીના બધાં જીવ "અંતરાત્મા" સંજ્ઞા પામે છે.

૫. "ક્ષીણમોહ" શબ્દ આદિ-દીપક છે. અહીંથી ઉપરના બધાં જીવ ક્ષીણમોહી જ છે. જેમ કે ક્ષીણમોહી સયોગકેવળી વગેરે.

૬. અહીંયા "છદ્મસ્થ" - શબ્દ અંત્ય દિપક છે. અહીં સુધીના બધાં ગુણસ્થાનવર્તી જીવ છદ્મસ્થ અર્થાત્ અલ્પજ્ઞ જ હોય છે.

૭. અહીંયા બારમા ગુણસ્થાનના પ્રથમ સમયમાં જ મુનિરાજ દ્રવ્ય તથા ભાવ ચારિત્રમોહનીયથી પણ રહિત હોય છે. માટે એમને મોહમુકત કહેવું યુક્તિ તથા શાસ્ત્રસમ્મત પણ છે.

◈ પ્રશ્ન :- બારમા ગુણસ્થાનમાં ક્ષીણમોહી થતાં જ સર્વજ્ઞ થઈ જવું જોઈતું હતું આમાં શું તકલીફ છે?

ઉત્તર :- જ્ઞાનાવરણાદિ ત્રણ ઘાતી કર્મોની સત્તા તથા ઉદય જ સર્વજ્ઞ થવામાં નિમિત્તરૂપમાં બાધક છે, કારણ કે દસમા ગુણસ્થાનમાં પણ રાગ પરિણામથી જ્ઞાનાવરણાદિનો બંધ થયો હતો. તથા પૂર્વકાળે બંધાયેલા કર્મોની પણ સત્તા છે, તેમનો ક્ષય થતાં જ કેવલજ્ઞાન થાય છે.

ત્રણ ઘાતિકર્મોના નાશ માટે અંતર્મુહૂર્ત સુધી એકત્વવિતર્ક - શુકલધ્યાન / શુદ્ધોપયોગનું હોવું જરૂરી છે.

મુનિરાજ વીતરાગ થયા પછી સર્વજ્ઞ થાય છે, એ સામાન્ય કથન છે અને પૂર્ણ વીતરાગ થવા છતાં પણ એક અંતર્મુહૂર્ત સુધી એકત્વવિતર્ક - શુકલધ્યાન / શુદ્ધોપયોગ કર્યા પછી જ ત્રણે ઘાતીકર્મોનો ક્ષય થવાથી મુનિરાજ સર્વજ્ઞ થાય છે, આ કથન (વાક્ય) વિશેષ તથા સૂક્ષ્મ છે.

(વિશેષ સ્પષ્ટીકરણ માટે પંચાસ્તિકાય ગાથા ૧૫૦-૧૫૧ની ટીકા જુઓ)

(૧૩)

# સયોગકેવળી ગુણસ્થાન

આચાર્યશ્રી નેમિચંદ્રદેવે ગોમ્મટસાર જીવકાંડ ગાથા - ૬૩-૬૪માં સયોગકેવળી ગુણસ્થાનની પરિભાષા આ પ્રમાણે આપેલ છે :-

केवलणाण दिवायरकिरणकलावप्पणासियण्णाणो ।
णवकेवललद्धुग्गम सुजणिय – परमप्पववएसो ।।
असहायणाणदंसणसहिओ, इदि केवली हु जोगेण ।
जुत्तोत्ति सजोगजिणो, अणाइणिहणारिसे उत्तो ।।

ઘાતિ ચતુષ્ટયના ક્ષયના કાળમાં ઔદયિક અજ્ઞાનનાશક તથા અસહાય કેવળજ્ઞાનાદિ નવ લબ્ધિસહિત થવાથી પરમાત્મ સંજ્ઞાને પ્રાપ્ત જીવની યોગસહિત વીતરાગ દશાને સયોગકેવળી ગુણસ્થાન કહે છે.

◈ અન્ય નામ :- આના અરિહંત, અરહંત, અરૂહંત, કેવળી, પરમાત્મા, સયોગી જિન, સકલ પરમાત્મા, પરંજ્યોતિ વગેરે અનેક નામ છે.

◈ સમ્યકત્વ :- કેવળ ક્ષાયિક સમ્યકત્વ. અન્ય સમ્યકત્વનો તો અભાવ જ છે. ક્ષાયિક સમ્યકત્વ ને કેવળજ્ઞાનના નિમિત્તથી પરમાવગાઢ સમ્યકત્વ કહે છે.

◈ ચારિત્ર :- યથાખ્યાત ચારિત્ર, અન્ય ચારિત્રનો તો અભાવ જ છે.

◈ કાળ :- જઘન્યકાળ અંતર્મુહૂર્ત. ઉત્કૃષ્ટકાળ ગર્ભકાળ સહિત આઠ વર્ષ તથા આઠ અંતર્મુહૂર્ત ઓછું એક કોટિ પૂર્વ તથા મધ્યમકાળના બધા વિકલ્પ સંભવ (શકય) છે.

◈ ગમનાગમન :- અહીંથી ચૌદમા ગુણસ્થાનમાં જ ગમન થાય છે. બારમા ગુણસ્થાનથી જ અહીં આગમન થાય છે.

◈ વિશેષતા :- ૧. અહીં કેવળજ્ઞાન સંબંધિત ચારેય તરફ સુભિક્ષ, આકાશગમન, કવલાહારનો અભાવ આદિ અતિશય હોય છે.

૨. મનુષ્ય સામાન્યપણે, રોગ વગેરે અસાતાજન્ય બાધાઓ નથી હોતી.

3. સયોગ કેવળી જીવ અનેક પ્રકારના હોય છે. જેમ કે - તીર્થંકર કેવળી, મૂક કેવળી,

અંત:કૃત કેવળી, ઉપસર્ગ કેવળી, સામાન્ય કેવળી, સમુદ્દઘાત કેવળી વગેરે.

તીર્થંકર કેવળી પાંચ, ત્રણ, બે, કલ્યાણક સહિત પણ હોય છે. તીર્થંકરનો વિહાર કાળ જઘન્ય વર્ષ પૃથકત્વ તથા ઉત્કૃષ્ટ કાળ યોગ - નિરોધ કાળ વિના આયુ સમાપ્તિ સુધી હોય છે.

૪. ઈચ્છા રહિત ઉપદેશ એક માત્ર આ જ ગુણસ્થાનવર્તી તીર્થંકર આદિ કેવલીઓનો હોય છે. તે માટે સમવશરણ, ગંધકુટી વગેરે દેવકૃત વિશિષ્ટ વ્યવસ્થા અહીંયા જ હોય છે.

તિર્યંચ-મનુષ્ય તથા દેવગમ્ય દિવ્યધ્વનિ ૨૪ કલાકમાં ૬-૬ પ્રહર સુધી, ત્રણ કે ચાર વાર ખરે છે.

૫. અહીંયા ઇંદ્રિયાદિ પર નિમિત્ત નિરપેક્ષ - નિ:સહાય (સ્વયં પરિપૂર્ણ સમર્થ) ત્રિકાળવર્તી લોકાલોકને યુગપદ્ જાણવા - (દેખવા) જોવાવાળા કેવલજ્ઞાન, કેવળદર્શન હોય છે. આ બંનેનું પણ પરિણમન યુગપદ્ હોય છે.

૬. અહીંથી "પરમાત્મા" સંજ્ઞાની શરૂઆત થાય છે.

૭. સમ્યકત્વનાં આજ્ઞા આદિ દસ ભેદોમાંથી અહીં પરમાવગાઢ સમ્યકત્વ હોય છે. ક્ષાયિક સમ્યકત્વ ને જ કેવળજ્ઞાનના સદ્દભાવથી પરમાવગાઢ સમ્યકત્વ કહે છે.

૮. અહીં "સયોગ" શબ્દ અંત્ય-દીપક છે અહીં સુધીના બધાં જીવ યોગ સહિત છે. જેમ કે - સયોગ મિથ્યાત્વ. સયોગ સાસાદન સમ્યકત્વ વગેરે.

૯. "કેવળી" શબ્દ આદિ-દીપક છે. સર્વજ્ઞતા અહીં પ્રગટ થાય છે, અને સિદ્ધાવસ્થામાં અનંતકાળ સુધી રહે છે.

૧૦. સર્વ ઘાતિ કર્મોનો અભાવ થવાથી આને "જીવન મુક્ત" પણ કહે છે.

*************

(૧૪)

## અયોગકેવળી ગુણસ્થાન

આચાર્યશ્રી નેમિચંદ્રદેવે ગોમ્મટસાર જીવકાંડ ગાથા - ૬૫માં અયોગકેવળી ગુણસ્થાનની પરિભાષા આ પ્રમાણે આપેલ છે :-

सीलेसिं संपत्तो, णिरुद्धणिस्सेस आसवो जीवो ।
कम्मरयविप्पमुक्को, गयजोगो केवली होदि ।।

સંપૂર્ણ શીલના ઐશ્વર્યથી સંપન્ન, સર્વ આશ્રવ નિરોધક, કર્મબંધ રહિત જીવની યોગરહિત વીતરાગ સર્વજ્ઞદશાને અયોગકેવળી ગુણસ્થાન કહે છે.

◈ અન્ય નામ :- બીજું નામ સયોગી જિનને છોડીને પૂર્વોક્ત તેરમા ગુણસ્થાન પ્રમાણે બધાં નામોનો પ્રયોગ અહીં સંભવ છે.

◈ સમ્યકત્વ :- ક્ષાયિક સમ્યકત્વ અર્થાત્ પરમાવગાઢ સમ્યકત્વ.

◈ ચારિત્ર :- પરમ યથાખ્યાત ચારિત્ર.

◈ કાળ :- પાંચ હ્રસ્વ સ્વરો (અ, ઇ, ઉ, ઋ, ઌ,)નો ઉચ્ચારણ કાળ સુધી અર્થાત્ અંતર્મુહૂર્ત.

◈ ગમનાગમન :- અહીંથી સિદ્ધ દશા માટે જ ગમન થાય છે. તેરમા ગુણસ્થાનથી જ અહીં આગમન થાય છે.

◈ વિશેષતા :- ૧. અહીં ગુણસ્થાનના અંત સમયમાં બધાં કર્મોનો સર્વથા અભાવ થઈ જાય છે.

૨. યોગના અભાવને કારણે અહીં ઇર્યાપથાસ્રવ પણ નથી.

૩. મુનિનાં ૮૪ લાખ ઉત્તર ગુણ તથા શીલ સંબંધી અઢાર હજાર ભેદોની પૂર્ણતા પણ અહીંયા જ થઈ જાય છે.

૪. પૂર્ણ સંવર તથા પૂર્ણ નિર્જરા પણ અહીંયા જ હોય છે.

૫. અહીંયા "અયોગ" શબ્દ આદિ-દીપક છે. ઉપરની સિદ્ધ દશા આયોગરૂપ જ છે.

(ॐ)

# ગુણસ્થાનાતીત સિદ્ધ ભગવાન

આચાર્યશ્રી નેમિચંદ્રદેવે ગોમ્મટસાર જીવકાંડ ગાથા - ૬૮માં ગુણસ્થાનાતીત સિદ્ધ ભગવાનની પરિભાષા આ પ્રમાણે આપેલ છે :-

अट्ठविहकम्मवियला, सीदीभूदा णिरंजणा णिच्चा ।
अट्ठगुणा किदकिच्चा, लोयग्गणिवासिणो सिद्धा ।।

જ્ઞાનાવરણાદિ અષ્ટકર્મ રહિત, અનંતસુખામૃતસ્વાદી, પરમ શાંતિમય, મિથ્યાદર્શનાદિ સર્વવિકારરહિત, નિર્વિકાર, નિત્ય, સમ્યક્ત્વ આદિ આઠ પ્રધાનગુણયુકત, અનંત શુદ્ધ પર્યાયોથી સહિત, કૃતકૃત્ય, લોકાગ્રસ્થિત, વીતરાગી, સર્વજ્ઞ નિકલ પરમાત્માને સિદ્ધ ભગવાન કહે છે.

◈ અન્ય નામ :- એમને સિદ્ધ, પરમ શુદ્ધ, કાર્ય પરમાત્મા, લોકાગ્રવાસી, સંસારાતીત, નિરંજન, નિષ્કામ, સાધ્ય-પરમાત્મા, પરમસુખી, જ્ઞાનાકારી, ચિરવાસી વગેરે અનેક નામ છે. એમને દેહમુકત પણ કહે છે.

◈ સમ્યકત્વ :- ક્ષાયિક સમ્યકત્વ.

◈ ચારિત્ર :- પરમ યથાખ્યાત ચારિત્ર.

◈ કાળ :- સાદિ અનંત કાળ.

◈ ગમનાગમન :- ચૌદમા ગુણસ્થાનથી જ અહીં આગમન થાય છે. આગળ સદાકાળ ગમનાગમન રહિત છે.

◈ વિશેષતા :- ૧. જો કે અનંતાનંત સિદ્ધોના જ્ઞાનાદિ અનંતાનંત ગુણોની પ્રગટતામાં કિંચિતમાત્ર પણ અંતર નથી, છતાં પણ આકાર-વ્યંજન પર્યાયમાં અંતર હોય છે.

૨. ભૂતપ્રજ્ઞાપન નૈગમનયથી ક્ષેત્ર, કાળ, આદિ દ્વારા પણ આમાં ભેદ કરવામાં આવે છે. જેમ કે - વિદેહ ક્ષેત્રથી મુક્ત, ભરત ક્ષેત્રથી મુક્ત વગેરે.

3. આ સિદ્ધ પરમેષ્ઠી પરંપરાએ દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ ત્રણે ય કર્મમળોથી રહિત છે.

૪. સિદ્ધ-દશાની પ્રગટતા મનુષ્ય ક્ષેત્ર નિવાસના અંતિમ સમયમાં જ થાય છે. તત્કાળ જ ઋજુગતિથી ગમન કરી સિદ્ધશિલા ઉપર લોકાગ્રે જઇ અનંત - અનંત કાળ ત્યાં જ સ્થિરરૂપે બિરાજમાન રહે છે.

૫. આત્મગુણોની પરિપૂર્ણ શુદ્ધિમય, વિકાસમય આ જ દશા છે.

(ॐ)

## ગુણસ્થાનો થી ગમનાગમન

मिथ्या मारग चारि, तीनि चउ पाँच सात भनि ।
दुतिय एक मिथ्यात, तृतीय चौथा पहला गनि ।।१।।

अव्रत मारग पाँच, तीनि दो एक सात पन ।
पंचम पंच सुसात, चार तिय दोय एक भन ।।२।।

छट्ठे षट् इक पंचम अधिक, सात आठ नव दस सुनो ।
तिय अध उरध चौथे मरन, ग्यारह बार बिन दो मुनो ।।३।।

– पण्डित द्यानतरायजी : चरचा शतक, छन्द – ४४

આ છંદનો ભાવાર્થ આ પ્રમાણે છે.

૧. પહેલા ગુણસ્થાનથી ઉપર ગમનના ચાર માર્ગ છે. ત્રીજા, ચોથા, પાંચમા અને સાતમા ગુણસ્થાનોમાંથી કોઈપણ એક ગુણસ્થાનમાં ગમન થઈ શકે છે.

૨. સાસાદન ગુણસ્થાનથી નીચેની તરફ ગમનનો એક જ માર્ગ છે, પહેલા ગુણસ્થાનમાં. સાસાદન થી ગમન એક માત્ર - મિથ્યાત્વમાં જ થાય છે.

3. ત્રીજા મિશ્ર ગુણસ્થાનથી ગમન માટે કુલ બે માર્ગ છે. ઉપરની તરફ ચોથે તથા નીચેની તરફ પહેલામાં.

૪. ચોથા ગુણસ્થાનથી ગમનના પાંચ માર્ગ છે. ઉપરની તરફ પાંચમા અને સાતમામાં અને નીચેની તરફ ત્રીજા, બીજા અને પહેલામાં.

૫. પાંચમા ગુણસ્થાનથી પણ પાંચ માર્ગ છે. ઉપરની તરફ સાતમામાં તથા નીચેની તરફ ચોથા, ત્રીજા, બીજા અને પહેલામાં.

૬. છઠ્ઠા ગુણસ્થાનથી છ માર્ગ છે - ઉપરની તરફ સાતમા તથા નીચેની તરફ પાંચમા, ચોથા, ત્રીજા, બીજા અને પહેલા ગુણસ્થાનમાં.

૭. ઉપશમ શ્રેણીની સન્મુખ સાતમાથી ત્રણ માર્ગ છે - ઉપરની તરફ આઠમામાં, પતન સમયે નીચેની તરફ છઠ્ઠામાં અને મરણ થઈ જાય તો વિગ્રહ ગતિમાં ચોથામાં.

૮. ઉપશમ શ્રેણીવાળા આઠમાથી ત્રણ માર્ગ છે - ઉપરની તરફ નવમાં તથા નીચેની તરફ સાતમામાં અને મરણની અપેક્ષાએ ચોથામાં.

૯. ઉપશમ શ્રેણીવાળા નવમાથી ત્રણ માર્ગ છે - ઉપરની તરફ દસમામાં તથા નીચેની તરફ આઠમામાં અને મરણની અપેક્ષાએ ચોથામાં.

૧૦. ઉપશમ શ્રેણીવાળા દસમાથી ત્રણ માર્ગ છે - ઉપરની તરફ અગિયારમામાં તથા નીચેની તરફ નવમામાં અને મરણની અપેક્ષાએ ચોથામાં.

૧૧. અગિયારમામાં બે જ માર્ગ છે - નીચેની તરફ દસમામાં અને મરણની અપેક્ષાએ ચોથામાં.

(ॐ)

# વ્યવહારની વાસ્તવિકતા

અહીંયા વ્યવહારથી નર-નારકાદિ પર્યાયને જ જીવ કહ્યો, તેથી પર્યાયને જ જીવ નહીં માની લેતા. પર્યાય તો જીવ પુદ્ગલના સંયોગરૂપ છે. ત્યાં નિશ્ચયથી જીવદ્રવ્ય ભિન્ન છે, તેને જ જીવ માનવો. જીવના સંયોગથી શરીરાદિકને પણ ઉપચારથી જીવ કહ્યું તે તો કથનમાત્ર જ છે, પરમાર્થથી શરીરાદિક જીવ હોતા નથી- એમ જ શ્રદ્ધાન કરવું.

તથા અભેદ આત્મામાં જ્ઞાન-દર્શનાદિ ભેદ કર્યા, તો તેને ભેદરૂપ જ નહીં માની લેવું, કારણ કે ભેદ તો સમજાવવા માટે કરવામાં આવ્યા છે. (કર્યા છે). નિશ્ચયથી આત્મા અભેદ જ છે. તેને જ તો જીવ વસ્તુ માનવી. સંજ્ઞા-સંખ્યાદિથી ભેદ કહ્યા, તે કથનમાત્ર જ છે, પરમાર્થથી ભિન્ન-ભિન્ન છે નહીં - એવું જ શ્રદ્ધાન કરવું.

તથા પરદ્રવ્યનું નિમિત્ત હટાવવાની અપેક્ષાએ વ્રતશીલ – સંયમાદિકને મોક્ષમાર્ગ કહ્યો, તો તેને જ મોક્ષમાર્ગ નહીં માની લેતા, કારણ કે પરદ્રવ્યનું ગ્રહણ-ત્યાગ આત્માને હોય તો આત્મા પરદ્રવ્યનો કર્તા-હર્તા થઈ જાય. પરંતુ કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને આધીન છે નહીં, માટે આત્મા જે પોતાના ભાવ રાગાદિક છે, તેને છોડીને વીતરાગી થાય છે, માટે નિશ્ચયથી વીતરાગભાવ જ મોક્ષમાર્ગ છે. વીતરાગભાવોને અને વ્રતાદિકને કદાચિત્ કાર્ય – કારણપણું છે, માટે વ્રતાદિને મોક્ષમાર્ગ કહ્યું, તે કથનમાત્ર જ છે, પરમાર્થથી બાહ્યક્રિયા મોક્ષમાર્ગ નથી - એવું જ શ્રદ્ધાન કરવું (કરજો).

- મોક્ષમાર્ગ પ્રકાશક, પાનું ૨૫૨.

(ૐ)

# પવિત્રતા પ્રાપ્ત કરવાનો ઉપાય

સ્વભાવથી તો બધા આત્માઓ પરમપવિત્ર જ છે, વિકૃતિ માત્ર પર્યાયમાં છે. પરંતુ જ્યારે પર્યાય પરમપવિત્ર આત્મસ્વભાવનો આશ્રય લે છે ત્યારે તે પણ પવિત્ર થઈ જાય છે.

પર્યાયના પવિત્ર થવાનો એક માત્ર ઉપાય પરમપવિત્ર આત્મસ્વભાવનો આશ્રય લેવો તે છે. 'પર' ના આશ્રયથી પર્યાયમાં અપવિત્રતા અને 'સ્વ'ના આશ્રયથી પવિત્રતા પ્રગટ થાય છે.

- ધર્મના દશલક્ષણ, પાનું- ૬૮

(ૐ)

# બંને નયોની સફળતા

જીવનું સ્વરૂપ બંને નયોથી બરાબર જાણવામાં આવે છે. માત્ર દ્રવ્યાર્થિકનય અથવા માત્ર પર્યાયાર્થિક નયથી જણાતું નથી, માટે બંને નયોનો ઉપદેશ ગ્રહણ કરવા યોગ્ય છે.

એકાંત દ્રવ્યને જ સ્વીકાર કરે અને પર્યાયને ન સ્વીકારે, તો પર્યાય વિના દ્રવ્યનો સ્વીકાર કોણે કર્યો? શેમાં કર્યો? અને માત્ર પર્યાયનો સ્વીકાર કરે, દ્રવ્યનો સ્વીકાર ન કરે તો પર્યાય ક્યાં દ્રષ્ટિ લગાવી એકાગ્ર થશે? માટે બંને નયોનો ઉપદેશ સ્વીકાર કરી દ્રવ્ય - પર્યાયની સંધિ કરવા યોગ્ય છે.

દ્રવ્ય - પર્યાયની સંધિનો અર્થ શું? પર્યાયને પૃથક્ (અલગ) કરીને લક્ષમાં ન લેતા, અંતર્મુખ કરીને દ્રવ્યની સાથે એકકાર કરવું અર્થાત્ દ્રવ્ય - પર્યાયના ભેદનો વિકલ્પ તોડીને એકતારૂપ નિર્વિકલ્પ - અનુભવ કરવો જ દ્રવ્ય - પર્યાયની સંધિ છે - આ જ બંને નયોની સફળતા છે.

પર્યાયને જાણતા થકા તેના જ વિકલ્પમાં અટકી જાય, તો તે નયની સફળતા નથી, તે જ રીતે દ્રવ્યને જાણતા થકા જો તેમાં એકાગ્રતા ન કરે તો તે પણ નયની સફળતા નથી. દ્રવ્ય – પર્યાય બંનેને જાણીને બંનેના વિકલ્પ તોડીને પર્યાયને દ્રવ્યમાં અંતર્લીન, અભેદ, એકાકાર કરીને અનુભવ કરવામાં જ બંને નયોની સફળતા છે.

- પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામી

(જ્ઞાનગોષ્ઠી, કવર પેજ – ૬)

(ૐ)

# પર્યાયની સ્વતંત્રતા

◈ પ્રશ્ન :- શાસ્ત્રમાં પર્યાયને અભૂતાર્થ શા માટે કહી છે? શું તેની સત્તા નથી?

ઉત્તર :- ત્રિકાળી સ્વભાવને મુખ્ય કરીને ભૂતાર્થ કહ્યું અને પર્યાયને અભૂતાર્થ કહી અર્થાત્ પર્યાય છે નહીં - એમ કહ્યું. ત્યાં પર્યાયને ગૌણ કરીને જ "નથી" એમ કહ્યું, પરંતુ એથી એમ ન સમજવું કે પર્યાય સર્વથા છે જ નહીં. એ જ રીતે સમ્યગ્દ્રષ્ટિને રાગ નથી દુ:ખ નથી - એમ કહ્યું, પરંતુ એથી એમ ન સમજવું કે વર્તમાન પર્યાયમાં રાગ– દુ:ખ સર્વથા છે જ નહીં. પર્યાયમાં જેટલો રાગ છે, તેટલું દુ:ખ પણ જરૂર છે. જ્યાં શાસ્ત્રમાં એમ કહ્યું છે કે સમ્યગ્દ્રષ્ટિને રાગ કે દુ:ખ નથી, તો તે તો દ્રષ્ટિની પ્રધાનતાથી કહ્યું પરતું પર્યાયમાં જેટલો આનંદ છે, તેને પણ જ્ઞાન જાણે છે અને જેટલો રાગ છે, તેટલું દુ:ખ પણ સાધકને છે, એમ જ્ઞાન જાણે છે. જો વર્તમાન પર્યાયમાં થવાવાળા રાગ તથા દુ:ખને જ્ઞાન ન જાણે ત્યારે તો ધારણા જ્ઞાનમાં પણ ભૂલ છે. સમ્યગ્દ્રષ્ટિનું દ્રષ્ટિનું જોર બતાવવા માટે એમ પણ કહ્યું કે તે નિરાસ્ત્રવ છે, પરંતુ જો આસ્ત્રવ સર્વથા ન હોય તો તો તે મુક્ત થઈ જવો જોઈએ.

કર્તા-કર્મ અધિકારમાં એમ કહ્યું છે કે સમ્યગ્દ્રષ્ટિને જે રાગ હોય છે તેનો કર્તા પુદ્ગલકર્મ છે, આત્મા તેનો કર્તા નથી, તથા પ્રવચનસારમાં એમ કહ્યું છે કે જ્ઞાનીને જે રાગ હોય છે તેનો કર્તા આત્મા છે, રાગનો અધિષ્ઠાતા આત્મા છે. છતાં પણ એકાંતે માને કે જ્ઞાની રાગનો- દુ:ખનો કર્તા-ભોક્તા નથી તો તે જીવ નયવિવક્ષા ન સમજવાને કારણે મિથ્યાદ્રષ્ટિ છે.

એક પર્યાય જેટલો પોતાને માનવું પણ મિથ્યાત્વ છે. તો પછી રાગને પોતાનો માનવો, શરીરને પોતાનું માનવું, માતા-પિતા ધનાદિને પોતાના માનવા એ તો મહાન મિથ્યાત્વ છે. આહાહા! પોતાને ઘણું બદલવું પડશે. અનેક પ્રકારની મિથ્યા માન્યતાઓને છોડીને જ આત્મ સન્મુખ થઈ શકશો.

- જ્ઞાનગોષ્ઠી, પાનું ૧૫૭-૧૫૮

(ૐ)

# પાત્રતા

'જે જીવ નિશ્ચયની ઉપાસના કરવા માટે કટિબદ્ધ થયો છે, તેની...

(૧) પરિણતિમાં પહેલાની અપેક્ષાએ વૈરાગ્યની અત્યંત વૃદ્ધિ થઈ જાય છે.

(૨) તેને દોષનો ભય હોય છે.

(3) અકષાય સ્વભાવને સાધવા માટે તત્પર થયો ત્યાં.

(૪) તેના કષાય શાંત થવા લાગ્યા.

(૫) તેની કોઈ પ્રવૃતિ કે આચરણ એવા નથી હોતા કે રાગાદિનું પોષણ કરે. પહેલા રાગાદિની મંદતા હતી, તેના બદલે હવે રાગાદિની તીવ્રતા થાય તો તે સ્વભાવની સાધનાની સમીપ (નજદીક) આવ્યો છે એમ શી રીતે કહેવાય?

(૬) એકલું જ્ઞાન-જ્ઞાન કરતાં રહે પરંતુ જ્ઞાનની સાથે રાગની મંદતા થવી જોઈએ.

(૭) ધર્માત્મા પ્રત્યે વિનય – બહુમાન – ભક્તિ - નમ્રતા - કોમળતા હોવી જોઈએ.

(૮) અન્ય સાધર્મીઓ પ્રત્યે અંતરમાં વાત્સલ્ય હોવું જોઈએ, વૈરાગ્ય હોવો જોઈએ.

(૯) શાસ્ત્રભ્યાસ આદિનો પ્રત્યન હોવો જોઈએ...

આવી રીતે ચારે બાજુથી બધા પક્ષોથી પાત્રતા લાવવી જોઈએ, ત્યારે યથાર્થ પરિણમન થાય છે. ખરેખર તો, સાક્ષાત્ સમાગમની બલિહારી છે, સત્સંગમાં તથા સંત-ધર્માત્માની છત્રછાયામાં રહીને તેમના પવિત્ર જીવનને દ્રષ્ટિ સમક્ષ ધ્યેયરૂપ રાખી, ચારે બાજુથી સર્વ પ્રકારે ઉદ્યમ કરી પોતાની પાત્રતાને પુષ્ટ કરવી જોઈએ.

- વચનામૃત સાર, પાનું ૧૧-૧૨

(ॐ)

# બંધમાં અબંધની અનુભૂતિ

બંધન ત્યાં સુધી બંધન છે. જ્યાં સુધી બંધનની અનુભૂતિ છે. જો કે પર્યાયમાં બંધન છે, છતાં પણ આત્મા તો અબંધ સ્વભાવી જ છે. અનાદિકાલથી આ અજ્ઞાની પ્રાણી અબંધ સ્વભાવને ભૂલીને બંધન પર કેન્દ્રિત થઈ રહ્યો છે.

વસ્તુત: બંધનની અનુભૂતિ જ બંધન છે. ખરેખર તો "હું બંધાયેલો છું" આ વિકલ્પથી આ જીવ બંધાયો છે. લૌકિક બંધન વધારે મજબૂત છે, વિકલ્પનું બંધન તૂટી જાય અને અબંધની અનુભૂતિ સઘન (મજબૂત) થઈ જાય તો બાહ્ય બંધન પણ સહજ તૂટી જાય છે.

બંધનના વિક્લ્પથી સ્મરણથી, મનનથી, દીનતા-હીનતાનો વિકાસ થાય છે. અબંધની અનુભૂતિથી, મનનથી, (શૂરવીરતા) ચિંતનથી શૌર્યનો વિકાસ થાય છે, પુરુષાર્થ સહજ જાગૃત થાય છે - પુરુષાર્થની જાગૃતિમાં બંધન કયાં?

◈ પ્રશ્ન :- બંધન હોવા છતાં બંધનની અસ્વીકૃતિ અને અબંધની સ્વીકૃતિ કેવી રીતે સંભવ (શકય) છે? બંધન છે, તેને તો ન માનવું અને 'અબંધ' નથી, તેને સ્વીકારવું એ કેવી રીતે સંભવ છે?

ઉત્તર :- સંભવ છે. સ્વીકારવું તો શકય છે જ, દ્રવ્યદ્રષ્ટિથી જોવા જઈએ તો વસ્તુ પણ તેવી જ છે. બંધન તો ઉપર જ છે, અંદર (અંતર)માં તો પૂરી વસ્તુ સ્વભાવથી અબંધ જ પડી છે. તેને તો કોઈએ સ્પર્શ જ નથી કર્યો. તે તો કોઈનાથી બંધાઈ જ નથી.

સ્વભાવમાં બંધન નથી - આનો સ્વીકાર કરવા માત્રની વાર છે કે પર્યાયના બંધન પણ તૂટવા લાગે છે. સ્વતંત્રતાની પ્રબળતમ અનુભૂતિ બંધનના કાળમાં શકય છે, કારણ કે અંતરમાં સ્વતંત્ર તત્વ વિદ્યમાન છે. પર્યાયના બંધન કાપવામાં પણ તે જ સમર્થ કારણ છે.

- તીર્થંકર મહાવીર અને તેમનું

સર્વોદય તીર્થ, પાનું ૫૭-૫૮.

(ॐ)

# દ્રષ્ટિનો વિષય

◈ પ્રશ્ન :- ધ્રુવ સ્વભાવની સાથે નિર્મળ પર્યાયને અભેદ કરીને દ્રષ્ટિનો વિષય માનવામાં શું તકલીફ છે?

ઉત્તર :- ધ્રુવ સ્વભાવની સાથે નિર્મળ પર્યાયને એકમેક કરવાથી દ્રષ્ટિનો વિષય થાય છે. - એવું માનવાવાળા વ્યવહારથી નિશ્ચય થાય એમ માનવાવાળાની જેમ જ મિથ્યાદ્રષ્ટિ છે, તેઓનું જોર પર્યાય ઉપર છે. ધ્રુવ સ્વભાવ ઉપર નહીં.

સમ્યગ્દર્શનના વિષયમાં દ્રવ્યની સાથે ઉત્પાદરૂપ નિર્મળ પર્યાયને સાથે લેવાથી તે નિશ્ચયનયનો વિષય ન રહીને પ્રમાણનો વિષય થઈ જાય છે. અને પ્રમાણ સ્વયં સદ્દભૂત વ્યવહારનયનો વિષય છે. નિશ્ચયનયનો વિષય અભેદ એકરૂપ દ્રવ્ય છે, પ્રમાણની જેમ ઉભય-અંશગ્રાહી નથી. જો પર્યાયને દ્રવ્યની સાથે એકમેક કરવામાં આવે તો નિશ્ચયનયનો વિષય જે ત્રિકાળી સામાન્ય છે તે નથી રહેતો, પરંતુ પ્રમાણનો વિષય થઈ જવાથી દ્રષ્ટિમાં ભૂલ છે, વિપરીતતા છે.

અનિત્ય નિત્યને જાણે છે, પર્યાય દ્રવ્યને જાણે છે,પર્યાયરૂપ વ્યવહાર નિશ્ચયરૂપ ધ્રુવદ્રવ્યને જાણે છે, ભેદ-અભેદ દ્રવ્યને જાણે છે, પર્યાયને જાણવાવાળી અર્થાત્ વિષયી છે અને ત્રિકાળી ધ્રુવદ્રવ્ય જાણવાવાળી પર્યાયનો વિષય છે. જો દ્રવ્યની સાથે નિર્મળ પર્યાયને ભેળવી નિશ્ચયનયનો વિષય કહેવામાં આવે તો વિષય કરવાવાળી પર્યાય તો કંઈ ભિન્ન ન રહી. તેથી પર્યાયને વિષયકર્તાના રૂપમાં દ્રવ્યથી ભિન્ન લેવામાં આવે ત્યારે વિષય-વિષયી બે ભાવ સિદ્ધ થઈ શકે છે, આનાથી વિપરીત (અન્યથા) માનવાથી મહાવિપરીતતા થાય છે.

શ્રુતજ્ઞાનની પર્યાય તે પ્રમાણજ્ઞાન છે. પ્રમાણજ્ઞાન સ્વયં પર્યાય હોવાથી વ્યવહાર છે. વીતરાગી પર્યાય સ્વયં વ્યવહાર છે, પરંતુ તેણે ત્રિકાળી દ્રવ્યરૂપ નિશ્ચયનો આશ્રય લીધો હોવાથી વ્યવહાર જ છે.

શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. પરનો લક્ષ છોડી, રાગનું લક્ષ છોડીને, ત્રિકાળી દ્રવ્યનું લક્ષ કરે ત્યારે વીતરાગતા પ્રગટ થાય છે. જો ત્રિકાળી દ્રવ્યરૂપ ધ્યેયમાં પર્યાયને સાથે લઈએ તો એ વાત નથી રહેતી.

- આત્મધર્મ, 1 જાન્યુ. 1977,

પાનું - ૨૪ – ૨૫.

:::::::::::::::: સમાપ્ત ::::::::::::::::

ફાઇનલ ૫ મું : ૧ – ૨ આખી ફાઇલ : જિનલબેન : તા. ૧૫-૧-૨૦૨૧